# જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ

## જાગૃતિ સંદેશ

૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭. ફોનઃ ૬૬૯૭૩૦૩૮/૬૫૭૨૬૬૩૬

www.jainjagruti.com
www.jainjagruticentre.com
www.jainjagruticentre.org

માનદ્ તંત્રી : **શ્રી રમેશ એમ. સંઘવી**
સહતંત્રી : **શ્રી અશોક એ. શાહ**



### કૅબિનેટ કમિટી

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| આઈ.પી.ચૅરમૅન | : શ્રી કિરણ એચ. શાહ |
| ફાઉન્ડર ચૅરમૅન | : શ્રી ચીમનલાલ એસ. ગોસલિયા |
| વાઈસ ચૅરમૅન | : શ્રી રમેશ જે. મોરબિયા |
| | શ્રી પ્રફુલ્લ એમ. શાહ |
| સેક્રેટરી જનરલ | : શ્રી સંજય બી. શાહ |
| સેક્રેટરી | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| | શ્રી કિશોર એસ. શેઠ |
| | શ્રી કીર્તિ પી. સખપરા |
| ડેવલપમેંટ સેક્રેટરી | : શ્રી જયંતીલાલ કે. છાડવા |
| ખજાનચી | : શ્રી અનિલ જી. દોશી |
| તંત્રી | : શ્રી રમેશ એમ. સંઘવી |

### જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ-કમિટી

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી કિશોર એન. શાહ |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન | : શ્રી કિરણ એચ. શાહ |
| વાઈસ ચૅરમૅન | : શ્રી ચંદ્રવદન આર. શાહ |
| વાઈસ ચૅરમૅન | : શ્રી રમેશ જે. મોરબિયા |
| સેક્રેટરી | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| સેક્રેટરી | : શ્રી સંજય બી. શાહ |
| જો. સેક્રેટરી | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| ખજાનચી | : શ્રી હસમુખ કે. દેઢિયા |
| સહખજાનચી | : શ્રી કિશોર એસ. શેઠ |

**: ટ્રસ્ટીઓ :**

| | |
|---|---|
| શ્રી દીપચંદ એસ. ગાર્ડી | શ્રી પ્રવીણ જી. શાહ |
| શ્રી કમલેશ સી. શાહ | શ્રી હર્ષદ જે. ગાંધી |
| શ્રી રાજેશ સી. ગાંધી | શ્રી નીતિન એમ. સંઘવી |
| શ્રી રસિક એન. કોઠારી | શ્રી જયંતીલાલ કે. છાડવા |
| શ્રી શૈલેશ ડી. શાહ | શ્રી અનિલ જી. દોશી |
| શ્રી રાજેષ આર. ભણસાલી | શ્રી રમેશ એમ. સંઘવી |

- પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચારો લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.
- કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.



છૂટક મૂલ્ય રૂા.૫/-  વાર્ષિક લવાજમ રૂા.૪૦/-


## Message From The CHAIRMAN.....



**પ્રિય સ્નેહાળ સભ્યો,**

જય જિનેન્દ્ર,

આપણા માટે પર્વોમાં ઉત્તમ પર્યુષણ નજીક આવી ગયાં છે. આપણે બધા જ ધર્મમાં અભિપ્રેત થઈ નાની-મોટી તપસ્યા દરેકના ઘરમાં શરૂ થઈ ગઈ છે. આપણા હૃદયમાં ધાર્મિકતાનાં પૂર ઊમટ્યાં છે. માનવ તરીકે જનમ્યા તે આપણા ખુશનસીબ છે. તેમાંય ભારતમાં જનમ્યા છે તે સદ્‌ભાગ્ય છે અને તેથી પણ વિશેષ, જૈન કુળમાં જન્મ થયો એ તો આપણો પુણ્યોદય જ છે એમ કહેવાય છે કે જૈન કુળમાં જન્મ્યા પછી સ્વર્ગ-દીવો બળે એટલે જ દૂર છે, પણ જો જીવન ક્ષુલ્લક ભૌતિકતામાં વેડફી ન નાખીયે તો. દરેક તપસ્વીને શુભેચ્છા પાઠવું છું કે તેમની તપસ્યા શાતાપૂર્વક પૂરી થાય.

સંવત્સરીના દિવસે પ્રતિક્રમણ કરતાં હું તમને દરેકને 'મિચ્છા મિ દુક્કડમ' કરું છું. આપણે જેજેસીના માધ્યમથી છેલ્લાં ૩૦ વર્ષથી કામ કરી રહ્યા છીએ. સંભવ છે કે ક્યારેક વિચારભેદ થયા હોય, એકબીજાનો દુઃખ લાગ્યું હોય, પણ જગતના કોઈ જ ધર્મોમાં નહીં આલેખાયેલું પર્વ 'ક્ષમાપના' આપણી પાસે છે. મન-વચન-કાયાથી આપ સૌને મિચ્છા મિ દુક્કડમ.

છેલ્લા મહિનાના **Flash Back** માં જઈએ તો જેજેસીના જમા પક્ષે જેજેસી-લે.વિં. કલાનગરી (તા. ૨૪-૭-૨૦૧૧), જેજેસી સીમંધર રાજકોટ (તા. ૩૧-૭-૨૦૧૧)નો પરિવારમાં પ્રવેશ, જેજેસી-કલાનગરીનો બર્થ ડે તથા જૈન સંસ્કૃતિને ઉજાગર કરતો જેજેસી-રાજાવાડીનો ટેલેન્ટ શો છે. દરેકના રિપોર્ટ આ અંકમાં અન્યત્ર છપાયેલા છે.

આજે ૧૫ ઑગસ્ટ. બ્રિટિશ ધુરામાંથી નીકળી ભારત સ્વતંત્ર થયું તેને ૬૪ વર્ષ પૂરાં થયાં. સ્વતંત્રતા મળી એટલે સ્વરાજ્ય મળ્યું અને સુરાજ્ય તરફની આપણી મુસાફરી શરૂ થઈ. પ્રશ્ન એ છે કે આપણે સુરાજ્ય બનાવી શક્યા છીએ? કે કુરાજ્ય તરફ અધોગતિ કરી રહ્યા છીએ?

કોઈ પણ મુલક સ્વતંત્ર થાય એટલે સ્વતંત્રતા માટે ચાલેલી ચળવળ જો એ હિંસક હોય તો એની By Product તરીકે સરમુખત્યાર અને તેના ટેકેદારો કબજો લે અને લોહિયાળ ક્રાંતિ આવે. જો ભારત જેવી અહિંસક ચળવળ હોય તો તેની By Product તરીકે પ્રજાવત્સલ સેવકો હોય.

આપણી કમનસીબી એ છે કે શરૂઆતનાં વર્ષોના પ્રજાસેવકો ધીમેધીમે ભ્રષ્ટાચારી રાજદ્વારીઓમાં ફેરવાઈ જઈ એમની જબરજસ્ત જમાત ઊભી થઈ ગઈ, જેમણે દેશની હાલત બ્રિટિશરો કરતાં પણ વધારે બદતર કરી નાખી. છતાંય આશ્વાસન એ વાતનું છે કે પ્રજાની સંસ્કૃતિ અને સંસ્કારિતા હજી થોડા ઘસારા સાથે પણ

અકબંધ છે અને મૂળ ખમીરી હજી જીવંત છે એટલે હજી થોડી ક્રાંતિ સાથે ભારત દુનિયાનો એક સર્વશ્રેષ્ઠ દેશ બની શકે-બની જશે.

ભારતની પ્રજાના પુણ્યપ્રતાપે થોડા થોડા સમયે કોઇ ને કોઇ ક્રાંતિવીર સંત મળી રહે છે. ભ્રષ્ટાચારથી ખદબદતા આપણા દેશને સદાચારનો રસ્તો ચીંધનાર કોઇકની જરૂર હતી. કદાચ દેશને અત્યારે ગાંધીવાદી મૂલ્યોનું જતન કરનાર અણ્ણાસાહેબ હઝારે પર આશા છે. આવતી કાલથી તેમનું અહિંસક ક્રાંતિકારી પગલું શરૂ થાય છે. એવું લાગે છે કે ભ્રષ્ટ રાજકારણીઓથી ત્રાસી ગયેલી પ્રજા તેમને અસાધારણ ટેકો આપશે. મને તો લાગે છે કે સાંપ્રત પ્રવાહથી અળગો રહેનારો યુવા વર્ગ પણ આ વખતે જરૂરથી બહાર પડશે.

ગાંધીજી કરતાં અણ્ણાસાહેબ હઝારે માટે વધુ કપરાં ચઢાણ છે, કારણ ગાંધીજીને તો વિદેશી સત્તા સામે લડવાનું હતું જેમાં દેશના સર્વે નાગરિકોનો ટેકો મળી રહે, જ્યારે અણ્ણાસાહેબને દેશના જ વંઠી બાંધવો સાથે લડવાનું છે તેમાં ટેકો આપનારાના કેટલાય ભાગ પડી જાય, અસમતુલા ઊભી થાય અને સ્વાર્થ અને નિઃસ્વાર્થ વચ્ચે તુમૂલ ઘર્ષણ થાય. પ્રજાએ આ બધું સહન કરવા તૈયાર રહેવું પડશે. ભારતે ઘણાબધા અવરોધો, અડચણો હોવા છતાં તેને પાર કરી આ ૬૪ વર્ષ દરમિયાન ઘણી જ પ્રગતિ કરી છે, પણ તેનાં ફળ ભ્રષ્ટાચારીઓ ખાઇ ગયાં છે અને પ્રજા તો વિટંબણામાં જ રહી છે. મોંઘવારીએ ભરડો લીધો છે. તેણે પ્રજાની કેડ ભાંગી નાખી છે. ગરીબ વર્ગ મરવાના વાંકે જીવી રહ્યો છે. ગાંધીજીની સુરાજ્યની કલ્પના છિન્નભિન્ન થઇ ગઇ છે. ક્રાંતિની એક જ ચિનગારી કદાચ દાવાનળમાં ફેરવાઇ જાય ત્યારે તેમાં આપણે દાઝી ન જઇએ તેનો ખ્યાલ આપણા સમાજના મોભીઓએ રાખવાનો છે.

એક સંસ્થા તરીકે જૈન જાગૃતિ સેન્ટર હંમેશાં નૈતિક મૂલ્યોને ટેકો આપે જ છે. તે રીતે આપણે સૌ પક્ષાપક્ષીથી દૂર રહી લોકજાગૃતિના કોઇ પણ સત્ય આંદોલનનું જરૂરથી જતન કરીશું.

મને તો હજીય આશા છે કે સમયનું ચક્ર ફરી રહ્યું છે. ભારતનો Golden Age ફરી વાર આવી રહ્યો છે. બાકી જેનો સોનેરી યુગ છેલ્લાં ૧૨૫ વર્ષથી ચાલતો હતો તે કદાચ અસ્તાચલ તરફ જઇ રહ્યો છે. જગતમાં એક જબરદસ્ત આર્થિક આંધી આવી રહી છે.

પારકે પૈસે પરોપકાર કરતું અમેરિકા દેવાળું કાઢવાની રેખાની નજીક પહોંચી ગયું છે. તેના છાંટા જગતભરમાં પડવાના છે. જ્યારે એક તોતિંગ વૃક્ષ પડવાનાં ચિહ્નો બતાવતું હોય ત્યારે તેના છાંયડામાં મહાલતા સૌએ ચુપકીદીથી તેનાથી દૂર જતા રહેવું પડે નહીંતર ચગદાઇ જવાનો વારો આવે. જે દેશમાં ''ચાણક્ય'' જેવો મહાન કૌટિલ્ય જન્મેલો છે તે દેશમાં જ આજના નિર્માલ્ય રાજકારણીઓ પેદા થયા છે. તેમને દેશની જરાય ફિકર નથી તેથી તો ઊધઇ જેમ દેશને ફોલી ખાઇ રહ્યા છે. આ ભ્રષ્ટાચારીઓની શાન ઠેકાણે લાવવા અત્યારે ફલક પર 'અણ્ણા' નામના સિતારાનો ઉદય થયો છે. આપણી ફરજ છે કે ગાંધીજીએ મોકલેલા એ સિતારાનું તેજ જરા પણ ઝંખવાય નહીં અને તારક બની રહી. યુવા વર્ગનો આક્રોશ સપાટી પર આવી ગયો છે. જરૂરથી કાંઇક પરિણામ આવશે. દરરોજ ખૂલતા એક એકથી ચડિયાતા મેગા ભ્રષ્ટાચારના આંકડાથી વાઝ આવી ગયા છીએ. એક સમય એવો હતો કે મુંદ્રા ટીટીકેના ૩૨ કરોડના ગોટાળાથી દેશ હલી ગયો હતો, સંસદ ધ્રૂજી ગઇ હતી. આજે તો તેના પર કેટલાં બધાં મીંડાં ચડી ગયાં કે બોફોર્સકાંડને પણ આપણે માફ કરી દઇએ છીએ, પણ હવે એકેય 'કાંડ'ને આપણે નજરઅંદાજ નહીં કરીએ. આ બધા ભ્રષ્ટાચારી રાજકારણીઓ અને ઉદ્યોગપતિઓએ તેમણે એકઠી કરેલી સંપત્તિ ક્યાંક તો સલામત રાખી જ છે. દેશમાંથી એકાદ શૂરવીર ચતુર દૂરદર્શી ચાણક્ય પેદા થશે જ જે સિફતથી આ બધી સંપત્તિ ઉપરાંત બ્રિટિશરો ૧૫૦ વર્ષ દરમિયાન જે કાંઇ તેમના દેશમાં ખેંચી ગયા છે તે બધું પાછું દેશમાં લઇ આવશે જ. વો સુબહ અભી દૂર નહીં હૈ। ચાલો આપણે આશા રાખીએ. Be Positive! ફરી વાર એ પરિસ્થિતિ આવી રહી છે કે આપણે કોરસમાં ગાઇશું.

યહા ડાલ ડાલ પર
સોને કી ચિડિયા કરતી હૈ બસેરા
વો ભારત દેશ હૈ મેરા

કેળવણી ક્ષેત્રે આપણે ક્રાંતિકારી કાર્ય કરી રહ્યા છીએ. જેમાં સાધુ-સંતોના આશીર્વાદ અને શ્રેષ્ઠીઓ તથા આપણા સભ્યોનો સહકાર મળી રહ્યો છે. ગુજરાત-સૌરાષ્ટ્ર-કચ્છના વિદ્યાર્થીઓને હાડમારીભરી મુસાફરી કરી મુંબઇ ન આવવું પડે અને રહેવાની તકલીફો સહન ન કરવી પડે તે હેતુથી ૧૩મી ઑગસ્ટ, રવિવારના રોજ જેજેસીના પદાધિકારીઓ સ્વયં અમદાવાદ જઇને બધા જ અરજીકર્તા વિદ્યાર્થીઓને ત્યાં બોલાવી ઇન્ટરવ્યૂ લઇને ત્યાં ને ત્યાં જ ચેક આપી દીધા. ગુજરાતનાં સેન્ટરોના કારોબારી સભ્યો પણ કામમાં જોડાઇ ગયા. તેમનો પણ આભાર.

એક જ દિવસમાં કુલ ૧૭૫ જેટલા વિદ્યાર્થીઓનો ઇન્ટરવ્યુ લઇ લોન પાસ કરી જરૂરી વિધિ પતાવી, ચેક સુપરત કરી એક રેકર્ડ સ્થાપિત કરી દીધો. આ માટે હું મારી કમિટીના સર્વે સભ્યો ઉપરાંત ચૅરિટેબલ ટ્રસ્ટના પદાધિકારીઓનું અભિવાદન કરું છું.

જય હિન્દ

*લિ. જિતેન્દ્ર કોઠારી*
*ચૅરમૅનઃ જે.જે.સી. - સેન્ટ્રલ બોર્ડ*

# મનોરંજનની અટારીએથી

| જે.જે.સી. | | તારીખ | કાર્યક્રમ | |
|---|---|---|---|---|
| ● અમૃતનગર | : | ૦૬-૦૭-૧૧ | નાટક : 'સંસારની સેમિફાઈનલ' | ✉ |
| | | ૧૬-૦૭-૧૧ | નાટક : 'ગૉડ બ્લેસ યુ' | ✉ |
| | | ૩૧-૦૭-૧૧ | મૂવી : 'સિંઘમ' | ✉ |
| ● અંકલેશ્વર | : | ૨૩-૦૭-૧૧ | નાટક : 'સંસારની સેમિફાઈનલ' | ✉ |
| ● બીચ સાઈડ | : | ૨૪-૦૭-૧૧ | નાટક : 'સુખને સેવ કરો, દુઃખને ડિલીટ કરો' | ▲ |
| ● બોરીવલી | : | ૨૧-૦૭-૧૧ | 'જિંદગીનું X Factor' | ✉ |
| ● ચેન્નઈ | : | ૧૭-૦૭-૧૧ | મૂવી : 'જિંદગી ના મિલેગી દુબારા' | ✉ |
| ● ચેંબુર | : | ૨૨-૦૭-૧૧ | કચ્છી નાટક : 'કુટુંબ કમાલ તો જિંદગી ધમાલ' | ✉ |
| ● દહિસર | : | ૧૬-૦૭-૧૧ | નાટક : 'સંસારની સેમિફાઈનલ' | ✉ |
| ● દાદર | : | ૨૭-૦૭-૧૧ | નાટક : 'જિંદગીનું X Factor' | ✉ |
| ● ડાઉન ટાઉન | : | ૩૧-૦૭-૧૧ | ગીત-સંગીત-નૃત્ય : 'તારે જમી પર' (જન્મજાત ખોડખાંપણવાળાં બાળકોનો કાર્યક્રમ) | ✉ |
| ● જેમ્ જગડુશા | : | ૦૪-૦૭-૧૧ | નાટક : 'ગૉડ બ્લેસ યુ' | ✉ |
| | | ૧૧-૦૭-૧૧ | ગઝલ : 'પંકજ ઉધાસ' | ✉ |
| ● ગોલ્ડન ગારોડિયા | : | ૦૩-૦૭-૧૧ | મૂવી : બુઢ્ઢા હોગા તેરા બાપ' | ✉ |
| | | ૧૨-૦૭-૧૧ | નાટક : 'ગૉડ બ્લેસ યુ' | ✉ |
| | | ૨૩-૦૭-૧૧ | મૅજિક શો : 'K. Lalની માયાજાળ' | ✉ |
| | | ૩૦-૦૭-૧૧ | ઓરકેસ્ટ્રા : 'ગોલ્ડન ગ્રેટ — મહમદ રફી થીમ' | ✉ |
| ● જુહુ | : | ૦૭-૦૭-૧૧ | પ્રહસન : 'આનંદી બા ચાલ્યાં અમરેલીથી અમેરિકા' | ✉ |
| | | ૧૨-૦૭-૧૧ | નાટક : 'સુખને સેવ કરો, દુઃખને ડિલીટ કરો' | ✉ |
| | | ૧૩-૦૭-૧૧ | મૂવી : 'ચિલ્લર પાર્ટી' | ✉ |
| | | ૧૯-૦૭-૧૧ | નાટક : 'ગૉડ બ્લેસ યુ' | ✉ |
| | | ૨૦-૦૭-૧૧ | નાટક : 'જિંદગીનું X Factor' | ✉ |
| | | ૨૩-૦૭-૧૧ | મૂવી : 'સિંઘમ' | ✉ |
| | | ૨૮-૦૭-૧૧ | નાટક : 'દીકરો મારો લાજવાબ' | ✉ |
| ● જુહુ બીચ | : | ૧૭-૦૭-૧૧ | નાટક : 'સુખને સેવ કરો, દુઃખને ડિલીટ કરો' | ▲ |
| | | — | મૂવી : 'જિંદગી ના મિલેગી દુબારા' | ✉ |
| ● કલાનગરી | : | ૨૭-૦૭-૧૧ | નાટક : 'વાઈફ સારી તો લાઈફ સારી' | ✉ |

| | | | |
|---|---|---|---|
| • કાંદિવલી | : | ૧૩-૦૭-૧૧ નાટક : 'સુખને સેવ કરો, દુઃખને ડિલીટ કરો' | ✉ |
| | | ૨૬-૦૭-૧૧ મૂવી : 'સિંઘમ' | ✉ |
| • મલાડ | : | ૧૭-૦૭-૧૧ નાટક : 'સુખને સેવ કરો, દુઃખને ડિલીટ કરો' | ★ |
| • મુંબઈ | : | ૧૬-૦૭-૧૧ ગીત-સંગીત : 'Once Up On a Time in Mumbai City' | ✉ |
| | | ૧૭-૦૭-૧૧ મૂવી : 'જિંદગી ના મિલેગી દુબારા' | ✉ |
| • મુલુંડ | : | ૧૭-૦૭-૧૧ મૅજિક શો : 'K. Lalની માયાજાળ' | ✉ |
| • નવી મુંબઈ | : | ૧૪-૦૭-૧૧ ગીત-સંગીત : 'Once Up On a Time in Mumbai City' | ✉ |
| • નોર્થ ઈસ્ટ | : | ૦૮-૦૭-૧૧ નાટક : 'ગૉડ બ્લેસ યુ' | ✉ |
| | | ૧૧-૦૭-૧૧ ગઝલ : 'પંકજ ઉધાસ' | ✉ |
| • રાજાવાડી | : | ૧૭-૦૭-૧૧ મૂવી : 'જિંદગી ના મિલેગી દુબારા' | ✉ |
| | | ૨૪-૦૭-૧૧ મૂવી : 'સિંઘમ' | ✉ |
| | | ૨૫-૦૭-૧૧ ઑરકેસ્ટ્રા : 'બરસાત કી એક રાત' | ✉ |
| • સાયન-માટુંગા | : | ૧૧-૦૭-૧૧ મૅજિક શો : 'K. Lalની માયાજાળ' | ✉ |
| | | ૧૧-૦૭-૧૧ મૂવી : 'જિંદગી ના મિલેગી દુબારા' | ✉ |
| • શિવાજી પાર્ક | : | ૧૬-૦૭-૧૧ મૅજિક શો : 'K. Lalની માયાજાળ' | ✉ |
| • તારદેવ | : | ૦૨-૦૭-૧૧ પ્રહસન : 'મિસિસને માથે બેસાડી રાખો' | ✉ |
| | | ૦૩-૦૭-૧૧ મૂવી : 'બુઢ્ઢા હોગા તેરા બાપ' | ✉ |
| | | ૨૪-૦૭-૧૧ મૂવી : 'સિંઘમ' | ✉ |
| • વાશી | : | ૨૫-૦૭-૧૧ નાટક : '૧૦૨ નોટ આઉટ' | ✉ |

સંજ્ઞા : કાર્યક્રમ – જમણ સાથે ★ જમણ વિના (ડ્રાય) ✉ સ્નેક્સ ▲

# યાત્રા પ્રવાસ–પિકનિક સંપન્ન

| જે.જે.સી. | પ્રવાસ સ્થળ | દિનાંક | |
|---|---|---|---|
| ★ દાદર | સૂરજ વૉટર પાર્ક | રવિવાર, તા. ૧૭-૦૭-૨૦૧૧ | એકદિવસીય પિકનિક |
| ★ નાલાસોપારા | પંચતીર્થયાત્રા સાથે સાપુતારા | તા. ૩૦-૭-૨૦૧૧ અને તા. ૩૧-૭-૨૦૧૧ શનિવાર / રવિવાર | બેદિવસીય યાત્રા |

# આગામી પ્રવાસ

| જે.જે.સી. | પ્રવાસ સ્થળ | દિનાંક | |
|---|---|---|---|
| ★ વિલે પાર્લે | દુબઈ | શુક્રવાર, તા. ૨૩-૦૯-૨૦૧૧થી મંગળવાર, તા. ૨૭-૯-૨૦૧૧ | પાંચ દિવસીય પ્રવાસ |

# જેજેસીની આજકાલ

## જેજેસી-જુહુ

### સ્વાસ્થ્ય પરીક્ષણ

સરળતા, સાત્વિકતા અને સમતા, જીવનની આ અણમોલ સમૃદ્ધિને ક્ષુલ્લક, ભૌતિક સમૃદ્ધિ પાછળ આંધળી દોટ મૂકીને આપણે આપણા શરીરને મશીન બનાવી નાખ્યું છે. માનસિક શાંતિને કોરાણે મૂકીને સવારે ઊઠીને તુરત જ હાયવોયની તીવ્ર ગતિમાં રહન-ચયનની ક્રિયાઓ આટોપીએ છીએ. આની વિપરીત અસર આપણા સ્વાસ્થ્ય પર થાય છે. જ્યારે આપણને 'આપણી' જ પડી નથી તો આપણા પરિવારજનોની સંભાળ કોણ લે?

ના, પણ આ માન્યતા ખોટી છે. જેજેસીનાં દરેક સેન્ટર તેના આદરણીય સભ્યો અને તેમના પરિવારજનોની સુખ-શાંતિ-તંદુરસ્તીનું ધ્યાન રાખે જ છે. આપણે અવારનવાર વિવિધ સેન્ટરો દ્વારા યોજાતા મેડિકલ કૅમ્પ વિશે 'જાગૃતિ સંદેશ'માં વાંચીયે જ છીએ.

તાજેતરમાં જેજેસી-જુહુ દ્વારા તેના સભ્યો માટે સોમવાર, તા. ૨૦ જૂનથી ગુરુવાર, તા. ૩૦ જૂન દરમિયાન ડૉ. ક્રિશ્ના દેસાઈની અત્યાધુનિક લૅબોરેટરીમાં સ્વાસ્થ્ય નિદાન કૅમ્પનું આયોજન રાહત દરે કર્યું જે અન્વયે Blood Sugar, Lipid Profile, Kidney Profile, Lever Profile, Body Profile, વગેરે ટેસ્ટ માટે આયોજન કર્યું. ફક્ત સભ્ય માટે જ નહીં, પણ તેમની સાથે રહેતા પરિવારજનોને પણ આ લાભ આપ્યો.

*(રિપોર્ટ : શ્રી મુકેશ શાહ તથા શ્રી અશોક દોશી)*

## જેજેસી-રાજાવાડી

તા. ૯-૭-૨૦૧૧ ને શનિવારે સેન્ટરે એક રજવાડી (Rajwadi) ટેલન્ટ શો ''સંસ્કૃતિ'' આપી સભ્યોને ચકિત કરી દીધા. બુદ્ધિ, અભ્યાસ, ચાતુર્ય, રમતગમત કે કલા ક્ષેત્રે જે વ્યક્તિ વિશિષ્ટ હોય તેને ટેલન્ટ કહેવાય. આપણા જૈન જાગૃતિ સેન્ટરમાં આવાં ઘણાં ટેલન્ટ છે. ફક્ત તેમને શોધી તેમના ક્ષેત્રમાં તેમને પ્રોત્સાહન આપી આગળ ધપાવવાનું કાર્ય જેજેસી ઘણાં ક્ષેત્રમાં કરે છે, તેમાં ખાસ કરીને અભ્યાસ તથા કલા ક્ષેત્રને સ્પર્શે છે. અભ્યાસ (Education) ક્ષેત્રમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપી શિક્ષણના ઉચ્ચ સ્થાને દોરી જવાની પ્રવૃત્તિ તો જેજેસી-સેન્ટ્રલ બોર્ડ ખૂબ જ ધગશથી કરી રહ્યું છે. સાથે સાથે કેટલાંય સેન્ટરો સ્થાનિક લેવલે કલા ક્ષેત્રમાં તેમના સભ્યોને પ્રોત્સાહન આપવાનું કાર્ય કરે છે. જેજેસી-ચેમ્બુર, જુહુ બીચ-બીચ સાઈડ-સી સાઈડ, મહેસાણા, ડીસા, વાપી, સુરેન્દ્રનગર, નોર્થ ઈસ્ટ, રાજાવાડી, કાંદિવલી, મુંબઈ વગેરે (સરતચૂકથી  કોઈ નામ રહી ગયું હોય તો મિચ્છા મિ દુક્કડમ) ટેલન્ટ શો યોજીને સેન્ટરના સભ્યોમાંથી ટેલન્ટ શોધી કાઢે છે. આમાંથી જેજેસી-રાજાવાડીએ એક Out standing પરફોર્મન્સ આપ્યું.

આધુનિક યુગમાં ભણતર એ જ જીવનનું ભાથું છે તેવો ગુરુમંત્ર દરેક યુવક-યુવતી સમજી શક્યાં છે અને તેથી જ અભ્યાસમાં ગળાડૂબ થઈ જઈ સમાજથી વિમુખ થઈ ગયાં છે, કુટુંબપ્રેમથી, લાગણીઓથી વંચિત થઈ ગયાં છે અને પરિણામે છેલ્લે યોગ્ય જૈન સંસ્કારી જીવનસાથી મેળવવાનું કઠિન બની ગયું છે.

બીજી બાજુ ભણતર (ઉચ્ચ અભ્યાસ)ની તૃષામાં યુવાધન પરદેશ, ખાસ કરીને અમેરિકા-યુરોપ ઘસડાતું જાય છે. જ્યારે તકલાદી ભૌતિક વ્યવસ્થાના સાગરમાંથી એક બિંદુ પણ શાંતિનું-સંતોષનું ન પામી શકે ત્યારે તેમને સમજાય ભૌતિકતાની નિરર્થકતા અને વિદેશમાં વસતા આપણા જૈન બંધુઓ પ્રમાણમાં વધારે ધર્મભીરુ અને ધર્મપરાયણ હોય છે. તેઓને યાદ આવે વતનની સંસ્કારિતા - ધાર્મિકતા.

જેજેસી-રાજાવાડી આયોજિત આ ટેલન્ટ શો એક સબળ નૃત્યનાટિકા પુરવાર થયો, જેમાં ૬૦ જેટલા સેન્ટરના ટેલન્ટેડ કલાકારોએ ભાગ લીધો. Behind the stage બીજા ૨૦ જેટલા કસબીઓએ ભાગ લઈ Eventને ભવ્ય બનાવ્યો. કથાબીજ સેક્રેટરી શ્રી સુનીલ શાહનું છે. નાટિકાનો હીરો સંસ્કારી વાગદત્તાની તપાસમાં વિદેશથી આવે છે અને ઘણી ગડમથલ બાદ સંતોષ સાથે સફળતા પ્રાપ્ત કરે છે. સર્વેની વાહવાહ પામેલ આ કાર્યક્રમની સફળતાનું શ્રેય પ્રમુખ શ્રી મિનેષ શાહ જેજેસી-રાજાવાડી કારોબારી ટીમને આપે છે.

*(આંખે દેખ્યો અહેવાલ : આર્મેશકુમાર જૈન)*

## જેજેસી-માધાપુર

એજ્યુકેશનલ પ્રમોશનલ કાર્યક્રમ અંતર્ગત ૮૦૦૦ જેટલી નોટબુકનું રાહત દરે વિતરણ કરવામાં આવ્યું એમ શ્રી વિનેશ શાહ જણાવે છે.

## જેજેસી-ચેન્નઈ

એક ગેટ-ટુ-ગેધરના કાર્યક્રમમાં તા. ૨૪ જુલાઈ, રવિવારે May Flower ખાતે બધા જ પારિવારિક સભ્યોએ મળીને વિવિધ કાર્યક્રમો માણ્યા, ઉપરાંત સાથે ભોજન લીધું.

## જેજેસી-લે. વિ. માંડવી

રવિવાર, તા. ૧-૫-૨૦૧૧ના રોજ ગેટ-ટુ-ગેધરના કાર્યક્રમમાં રમતગમત, ડીનર તથા જનરલ બૉડી મિટિંગ, ગુરુવાર, તા. ૫-૫-૨૦૧૧ના રોજ સેવા મંડળના વાડામાં નાનાં ભૂલકાંની મુલાકાત અને ગોષ્ઠી અને શુક્રવાર, તા. ૧-૭-૨૦૧૧ના રોજ સેન્ટરની ૪૦ જેટલી બહેનોએ ધર્મયાત્રાનો લાભ લીધો, જેમાં ૭૨ જિનાલય અને રામવકેરાનો સમાવેશ કર્યો.

## જેજેસી-લે. વિ. સુરત

ઔર એક ઉમદા કાર્યક્રમ! જેવું વડીલોનું તેવું જ બાળકોનું. તરછોડાયેલા વડીલો અને બિછડાયેલાં બાળકો બન્નેની વેદના એકસરખી. તેઓની સંભાળ લેવી એવો પ્રભુનો આદેશ છે. મા-બાપ અને અન્ય સગાં-સંબંધી ન હોય કે મા-બાપે કોઈ કારણોસર છોડી દીધાં હોય તેવાં અનાથ બાળકોના જુવેન્ટાઈન હોમની મુલાકાત જેજેસી-લે. વિંગ સુરતની મહિલા સભ્યોએ પ્રમુખ શ્રીમતી મીનાબહેન શાહની આગેવાની હેઠળ લીધી. સાથે બાળકોને ગમતાં રમકડાં, ક્રિકેટ કિટ, બાસ્કેટબૉલ કિટ, કપડાં, મીઠાઈ વગેરેનું બાળકોમાં વિતરણ કર્યું. બાળકોએ પ્રાર્થનાગીત ગાયું. ખાસ તો બાળકો સાથે દિલની વાતો કરી પ્રોત્સાહિત કર્યાં. તેમનામાં Energy ભરી.

## જેજેસી - કોલકાતા

વાત એમ છે કે દરેક વર્ષે જાન્યુઆરી મહિનો આવે ને જેજેસી કોલકાતામાં કારોબારી સભ્યોના હૃદયમાં વસેલો શ્રવણ સળવળાટ કરવા માંડે. છેવટે તેઓ વડીલવંદનાના ઉપક્રમે વડીલોને એકાદ યાત્રા ન કરાવે ત્યાં સુધી શાંત ન થાય.

તેવી જ રીતે પ્રકૃતિ અને પરમાત્માની સુખદ્ અનુભૂતિ કરાવતી વર્ષાઋતુનાં વધામણાં દેતી, સોનેરી સૂર્યોદય અને સિંદૂરી સંધ્યાનું સ્થાન લેતી બંગાળના ઉપસાગરમાં ઉદ્‌ભવ પામતી વાદળીઓ કોલકાતા ફરવા નીકળે ત્યારે જેજેસી-કોલકાતાના સભ્યોનાં મનનો મોરલો નાચવા માંડે અને માગે એક સરસ ભીનાશથી છલકાતા અને લાગણીથી ધબકતા સ્થળે પિકનિક!

અને નીકળી પડ્યા સૌ સભ્યો સાગમટે બૉમ્બે શિવ સાગર તરફ પૂરો દિવસ રમત-ગમત-મોજ-મસ્તી-રસપ્રચુર ભોજનિયાં માણવા. બસ એક જ ધ્યેય : જીવનમાં ખડખડાટ હસી લેવું, એકાંત મળે તો રડી લેવું (વતનને યાદ કરતા), બહુ ઓછું આપ્યું છે પ્રભુએ જીવન, જીવી શકાય તેટલું મોજથી જીવી લેવું.

*રિપોર્ટ : શ્રી હરેશ અજમેરા-શ્રી અનંત શાહના પરિપત્ર પર આધારિત)*

## જેજેસી-તારદેવ

તા. ૧-૭-૨૦૧૧ના રોજ શૈક્ષણિક કાર્યક્રમ અન્વયે જરૂરતમંદ વિદ્યાર્થીઓને નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું.

તા. ૧૦-૭-૨૦૧૧ના રોજ દર વર્ષની માફક વરસાદમાં ભીંજાવા લોનાવલા ખાતે One Day Picnic કરી.

તા. ૩૧-૭-૨૦૧૧ના રોજ એક ધાર્મિક પ્રોગ્રામમાં શ્રી રૂપેશ વોરાના સ્તવનનો કાર્યક્રમ કે. સી. કૉલેજમાં માણ્યો.

## અનુકરણીય

જેજેસી-વાશીનાં સભ્ય શ્રીમતી ભાવનાબહેન દિનેશભાઈ મહેતાનું સોમવાર, તા. ૧૧-૭-૨૦૧૧ના રોજ દુ:ખદ અવસાન થયું. સેન્ટ્રલ બોર્ડ આ માટે દિલગીરી અનુભવે છે અને તેમના કુટુંબીજનોને આશ્વાસન પાઠવે છે. ભાવનાબહેનનો આત્મા ચીરશાંતિ પામે તેવી પ્રાર્થના કરે છે.

સ્વ. ભાવનાબહેનના કુટુંબીજનો-પતિ દિનેશભાઈ, બન્ને સુપુત્રીઓ, તેમનાં માતુશ્રી તથા ભાઈ, યુ.એસ.એ.માં રહેતા તેમના કાકા દરેક જણે ભાવનાબહેન જે તારીખે અરિહંતશરણ પામ્યાં (૧૧-૭-૨૦૧૧) તેટલી રકમનું અનુદાન ભાવનાબહેનના સ્મરણાર્થે જેજસી-એજ્યુકેશન અભિયાનમાં આપીને એક અનુકરણીય દાખલો બેસાડ્યો છે. પહેલાં પણ જણાવેલું તે પ્રમાણે આપણા જેજેસીના ૬૦૦૦૦ સભ્યોના પરિવારમાં સારા-નરસા પ્રસંગો બનતા રહે છે તે સમયે બધા જ યથાશક્તિ ખર્ચો કરતા હોય છે. નિવેદન છે કે ત્યારે આપણી સંસ્થા દ્વારા સ્તુત્ય અભિયાન-હાયર એજ્યુકેશન અભિયાનને યાદ કરે.

શ્રી દિનેશભાઈ મહેતા તથા તેમના કુટંબીજનો તરફથી રૂા. ૧૧,૭૧૧/-ના પાંચ ચેક (કુલ રૂા. ૫૮,૫૫૫) મળ્યા છે.

## જેજેસી-લે. વિ. અંકલેશ્વર



ઘરડાઘર-વૃદ્ધાશ્રમ સાંપ્રત સમયની અનિવાર્ય આવશ્યકતા છે કે અનિષ્ટ અભિશાપ? ત્રણ વર્ષ પહેલાં 'જાગૃતિ સંદેશ'માં આ વિશે ચર્ચા કરેલ. ઘણા જ સુજ્ઞ વાચકોએ અભિપ્રાય આપેલ જે જગ્યાના અભાવે આપી શકેલ નહીં. સંયુક્ત કુટુંબો ભાંગતાં ગયાં, મૂળભૂત સંસ્કારોનો લોપ થયો અને સંસ્કૃતિનો વિનિપાત સર્જાણો. મૂળ જીવનપદ્ધતિ અને આધુનિક જીવનપદ્ધતિ ટકરાણી અને કાળેક્રમે ઘરડા થતા માણસોની હાલત ખરાબ થઈ ગઈ.

યુરોપ-અમેરિકા જેવી Social Security અમલમાં મૂકીએ તે પહેલાં આજના વૃદ્ધ (Senior Citizen) લપેટમાં આવી ગયા છે. આજની 'સાસુ' જ્યારે યુવાન વહુ હતી ત્યારે તેમની સાસુ તરફથી Check મળતો અને આજે જ્યારે સાસુ બની છે ત્યારે વહુ તરફથી Check mate મળે છે. તે પેઢી તો બેહાલ થઈ ગઈ છે.

આ સંજોગોમાં સંતાનોથી તરછોડાયેલા, સમાજથી બહિષ્કૃત થયેલા, મનથી પડી ભાંગેલા, શરીરથી અશક્ત થઈ ગયેલા અને એકલતાથી ત્રાસી ગયેલા વૃદ્ધો જ્યાં લાચારીથી જિંદગી પસાર કરી મૃત્યુની રાહ જોઈ રહ્યા હોય તેવા સ્થળ એટલે કે વૃદ્ધાશ્રમની મુલાકાત માનવતા ખાતર પણ કોઈએ લીધી છે?

જેજેસી-લેડીઝ વિંગ અંકલેશ્વરની બહેનો નિયમિતરૂપે બાજુમાં આવેલ ઘરડાઘરની મુલાકાત લે છે. મારી જાણ પ્રમાણે વૃદ્ધો એકલાએકલા થાકી જાય છે ત્યારે કોઈ આવીને પૂછે કે ''બા (બાપુજી) કેમ છો?'' તો તેઓ હરખપદૂડા થઈ જાય છે. તેમનામાં નવી સ્ફૂર્તિ આવે છે. તેમને વાત કરવી છે, નાની નાની ફરિયાદ કરવી છે, જૂના અનુભવો કહેવા છે, પણ કોઈ જ સાંભળનાર નથી. તેમને જોઈએ છે કોઈક શ્રોતા, જે તેમની કથની સાંભળે. તેમની સમસ્યાને Share કરે. આ પણ એક પુણ્યનું જ કામ છે.

આ જેજેસી બહેનો પોતાની સાથે નાની-મોટી ભેટ લઈ ગયાં હતાં. જે કાર્યક્રમ હોટેલમાં કે હૉલમાં કરવો જોઈએ તે ત્યાં જઈને કર્યો.

કાર્યક્રમની રૂપરેખા આ પ્રમાણે હતી.

* નવકાર મંત્ર : વૃદ્ધાશ્રમના દરેક વડીલોએ ચિ. યશ્વિને સાથ આપ્યો.

* સ્તવન - મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું - આશ્રમમાં જ એક વડીલ માજીએ પઠન કર્યું.

* ગીતો અને ભજન : વૃદ્ધાશ્રમના રહેવાસી વૃદ્ધોએ ગાયાં અને બધાને મોહી લીધા.

* બધા જ સિનિયર સિટિઝનોએ તેમના જીવનના સારા-માઠા પ્રસંગોને યાદ કરી વાગોળ્યા અને આ રીતે હૃદય હળવા કર્યા.

* ગૅમ શો : બધા જ વડીલો ભાગ લઈ શકે તેવી રમતો રમાડી અને વિજેતાઓએ ઈનામો મેળવ્યાં ખુશી ખુશી! અને હારેલાને પનીશમેન્ટ!

ગીત - ભજન ગાવાનાં તોપણ હશી ખુશી!!

ભોજન : સૌને કૌટુંબિક પ્રેમ વરસાવી આગ્રહ કરીને જમાડ્યા અને પછી જ લેડીઝ વિંગની બહેનો જમી.

આશીર્વાદ :- આશીર્વાદની વેલ્યુ કેટલી બધી? અંદાજ કરી શકાય? અને સર્વત્ર આનંદ-આનંદ-આનંદ.

ખરેખર આવા પ્રોજેક્ટ બહેનો જ કરી શકે! અથવા તો બહેનોની પ્રેરણા! સેન્ટ્રલ બોર્ડ અભિવાદન કરે છે.

---


વગર દવાએ સરળ ઉપચારથી
રજવાડીઠાઠથી જીવવાની કળા

હાર્ટના બ્લોકજેસ ઓછા કરવા • કમર અને સાઈટીકાનો દુખાવો • સ્પોંડીલાઈસીસ • ઘુંટણનો દુખાવો • માઈગ્રેન • ડિપ્રેસન • વજન ઘટાડવૂ • અન્યરોગોના ઈલાજ માટેની સલાહ અને ઉપાયો કોઈપણ જાતની દવા આપ્યા વગર તેમજ આપ લો છો એ દવા બંધ કરાવ્યા વગર ફકત બાહરી ઉપચાર, કોઈપણ આડઅસર વગર, જોખમ વગર અને લાભકારી નીચેની અલટરનેટીવ થેરાપીને ઉપયોગ કરી • મેરીડીયન મસાજ થેરાપી એક્યુપ્રેસર થેરાપી • પાસ થેરાપી • બુંહાગ ઈન્સટ્રુમેન્ટ બધી મેરીડયનોલોજી પર આધારિત તેમજ નેચરોપેથી થેરાપીના નિષ્ણાત.

આપના ઘરે આવીને તપાસીને સચોટ ઈલાજ કરવામાં આવશે

Raajendra S. Shah (Sr. therapist) Matunga, Mumbai.
Mob.: 9820002953 • Tel.: 022-24121234

## Happy Birthday

દરેક સેન્ટર માટે સેન્ટરનો બર્થડે ખૂબ જ અનન્ય પ્રસંગ હોય છે. બર્થડે ઉજવણી દરેક સેન્ટર પોતાની થીમ સાથે કરતા હોય છે. ઉજવણીમાં ભાગ લેવા સેન્ટ્રલ બોર્ડ તથા ચૅરિટેબલ ટ્રસ્ટના પદાધિકારીઓને અને આજુબાજુના સેન્ટરના પ્રમુખોને આમંત્રણ આપતા હોય. આનો ચોખ્ખો ફાયદો એ છે કે અરસપરસની Fellowship મજબૂત બનતી હોય છે, નવા સંકલ્પ લેવાતા હોય છે, નવા નવા પ્રોજેક્ટ આકાર લેતા હોય છે. So keep on...

## જેજેસી-હૈદ્રાબાદ

### રક્તદાન તથા મેડિકલ ચેકઅપ કૅમ્પ

સેન્ટરે તેની ૧૫મી એનિવર્સરી (ચાર્ટર ડે) જરા જુદી રીતે ઊજવી. દરેક વર્ષે સભ્યો માટે કાંઇક અલગ જ મનોરંજન કાર્યક્રમ રાખે છે, પણ આ વર્ષે આંધ્રમાં રાજકીય અસ્થિરતાને (અલગ તેલંગણા ચળવળ) લઇને આઉટિંગ કરવાને બદલે In House કાર્યક્રમને પસંદગી આપી, પણ તેને લઇને એક ઉમદા-પવિત્ર કાર્ય થયું.

રવિવાર, તા. ૧૩મી માર્ચ, ૨૦૧૧ના દિવસે Blood Donation કૅમ્પ તથા સભ્યો માટે Free Meidcal Checkupનો કાર્યક્રમ રાખ્યો. Medical Checkup અન્વયે



કુલ આઠ પ્રકારના ટેસ્ટ કરવામાં આવ્યા. Heart-Eyes-Ear-Bone Density-Gynec-Cancer, General Health Checkup અને Dental ઉપરાંત ૬ પ્રકારના Pathological test (Free)ની સુવિધા કરવામાં આવી.

આ માટે Dr. Sudha Kiranની માનદ સેવા ઉપરાંત સર્વશ્રી કેતન મહેતા, હિતેશ મહેતા (Project Director), પ્રમેશ અજમેરા, પીયૂષ કોઠારી, મનોજ મહેતા અને ભાવેશ કામદારે ખૂબ જ જહેમત ઉઠાવી જેનો લાભ સેન્ટરના ૮૫% સભ્યોએ લીધો.

સેન્ટ્રલ બોર્ડમાંથી આ કાર્યક્રમને પ્રોત્સાહન આપવા વાઇસ ચૅરમૅન શ્રી પ્રફુલ્લ શાહ આવેલ. સભ્યોનો ઉત્સાહ જોઇને તેમણે કાર્યક્રમને વધારે Boost મળે તે માટે મુંબઇ મૅસેજ મોકલ્યો અને સૌના આશ્ચર્ય વચ્ચે ચૅરમૅન શ્રી જિતુભાઈ કોઠારી તથા સેક્રેટરી શ્રી પ્રફુલ્લ કામદાર તે જ દિવસે ઊડીને આવ્યા.

શ્રી જિતુભાઈએ આ સમયે ૧૪૪મી વારનું રક્તદાન કરી પ્રસંગને યાદગાર બનાવી દીધો. ૪૦ યુનિટ બ્લડની અપેક્ષા સામે ૬૭ યુનિટનું Donation થયું. જાણ ખાતર આ રક્ત NTR Blood Bank દ્વારા Thelessimiaથી પીડાતાં જરૂરતમંદ બાળકોને Freeમાં અપાય છે.

આવા પ્રસંગે મનોરંજન કાર્યક્રમને બદલે જનકલ્યાણનો કાર્યક્રમ કરવા બદલ દરેક સભ્યો આનંદિત થઇ ગયા.

*(રિપોર્ટ : શ્રી રાજેશ શાહ - પ્રમુખ દ્વારા મોકલાવેલ Email પર આધારિત સંક્ષિપ્તમાં)*

## જેજેસી-કલાનગરી વડોદરા



જોતજોતામાં ૧૬ વર્ષ પૂરાં થયાં અને ૧૭મો જન્મદિન રૂમઝૂમ કરતો આવી પહોંચ્યો. ૧૬ વર્ષનાં લેખાંજોખાં જોઇએ તો સરવૈયામાં ખાસ્સી ક્રેડિટ છે. ખૂબ જ Good કમાયું છે. સામાજિક અને મનોરંજક કાર્યક્રમો સભ્યોને પીરસી ઉપરાંત સમાજને Social Welfare કાર્યક્રમો આપી ઋણ ચૂકતે કરવાનું કાર્ય પણ દરેક વર્ષે મેગા યુવા-મેળા યોજીને કરે છે. યુવામેળાના આયોજનમાં તો માસ્ટરી મેળવી લીધી છે. શ્રી દિનેશ નાણાવટી આ માટે શ્રેય આપે છે તેમની કાર્યક્ષમ કારોબારીના Team Workને.

રવિવાર, તા. ૨૪-૦૬-૨૦૧૧ના રોજ સેન્ટરે તેમનો ચાર્ટર દિન ભવ્યતાથી વિવિધ કાર્યક્રમો યોજીને ઊજવ્યો.

૧) સામાજિક : જરૂરતમંદ અપંગ વ્યક્તિને તેના જીવનમાં કાંઇક નવીનતા, ઝડપ અને ખુશી પ્રાપ્ત કરી જીવન ઉન્નત

બને તે હેતુસર ત્રણ વ્યક્તિઓને (a) શારદાબહેન ભોગીલાલ શાહ (b) ગુણવંતબહેન અંબાલાલ શાહ તથા (c) બિપીનચંદ્ર સાંગાણ પરિવારના સૌજન્યથી ટ્રાઈસિકલ અર્પણ કરવામાં આવી.

**૨) સરસ્વતી સન્માન :** સેન્ટરના સભ્યોનાં ૧૨ બાળક જેઓ ધોરણ ૧૦ તથા ૧૨માની પરીક્ષામાં ઉચ્ચતમ ટકાવારી સાથે ઉત્તીર્ણ થયાં છે તેમનું સરસ્વતી સન્માન કરવામાં આવ્યું.

૩) સેન્ટરનાં બાળકો દ્વારા અવનવો રંગીલો-મોજીલો કાર્યક્રમ.

૪) સંગીતકાર અમિત શાહ તથા સેક્રેટરી શ્રી અભય ફડિયાના માર્ગદર્શનમાં જન્મથી લગ્ન સુધીના સમય પર બનાવેલ થીમ બેઈઝ કાર્યક્રમ એટલે સેન્ટરનાં જ ૩૫ જેટલાં બાળકો-ભાઈઓ અને બહેનોએ રજૂ કરેલ ટેલન્ટ કાર્યક્રમ.

૫) સ્વાદિષ્ટ જમણ સાથે પરિવાર દીઠ ૧ ભેટ.

૬) સૌથી અગત્યનું - જેજેસી કલાનગરીએ આ પ્રસંગે Return Gift તરીકે સેન્ટ્રલ બોર્ડની તાસકમાં એક અમૂલ્ય ભેટ ધરી : પરિવારનું ૧૩૯મું સેન્ટર જૈન જાગૃતિ સેન્ટર-લેડિઝ વિંગ કલાનગરી.

આ અંગેનો વિગતવાર રિપોર્ટ અન્યત્ર આપેલ છે.

આ સંપૂર્ણ કાર્યક્રમમાં વડોદરાનાં મહિલા મેયર શ્રીમતી જ્યોતિબહેન પંડ્યા ખાસ ઉપસ્થિત રહેલ.

*(રિપોર્ટ : શ્રી ભરત શાહ,*
*સેક્રેટરીના પરિપત્ર પર આધારિત)*

## જેજેસી - વિલે પાર્લે

બર્થડેની ઉજવણી સાથેસાથે હાયર એજ્યુકેશન અભિયાન ફંડની અપીલનો કાર્યક્રમ પણ કર્યો. તે પ્રસંગે એક યાદગાર રહી જાય તેવો ગીત-સંગીત અને નૃત્યનો કાર્યક્રમ રાખ્યો. ભાઈદાસ હૉલ ખાતે યોજાયેલા ઉત્સવમાં સેન્ટ્રલ બોર્ડ તથા ચૅરિટેબલ ટ્રસ્ટના હોદ્દેદારો ઉપરાંત આજુબાજુનાં સેન્ટરોના હોદ્દેદારો પધારેલ. અપીલના પ્રતિસાદમાં બહોળું ફંડ એકઠું થયું.

## જેજેસી - લેડીઝ વિંગ મહેસાણા

બુધવાર, તા. ૧૩-૦૭-૨૦૧૧ એટલે સેન્ટરનો ૧૫મો બર્થડે (ચાર્ટર-ડે). મહિલાઓના આ સેન્ટરે ચાર્ટર દિન ધાર્મિક ઉજવણીથી ઊજવ્યો. સ્નાત્રપૂજા, પ્રભુભક્તિની દાંડિયા-મંજીરા-ઢોલ-ખંજરી સાથે રમઝટ બોલાવી.

શ્રીમતી રાજશ્રીબહેન તરફથી પ્રભુને હીરાની અંગરચના કરવામાં આવી. કવર ડેકોરેટ કરવાની સ્પર્ધા રાખવામાં આવી. કુલ ૧૦૦ બહેનોએ ભાગ લીધો.

સતત બીજા વર્ષે પક્ષી પરબ અભિયાન અન્વયે જીવદયાનું ઉત્કૃષ્ટ કાર્ય સેન્ટરે કર્યું. ગ્રીષ્મઋતુ એટલે કાળઝાળ ગરમીની મોસમ. અબોલ પક્ષીને પણ પાણીની તરસ લાગે. કોની પાસે માગે?

પક્ષીઓને ઠંડું પાણી મળી રહે તે હેતુથી મહેસાણા તથા આજુબાજુના પંથકમાં સેન્ટર તરફથી ૪૦૦૦ જેટલાં માટીનાં કૂંડાંનું વિનામૂલ્યે વિતરણ કર્યું. ખૂબ જ સરસ પ્રોજેક્ટ!

સોમવાર, તા. ૪-૭-૨૦૧૧ના રોજ સેન્ટરના એક ગેટ-ટુ-ગેધરના કાર્યક્રમમાં નવા પ્રકારની 'રૂમઝૂમ અંતાક્ષરી'નું આયોજન-સંચાલન કરવામાં આવ્યું. ઈનામો આપવામાં આવ્યાં. ચૌવિહાર સાથેનો આ કાર્યક્રમ લગભગ ૮૫ બહેનોએ માણ્યો.

# અભિનંદન

## જેજેસી-લે. વિંગ મહેસાણા

પ્રમુખ શ્રીમતી કાશ્મીરા હરડેને કૉર્પોરેટ બન્યાં બાદ મહેસાણા જિલ્લા પોલીસ દ્વારા પોલીસ સહાયક સમિતિનાં સભ્ય બનાવવામાં આવ્યાં જે જેજેસી પરિવાર માટે ગૌરવપ્રદ છે.

## જેજેસી-માંડવી

માંડવીની દીકરી કુમારી ડોલીતા કિશોર શાહ મુંબઈની NMIMS યુનિવર્સિટીમાંથી Master of Pharmacy (QA)ની ફાઈનલ એક્ઝામમાં યુનિવર્સિટીમાં પ્રથમ આવીને Gold Medal અંકે કર્યો છે. ઉપરાંત Best Project Award મેળવીને જેજેસીનું ગૌરવ વધાર્યું છે. યાદ રહે કે તેણી જેજેસી હાયર એજ્યુકેશન અભિયાનની લાભાર્થી વિદ્યાર્થિની છે. આથી અભિયાનને પણ પ્રવેગ મળે છે. ડોલીતા, જેજેસી-સેન્ટ્રલ બોર્ડ તથા ચૅરિટેબલ ટ્રસ્ટ અભિનંદન પાઠવે છે.

## જેજેસી-ઉપલેટા

સેન્ટરના કારોબારી સભ્ય શ્રી ડૉ. ધવલ પી. મહેતા તથા ડૉ. રશ્મિ ડી. મહેતાની પુત્રી કુમારી હેત્વી મહેતાએ ભાસ્કર જિનિયસ સ્કૉલરશિપની પરીક્ષામાં ધોરણ ૩મા ગુજરાતમાં પ્રથમ સ્થાને આવીને જેજેસીનું ગૌરવ વધાર્યું. છે. જેજેસી-સેન્ટ્રલ બોર્ડનાં હેત્વીને ખૂબ અભિનંદન અને ભવિષ્યમાં ખૂબ આગળ વધ તેવી શુભેચ્છા.

# પુષ્પોદય

જેજેસીના ઉપવનમાં નિયમિત સમયાંતરે નવાં નવાં સુગંધી ફૂલ ઊગતાં જ રહે છે. દેખતે હી રહીયે, આગે ક્યા ક્યા રંગ ખીલતે હૈ! જુલાઈ મહિનામાં જ બે નવા આગંતુકોનું પરિવારમાં આગમન થયું. ચાલો, તેમને વધાવીએ.

## જેજેસી પરિવારના નવા આગંતુક

### જેજેસી-લે. વિં. કલાનગરી

જેજેસી પરિવારનું ૧૩૯ પુષ્પ એટલે કે જૈન જાગૃતિ સેન્ટર-લેડીઝ વિંગ કલાનગરીના ઉદ્‌ઘાટન પ્રસંગે રવિવાર, તા. ૨૪-૭-૨૦૧૧ના રોજ જેજેસી-સેન્ટ્રલ બોર્ડના ચૅરમૅન શ્રી જિતેન્દ્ર કોઠારીના શુભ હસ્તે નવા સેન્ટરના વરાયેલાં ફાઉન્ડર પ્રેસિડેન્ટ શ્રીમતી જ્યોતિબહેન દોશીને ચાર્ટર એનાયત કરવામાં આવ્યું. આ સમારંભ જેજેસી-કલાનગરીના ૧૭મા જન્મદિનની ઉજવણી સાથે સંયોજિત કરીને ભવ્યતાથી ઊજવવામાં આવ્યો. વડોદરાનાં મેયર શ્રીમતી ડૉ. જ્યોતિબહેન શેઠે વિધિસર સમારંભનું ઉદ્‌ઘાટન કર્યું. આ પ્રસંગને શોભાવવા જેજેસી-સેન્ટ્રલ બોર્ડના પદાધિકારીઓ સર્વશ્રી જિતેન્દ્ર કોઠારી (ચૅરમૅન), રમેશ મોરબિયા (વાઈસ ચૅરમૅન), પ્રફુલ્લ શાહ (વાઈસ ચૅરમૅન), સંજય શાહ (સેક્રેટરી જનરલ) પ્રફુલ્લ કામદાર (સેક્રેટરી), જયંતી છાડવા (ડેવ. સેક્રેટરી) તથા દિનેશ શાહ (ભૂતપૂર્વ ચૅરમૅન) પધારેલા.

જેજેસી-કલાનગરી, વડોદરાએ આ સેન્ટરને સ્પોન્સર કરેલ. કાર્યક્રમના વિગતવાર સમાચાર અન્યત્ર આપેલ છે.

જેજેસી-લે. વિં. કલાનગરીના બે વર્ષ ૨૦૧૧-૨૦૧૩નાં વરાયેલ કારોબારી સભ્યો : પ્રમુખ જ્યોતિબહેન દોશી, ઉપપ્રમુખ રંજનબહેન બગડિયા, મંત્રીઓ જ્યોત્સનાબહેન શાહ, મમતાબહેન શાહ, સહમંત્રી હર્ષાબહેન ફડિયા, ખજાનચી અમિષાબહેન નાણાવટી, સહખજાનચી વીણાબહેન શાહ, કારોબારી સભ્યો મીનલબહેન પારેખ, જિજ્ઞાબહેન શાહ, અંજુબહેન શેઠ, કામિનીબહેન કચ્છી, દક્ષાબહેન શાહ.

### જેજેસી-સીમંધર રાજકોટ

જેજેસી પરિવારનું ૧૪૧મું સેન્ટર જેજેસી-સીમંધર રાજકોટ આકાર પામ્યું તા. ૩૧-૭-૨૦૧૧ ને રવિવારે.

કસબી છે – શ્રી પરેશ તલકશીભાઈ દોશી. ઉદ્યોગનગરી રાજકોટનું આ દ્વિતીય સેન્ટર. ઉદ્‌ઘાટન કર્યું શ્રી વિજયભાઈ રૂપાણી (રાજસભા સાંસદ) અલબત્ત સમારંભના પ્રમુખપદે શ્રી જિતેન્દ્ર કોઠારી (ચૅરમૅન : જેજેસી-સેન્ટ્રલ બોર્ડ)એ વરાયેલા ઉત્સાહી પ્રમુખ શ્રી પરેશ દોશીને ચાર્ટર એનાયત કર્યું. સમારોહના મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેનારા રાજકોટના શ્રી મહાવીર સેવા ટ્રસ્ટના ચૅરમૅન તથા સ્થા. જૈન મોટા સંઘના પ્રમુખ શ્રી ચન્દ્રકાંત શેઠ તથા શ્રી દિનેશ શાહ (પાસ્ટ ચૅરમૅન, સેન્ટ્રલ બોર્ડ)ની ઉપસ્થિતિમાં ડેવ. સેક્રેટરી શ્રી જયંતી છાડવાએ ચાર્ટર પઠન કર્યું અને હાજર રહેલા અન્ય અતિથિવિશેષ પદાધિકારીઓ શ્રી રમેશ મોરબિયા, શ્રી પ્રફુલ્લ શાહ તથા શ્રી પ્રફુલ્લ કામદારે અન્ય વરાયેલા કારોબારી સભ્યોને લોગો પીન પહેરાવી.

આ સેન્ટરના સ્પોન્સરર જેજેસી-સુરેન્દ્રનગરના પ્રમુખ શ્રી દ્વિજેશ શાહ અને જેજસી-રાજકોટના પદાધિકારીઓએ પણ સમારંભમાં ઉપસ્થિત રહી શુભેચ્છા આપી.

જેજસી-સીમંધર રાજકોટના હોદ્દેદારો : પરેશ તલકશીભાઈ દોશી-પ્રમુખ, કૌશિક હિંમતલાલ ઝવેરી-ઉપપ્રમુખ, અશોક લક્ષ્મીચંદ ગાંધી-સેક્રેટરી, મયુર જિતેન્દ્રભાઈ દોશી-જોઈન્ટ સેક્રેટરી, કેતન રમેશચંદ્ર શાહ-ટ્રેઝરર, કારોબારી સભ્યો : સંજય રતિલાલ પટેલ, તુષાર લલિતભાઈ મહેતા, પંકજ ભાનુભાઈ બદાણી, કેતન ગુલાબચંદ પારેખ, પ્રકાશ હરસુખલાલ વોરા, હરીશ ભવસુખલાલ મહેતા.

---


## ''સેતુ'' પરિચયથી પરિણય સુધીનો સથવારો

**આર્થિક રીતે ઉચ્ચ તથા મધ્યમ વર્ગના ગુજરાતી કુટુંબના વડીલો, આપના સંતાન માટે સુયોગ્ય જીવનસાથીની શોધમાં છો ?**

**'સેતુ'માં જોડાવવા આમંત્રણ છે.**

**ફ્રી રજિસ્ટ્રેશન**

'વેવિશાળ એક મૂંઝવતી સમસ્યા' – 'લગ્નવ્યવસ્થા કેટલી જરૂરી' – લગ્નના ઉમેદવારો, દિશાવિહિન પરિસ્થિતિના સકંજામાં! લગ્નોત્સુક સુખનું સરનામું શું?' વગેરેના લેખક તથા લગ્નસંબંધી વિષયોના નિષ્ણાત સલાહકાર (કાઉન્સેલર) 'મનુશા'ની રાહબરી નીચે ચાલતી સંસ્થા 'સેતુ' પરિણામલક્ષી તથા વ્યક્તિગત સેવા આપવા માટે પ્રખ્યાત છે.

: ફ્રી રજિસ્ટ્રેશન માટે સંપર્ક :

**'મનુશા'**

૨૩૫, સ્ટેશન રોડ, વિનુ વિલા, બીજે માળે, ફ્લેટ નં. બી-૩,
વડાલા (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૩૧.
ફોન : ૨૪૧૪૬૫૧૧ / ૬૫૨૨ મો.: ૯૮૧૯૭૯૯૫૪૭
સવારે : ૧૦.૦૦ થી ૧.૦૦
E-mail: manhar1937@gmail.com / manhar@mtnl.net
સંપર્ક: ચેતન એ. શાહ ૯૯૩૦૪૫૨૧૦૧/૯૮૨૧૨૩૬૪૫૪

# એ... સાદ સાંભળજો રે...

**જેજેસી પરિવારના દરેક સેન્ટરના કમિટી સભ્યો તથા સામાન્ય સભ્યો, સાંભળજો...**

**જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ**
**દ્વારા આયોજિત**
**જૈન સમાજના દરેક ફિરકાઓને આવરી લેતો**

## ૧૭મો સમૂહલગ્નોત્સવ

**શુક્રવાર, તા. ૧૬-૧૨-૨૦૧૧**

**સ્થળ** : પોલીસ પરેડ ગ્રાઉન્ડ નં. ૨, કુકરેજા પૅલેસની પાછળ, વલ્લભબાગ લેન એક્ષટેન્શન, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ – ૪૦૦ ૦૭૫.

**પ્રેરક દાતા** : શ્રીમતી નલિનીબહેન ધીરજલાલ રામજીભાઈ દેસાઈ પરિવાર
**ભોજનના દાતા** : શ્રીમતી લતાબહેન અનિલભાઈ ખીમચંદ ખંધાર પરિવાર
**સજાવટના દાતા** : જેજેસી-ગોલ્ડન ગારોડિયા

કુલ ૨૧ યુવક-યુવતીનાં લગ્ન કરાવવામાં આવશે. વહેલા તે પહેલાના ધોરણે Registration કરવાનું શરૂ થઈ ગયું છે. અત્યાર સુધીમાં ૧૧ નામ આવી ગયાં છે.

વર અને કન્યા, બન્ને પક્ષના વડીલોએ રૂબરૂમાં સેન્ટ્રલ બોર્ડની ઑફિસમાં આવી જરૂરી ફૉર્મ ભરી મુકરર કરેલ ચાર્જ ભરવાનો રહેશે. ૨૧ નામ આવ્યાં બાદ કોઈ પણ હિસાબે બીજાં નામ લેવામાં આવશે નહીં.

સંપર્કસૂત્ર : સચીન પવાર-૬૫૭૨૬૬૩૬ / ૬૬૯૭૩૦૩૮

## CRICKET TOURNAMENT

**જેજેસી-સેન્ટ્રલ બોર્ડ આયોજિત આગામી છઠ્ઠી Inter Centre Cricket Tournament** તા. ૧૩-૧૪-૧૫, જન્યુઆરી, ૨૦૧૨ના દિવસોમાં રમાડવાનું મુકરર કરેલ છે. આ મૅચ Day-Night રમાવાની છે. World Cup કે IPLની પ્રતિકૃતિ સમાન નિયમોથી રમાડવામાં આવશે. બહુ જ ઉત્સાહ, ઉન્માદ, નિખાલસતા અને ખેલદિલીથી સ્પર્ધા રમાય છે.

સેન્ટ્રલ બોર્ડ ઈચ્છે છે કે જેજેસી પરિવારનાં બધાં જ સેન્ટરો (લેડીઝ વિંગ સહિત) આમાં જોડાય. બહારગામથી રમવા આવતી ટીમ માટે રહેવાની, જમવાની તથા ટ્રાન્સપોર્ટની બધી વ્યવસ્થા સેન્ટ્રલ બોર્ડ કરશે. જો કોઈ નાના સેન્ટરમાંથી ટીમ બનતી ન હોય તો બે-ત્રણ સેન્ટર મળીને ટીમ બનાવી શકશે. તે માટે અગાઉથી સેન્ટ્રલ બોર્ડની મંજૂરી લેવી આવશ્યક છે. ટુર્નામેન્ટને લગતા નિયમો પછીથી જણાવવામાં આવશે.

તો ક્રિકેટમાં ભાગ લેવા અત્યારથી જ તૈયારી શરૂ કરી દેશો એમ સેન્ટ્રલ બોર્ડ જણાવે છે.

## ૧૮મો જૈન સમૂહ લગ્નોત્સવ

જૈન જાગૃતિ સેન્ટર-સુરેન્દ્રનગર આયોજિત ૧૮મો સમૂહલગ્નોત્સવ તા. ૨૭-૧૧-૨૦૧૧ ને રવિવારના રોજ યોજાનાર છે. લગ્નોત્સુક યુવક-યુવતીઓના વાલીઓ વહેલી તકે સંપર્ક કરી નામ નોંધાવશો.

સંપર્ક સૂત્ર : શ્રી દ્વિજેશ પી. શાહ-પ્રમુખ (૯૪૨૬૯૧૪૭૯૬), શ્રી સી. સી. શાહ-પ્રો. ચૅરમૅન (૯૪૨૭૨૦૩૨૯૦)

# જીવનનું અમૃત-ક્ષમાપના

■ ધનસુખ અમરશી મોરબિયા - દાદર

*ક્ષમા છે મોક્ષનું દ્વાર, ક્ષમા છે જીવનની વસંત બહાર,*
*ક્ષમા કરે સર્વ દુ:ખની હાર, ક્ષમા છે જીવનનો અમૂલ્ય ઉપહાર.*

પર્યુષણ પર્વની આરાધનાનું મૂળ લક્ષ્ય છે ક્ષમા. ક્ષમા માગવાથી અને ક્ષમા આપવાથી મૈત્રીનો સેતુ રચાય છે, જેના પંથે પ્રયાણ કરતાં પ્રભુનો સત્સમાગમ થાય છે. મૈત્રી વિના ક્ષમા નથી, ક્ષમા વિના મુક્તિ નથી. ક્ષમા આગમનો અણસાર છે, શાસ્ત્રોનો સાર છે, જીવનનો આધાર છે. ક્ષમા તેજસ્વીઓનું તેજ અને તપસ્વીઓનો બ્રહ્મ છે.

*જ્ઞાન પ્રેમ અને પવિત્રતા, આનંદભર્યું તુમ જીવન હો,*
*ગુણ પુષ્પોથી સદા શોભતું જીવનનું નંદનવન હો.*

પ્રભુની કરુણા, વાત્સલ્ય અને ક્ષમા આ ત્રિવેણીસંગમનો આદર્શ જો જીવનમાં અપનાવી લઈએ અને સર્વ જીવોની સાથે મૈત્રીના કરાર કરી, સાચા હૃદયથી આંખમાં આંસુ સારીને જીવોની સાથે ક્ષમાપના કરી લઈએ તો જ આપણી આરાધના સફળ છે. સંવત્સરી મહાપર્વનો આ મંગળસંદેશ છે, જગતના જીવમાત્ર પરમાત્માતુલ્ય છે.

*આખો અવતાર ન ગાવું, બનેલું વીસરી જાવું,*
*એવું છે સંતનું કહેવું, ગુનાનું વેર ન લેવું.*

ક્ષમા એ શાંતિનો કિલ્લો છે, ક્ષમા એ આપણા સૌ માટે વરદાન છે, ક્ષમાપના દ્વારા મનનો ભાર હળવો કરીએ. જ્યારે તમે કોઈના દોષ કે અવગુણને જુઓ ત્યારે મૌન સેવશો, અપમાનિત કરવાની કોશિશ કરતા નહિ, અન્યથા તમે પણ અપમાનિત થશો. ભૂલ કરનારને માફ કરી દેવો સહેલો છે, પરંતુ ભૂલ કરનારનો ઉપકાર માનવો બહુ જ કઠિન છે.

*કપડાંની શુદ્ધિ માટે સાબુની જરૂર છે,*
*સોનાની શુદ્ધિ માટે તેજાબની જરૂર છે.*

આત્માની શુદ્ધિ માટે ક્ષમાપના (આલોચના)ની જરૂર છે.

જેઓ અહંકાર આદિ દોષોને જીતી ગયા છે, કષાયોથી જેઓ દબાયેલા નથી અને કર્મને હંફાવવામાં શૂરવીર છે તેઓ જ ક્ષમાના ગુણને ધારણ કરી શકે છે. એ ગુણ દ્વારા જગતના તમામ જીવોને ક્ષમા આપી મૈત્રીભાવને ધારણ કરે છે.

*ક્ષમાનું કેવું શોભતું ચિત્ર, વેરીને પણ બનાવે મિત્ર,*
*જગતભાવ છે ચિત્રવિચિત્ર, તું જ તારો બની જા મિત્ર.*

જે ઈશ્વરના ક્રોધને ઓળખે છે, તે ક્રોધરહિત થાય છે, જે ઈશ્વરની ક્ષમાને ઓળખે છે તે ક્ષમાવાન થાય છે. ક્ષમા માણસનું હૃદય જીતી લે છે. પદ, પૈસા અને પ્રતિષ્ઠા પાછળ ભટકતા માનવીને આ પર્વ કહે છે કે, આ વ્યર્થ દોટ પડતી મૂકીને તું પ્રભુ પાછળ દોટ મૂક... બહાર જવા માટે અટકવું પડે, ભીતર જવા માટે અટકવું પડે.

*શમે ના વૈરથી વેર, ટળે ના પાપ પાપથી,*
*ઔષધ સર્વ દુ:ખનું, મૈત્રી ભાવ સનાતન.*

**ક્ષમાપનાનો સાર -** પ્રેમ સહુ પર રાખો, વિશ્વાસ થોડા પર રાખો અને દ્વેષ કોઈ પર ન રાખો. ક્ષમા માર્ગે ચાલવું એ આપણું પરમ કર્તવ્ય છે, કારણ આપણે ભગવાનના અનુયાયી છીએ, ક્ષમાની સાધના કરીને આપણે પણ મહાવીર બનીએ એ જ કલ્યાણ કામના. જે વ્યક્તિ મનોવેદનાની આગમાં બળતી રહે, ભૂલોને ભસ્મીભૂત કરતી રહે, પુનઃભૂલ નહીં દોહરાવવાની શુદ્ધ દાનતથી પ્રતિજ્ઞા કરે, ભૂલ બદલ પોતાની જાતને ઠપકો આપે અને ભૂલ થકી જેનું બૂરુ થયું હોય કે જેને હાનિ-નુકસાન પહોંચ્યું છે તેની ખરા અંતઃકરણથી માફી માગી, મન-વચન-કાયાથી જીવનભર તેનું ભલું કરવાની મનથી ઈચ્છા કરે અને ક્ષમાયાચના કરી હૃદયપૂર્વક અમલ કરે એનાં પાપો પ્રજળી જાય.

*ક્ષમા માગો હળવા હૈયે, ને ઉદારતાથી ક્ષમા કરો,*
*એવું ન વિચારો કે કોણ ખોટો ને કોણ ખરો.*

ક્રોધ તો મફતમાં, ક્ષણવારમાં મળે છે, જ્યારે ક્ષમા સમજદારીની સાધના બાદ મળે છે. ક્ષમાનો બાહ્ય ભાવ માફી આપવાનો છે, અભ્યંતર વેરવિરોધ નાશ કરવાનો છે. સજા કરવાની સત્તા હોવા છતાં સજા ન કરવી એ સાચી ક્ષમા છે. ક્ષમા શાસ્ત્રોનો સાર છે અને સુખી જીવનનો આધાર છે. દયા જેવો કોઈ ધર્મ નથી, ત્યાગ જેવું કોઈ સુખ નથી, ક્ષમા જેવું કોઈ દાન નથી.

**સુધારી લેવા જેવી છે સ્વની ભૂલ, ભૂલી જવા જેવી છે પરની ભૂલ,**
**આટલું માણસ કરે કબૂલ, તો ગૃહઆંગણે ઊગે સૂખનાં ફૂલ.**

શરીરની ક્રિયા સાથે જ્યારે આત્માના ભાવ ભળે ત્યારે જ સાધના સાર્થક થાય. સાધક પ્રભુને પ્રાર્થના કરતાં કહે છે, ''પ્રભુ મને યાદ રાખતા નહિ, પણ ભૂલતા શીખવ.'' પોતાના આંતરિક વિકારોથી જ યુદ્ધ કર, બીજા કોઈની સાથે લડવાથી તમને શું મળશે?

*વજ હૈયાના બોલ ક્ષમાપના,*
*મીઠા મનના, કૉલ-ક્ષમાપના.*

મનુષ્યનો મોટામાં મોટો દોષ એ છે કે, તે પોતાને

નિર્દોષ સમજે છે અને બીજાને દોષિત. હૃદયના ધબકાર સાથે વહેતો ક્ષમાભાવ ધર્મઆરાધનાને જીવંત રાખે છે. જરૂર છે મૈત્રીભાવની, કરુણાભાવની, વાત્સલ્યભાવની. તો આવો આપણા હૃદયને સદ્‌ભાવોનો ઊછળતો દરિયો બનાવીએ. મહાપર્વનો એક જ સંદેશ છે, સ્નેહનો કરજો સરવાળો, વેરઝેરને દૂર ભગાડો. ક્ષમા માણસનું હૃદય જીતી લે છે, વેરઝેરનો હૃદયમાં સંગ્રહ કરશો નહિ.

યાચું ક્ષમા મુજ દોષની, આ રંક પર કરુણા કરો,
ચરણે નમાવું શિશ હું, આશિષ દઈ ઉદ્ધાર કરો,
ચાહું હૃદય શુભ ભાવને, સહુ જીવ શિવ સુખને વરો,
અર્પી ક્ષમા અપરાધની, ક્ષમાથી સહુ ભવજલ તરો.
।।જય જિનેન્દ્ર।। ।। જય મહાવીર।।

# જે ક્ષમા રાખે, ક્ષમા માગે, ક્ષમા આપે, તે આ વિશ્વમાં મહાન છે

■ કિશોરભાઈ એચ. અજમેરા - જેજસી - ભાવનગર

સંવત્સરી મહાપર્વના સમયે પોતાનાં અહમ્, અભિમાન ઓગાળી, મન, બુદ્ધિ અને દિલને નમ્ર બનાવી ખરા અંતઃકરણપૂર્વક કોની ભૂલ છે? કોણ નાનો, કોણ મોટો વગેરે સવાલ-જવાબો ન શોધતા માત્ર અરસપરસ ક્ષમાનું આદાન - પ્રદાન કરવા હિંમતપૂર્વક કદમ ઉઠાવી સાથોસાથ પ્રેમભર્યો હાથ લંબાવી 'ભાતૃત્વ સે પ્રેમ'ની ભાવના વિકસાવીએ તો જ પર્યુષણ પર્વનો ખરો અર્થ અને મર્મ સાર્થક કર્યો ગણાય, પરંતુ આજના તમામ સંસારી જીવોની તૃષ્ણા અગણિત છે. તે નાશવંત નથી. આથી આ તૃષ્ણા-ઈચ્છા, મોહ, માયા, મમતા વગેરેને પરિપૂર્ણ કરવા તે ગમે તે કરવા હંમેશાં તત્પર રહે છે. પરિણામે અનેકનો વેરી બની રહે છે, ઈર્ષાની આગમાં શેકાતો રહે છે, વિષયો અને કષાયોનો ભોગ બની પોતાનું અને પારકાનું અહિત કરતો રહે છે, જેના પરિણામે વેરઝેરની ગાંઠો બંધાતી જાય છે, વધતી જાય છે. પરિણામે તેનામાં ક્રોધ, લોભ, વેરઝેર જેવા દુર્ગુણોનો વધારો થતો રહે છે, તેઓનો અડ્ડો જામતો જાય છે. આમ આવાં અનિષ્ટોના વધારેપડતા સહવાસથી તેને કંટાળો આવવા લાગે છે. કંટાળો આવતા થાક લાગે. આ થાક, આ કંટાળો અને થાક લાગવાનું કારણ ક્ષમાનો અભાવ.

ક્ષમાની હાજરી ન હોય ત્યાં ક્રોધ, લોભ, રાગ વગેરે દુર્ગુણો દિલ, દિમાગમાં પુરજોશમાં પ્રવેશી પોતાની ચાલ ચાલતા હોય છે. આથી આ દુર્ગુણોને દૂર કરવાના પ્રયત્નો કરવા છતાં ક્ષમાગુણને પ્રગટાવવાની જડીબુટ્ટી શોધી આ અનિષ્ટોનું જડમૂળથી નિકંદન કાઢી નાખવું તે જ ખરો અને સચોટ ઉપાય છે, કારણકે ક્રોધ આપણો સ્વભાવ નથી, પરંતુ ક્ષમા આપણો સ્વભાવ છે. સ્વભાવમાં રહેવાથી ક્ષમા વિકસે છે.

ટૂંકમાં સમજાય તેવી સો વાતની એક વાત, ધર્મિષ્ઠ ક્ષમાવાન હોય છે. આ મહાપર્વની ઉજવણી એટલે જ ક્ષમાનું સ્વાગત, ક્ષમાનું સ્થાપન અને ક્ષમાનું પ્રગટીકરણ. આથી ક્ષમતા સ્વામીનું સૂત્ર બને છે સકળ વિશ્વના જીવો માટે હવે માત્ર મિત્ર બની રહેવું. 'બંધુત્સ સે પ્રેમ'ની ભાવના વિકસાવવા અને ફેલાવવા કટીબદ્ધ થઈ રહીએ તો જ આ પર્વ આપણા માટે સાર્થક અને સફળ બન્યું ગણાય.

ક્ષમા અને ક્રોધના મુખ્ય ગુણ અને અવગુણ કેવા હોય છે જે આપણે પોતે જ જાણી લઈએ, જેથી કરી આપણા જીવનને જીવવાલાયક બનાવવાની જડીબુટ્ટી મળી રહે.

ક્ષમા એ વીરોનું આભૂષણ છે,
જ્યારે ક્રોધ કાયરોનું દૂષણ છે.
ક્ષમાની આપ-લે કરવાથી પ્રેમ વધે છે,
જ્યારે ક્રોધની આપ-લે કરવાથી વેર વધે છે.
ક્ષમા સબંધોને જોડનાર અમૃત છે,
જ્યારે ક્રોધ સબંધોને તોડનાર વિષ છે.
ક્ષમાથી સંસારી જીવ ભવસાગર તરી શકે છે,
જ્યારે ક્રોધથી સંસારી જીવ ભવસાગરમાં રખડે છે.
ક્ષમા ચંદનની જેમ શીતલ છે,
જ્યારે ક્રોધ આગ જેવો અંગાર છે.
ક્ષમા બળતા જીવોને ઠારે છે,
જ્યારે ક્રોધ ઠરેલા જીવોને બાળે છે.
ક્ષમા એ મોક્ષનું દ્વાર છે,
જ્યારે ક્રોધ નરકનું પ્રવેશદ્વાર છે.
ક્ષમા રોગીને નિરોગી બનાવે છે,
જ્યારે ક્રોધ નિરોગીને રોગી બનાવે છે.
ક્ષમા આત્માને શક્તિ અને દિલને શાંતિ અર્પે છે,
જ્યારે ક્રોધ આત્મા અને હૈયાને ઉકળાટ આપે છે:

# તમારાં સુખમાં બીજાને સાથીદાર બનાવો બીજાનાં દુ:ખમાં તમે ભાગીદાર બનો

■ જૈનાચાર્ય શ્રી રત્નસુંદરસૂરીશ્વરજી

## હું કોણ ?

અમેરિકાનો કરોડપતિ શ્રીમંત હુકર અંગત હેલિકૉપ્ટર લઈને ફરવા નીકળ્યો. અધવચ્ચે મશીનમાં ખામી આવતાં અચાનક ઉતરાણ કર્યું. હેલિકૉપ્ટરમાંથી એ બહાર નીકળ્યો. અજાણ્યો પ્રદેશ... મારે ક્યાં જવું એની કશી જ ખબર નહિ, ઝાડ પર ચઢયો. દૂરથી એક માણસને આવતો જોયો. હૈયે ટાઢક બંધાઈ... માણસ નજીક આવ્યો અને હુકરે પૂછ્યું અહીં ક્યાંય બસસ્ટેશન છે. આઈ ડોન્ટ નો.. મને ખબર નથી. અહીં નજીકમાં કોઈ રેલવેસ્ટેશન છે ? આઈ ડોન્ટ નો... અહીં નાસ્તો કરવા માટે કોઈ હોટલ છે? આઈ ડોન્ટ નો.. તરસ લાગે તો પાણી પીવાનું કોઈ સ્થાન છે? આઈ ડોન્ટ નો.. મને ખબર નથી. હુકરે કહ્યું, શું તને કાંઈ ખબર જ નથી? ગામડિયાએ જવાબ આપ્યો ''આય નો મોર ધેન યુ. તમારા કરતાં હું વધુ જાણું છું. વોટ ડુ યુ નો મોર ધેન મી? મારા કરતાં તું વધુ શું જાણે છે? હું ક્યાં છું એની મને ખબર છે! તમે ક્યાં છો એની તમને ખબર નથી. જાતને પ્રશ્ન પૂછવાની જરૂર છે, હું પોતે ક્યાં છું? મારા જીવનનું કર્તવ્ય શું છે? એ સમજ્યા વગર જ તમે ૬૦-૭૦ વર્ષ પૂરાં કરી દીધાં? તમારું પોતાનું નામ એ તમારું નથી. તમારું નામ આખા જગતને કામ લાગે છે, પણ તમને પોતાને કામ નથી લાગતું. નામ તમારું ફૈબાએ પાડયું. આવા ઉધાર નામ પર કોઈ ગાળ દઈ જાય એમાં ગરમાગરમી કરવાની શી જરૂર છે? જાતને ગૌરવ આપે અને જીવનને નિર્મળ બનાવે એવા પાંચ સ્ટેપની આજે વાત કરવી છે.

(૧) કૉ-ઑપરેશન એટલે કે સહકાર. જન્મના પહેલા દિવસથી માતાનો સહકાર ન મળ્યો હોત તો તમે મોટા થયા જ ન હોત. કેટલા બધાના સહકારથી તો આપણું જીવન ચાલે છે. હું જીવું છું એ શબ્દ અધૂરો છે. જગતના જીવો મને જિવાડે છે તે વાક્ય પૂર્ણ છે. મારાં સુખમાં મારે બીજાને સાથીદાર બનાવવા છે અને બીજાનાં દુ:ખમાં મારે ભાગીદાર બનવું છે. સુખ એકલા ભોગવવું નથી અને દુ:ખમાં ભાગ પાડયા વિના રહેવું નથી. જ્યાં સુધી મારા સુખમાં સાક્ષીદાર નથી બનાવતો ત્યાં સુધી મને ચેન નથી પડતું. આવી અનુભૂતિ ખરી? દસ પ્રકારના પુણ્યમાં અન્નદાન પહેલું મૂક્યું છે. તમે તમારા ફ્લૅટના દરવાજા જ્યારથી બંધ રાખ્યા છે ત્યારથી સુખમાં બીજાને સાથીદાર બનાવવાનું બંધ થઈ ગયું છે. તમે કરોડપતિ છો. તમારું ૧૦ લાખ રૂપિયાનું પૅમેન્ટ રોકાયું છે. સામાની આર્થિક સ્થિતિ બહુ કમજોર બની ગઈ છે. ૧૦ લાખ રૂપિયા પાછા આપવાના ટેન્શનમાં કદાચ તે ડિપ્રેશનમાં આવી જાય એવું છે અને પરિવારનો કોઈ સભ્ય સુસાઈડ કરવા તૈયાર થઈ ગયો છે. આવા સમયે તમે એના ૧૦ લાખ રૂપિયા છોડી દો ખરા? એના દુ:ખમાં તમે ભાગીદાર બનો ખરા? મારે જાણવું છે. તમારી સહકારની ભૂમિકા કેટલી? એ આપી શકે એવી કોઈ સ્થિતિ જ નથી. કુટુંબ જ્યારે અનાથ થઈ જવા તરફ છે ત્યારે તો ભાગીદાર બની જાઓ. પછી જુઓ શું આનંદ આવે છે. હું દિલ્હી હતો. ગુજરાત એપાર્ટમેન્ટમાં મારું ચોમાસું હતું. એક છોકરો મને મળવા આવ્યો. સાહેબ આજે કમાલ થઈ ગઈ. હું આજે ઘરેથી સાઈકલ રિક્ષામાં બેસી શિબિરમાં આવતો હતો. ૩૦ રૂપિયા થતા હતા. આપશ્રીનાં પ્રવચનો સાંભળ્યાં પછી નાના માણસો સાથે બાર્ગેનિંગ કરવાનું તો બંધ કરી દીધું છે. રસ્તામાં એક વૃદ્ધ માણસ ઊભો હતો. રિક્ષાવાળાએ પૂછ્યું તમારે ક્યાં જવું છે? સાહેબ! જ્યાં મારે આવવું હતું ત્યાં જ એને પણ આવવું હતું. રિક્ષાવાળાએ કહ્યું હું ૩૦ રૂપિયા લઈશ... વૃદ્ધ પુરુષે ખીસામાં હાથ નાખી ચીમળાયેલી ૧૦ રૂપિયાની નોટ કાઢી. મારી પાસે વધારે રૂપિયા નથી. રિક્ષાવાળાએ રિક્ષા ચલાવી તો ખરી, પણ અડધી મિનિટમાં પાછી લીધી. રિક્ષામાં વૃદ્ધ પુરુષને બેસાડયો. ત્યારે મેં રિક્ષાવાળાને પૂછ્યું. ૨ મિનિટ પહેલા તો તે ના પાડી હતી. પછી તે કેમ બેસાડી દીધો. રિક્ષાવાળાએ કહ્યું, એ વૃદ્ધ પુરુષને મેં જોયો. હું પણ આવવાવાળા સમયમાં વૃદ્ધ થવાનો છું. મને પણ ભવિષ્યમાં કોઈ ટેકો આપનાર મળી રહે માટે મેં એને બેસાડી દીધો. સહકારમાં જ જીવન સફળ છે - સાર્થક છે. આ જીવનમાં ઉતારવું બહુ કઠિન છે. મારું સુખ વધે તો બીજાને સહાય કરું અને બીજાનું દુ:ખ વધે તો હું ભાગીદાર બનું! આ બેમાંથી ક્યો વિકલ્પ ફાવે? એ દુ:ખની વાત કરવા તમારી પાસે આવે ત્યારે સલાહ નહિ આપતા, પણ મદદ કરજો. તમારી દુકાનમાં જે ધંધો ચાલે છે એનો યશ કોના ફાળે જાય? દુકાનના દરેક માણસોના ફાળે! એને તમે સાચવો ખરા? એના દુ:ખમાં તમે સહાયક બનો ખરા? દીકરો બાપને, વહુ સાસુને... દીકરી માને અને શિષ્ય ગુરુને સાચવે તો કૉ-ઑપરેશનમાં નંબર પાકો.. મારે મારા નીચેવાળાને સાચવવા છે.

આ દુનિયામાં મહાન માણસ કોણ? નાનામાં નાનો માણસ જેને સહજ જ મળવા આવી શકે એ દુનિયામાં મહાન માણસ બની શકે છે. ઘણું કરવા જાઓ એમાં કાંઈ ન કરો એવી ભૂમિકા તમારા

જીવનમાં ઊભી ન થાય એનું ખાસ ધ્યાન રાખજો. તમારી ગાડી સાવ ખાલી જતી હોય, કોઈ લિફ્ટ માગે તો બેસાડી દો ખરા ત્યાંજ તમે ખોખલા છો. આખી દુનિયા દુઃખી છે, કેટલાના ભાગી બનીએ? જવા દો.. આપણું કામ નથી! સંપત્તિ વધ્યા પછી બે નુકસાન થયાં (૧) મનની શંકા વધતી ગઈ અને હૃદયની શ્રદ્ધા ઘટતી ગઈ. તમને ખબર નથી પશ્ચિમનો અઠંગ રાજકરણી મેક્યાવલી એમ કહે છે જે વાત તમે તમારા દુશ્મનને નથી કરી શકતા એ વાત તમારા મિત્રને નહીં કરતાં.. કારણકે આજનો મિત્ર આવતી કાલે દુશ્મન બની શકે છે. જ્યારે ભગવાન મહાવીર એમ કહે છે.. જે વાત તમે તમારા મિત્રને કરી શકો છો એ જ વાત તમારા દુશ્મનને પણ કરજો, કારણકે આજનો દુશ્મન આવતી કાલે મિત્ર બની શકે તેમ છે. તમને તો પ્રવચન સાંભળવા આવો ત્યારેય શંકા રહે છે. એક બૂટ આમ મૂકો અને બીજું બૂટ બીજી બાજુ મૂકો.. કોઈ લઈ ન જાય માટે! તમે મને પ્રૉમિસ આપી દો.

મારા પરિવારમાં જેટલા જેટલા લોકો દુઃખી છે એને હું સહાય કરીશ. સગા ભાઈને ત્યાં લગ્નપ્રસંગ છે. એની સ્થિતિ નબળી છે, તમારી સ્થિતિ ઘણી સારી છે. એ વાસણ લેવા તમારી પાસે આવ્યો છે. એવા સમયે તમે વાસણો ગણીગણીને આપો? કેમ? તમે છો કોણ? તમારો બે કરોડનો ફ્લૅટ છે, ૬૦ લાખ રૂપિયાની ગાડી છે. તમે તો એક નંબરના ભિખારી છો. તમે શ્રીમંત શેના? ઊલટું તમારે એમ વિચારવું જોઈએ કે મારી પાસે અઢળક સંપત્તિ હોવા છતાં મારા ભાઈને મારી પાસે માગવા આવવું પડયું એ મને કલંક છે. વાસણ ગણીગણીને આપતાં અને લેતાં તમને શરમ નથી આવતી? લોહીનો સંબંધ કોઈ કામનો જ નહિ? તમારી કરુણ દશા છે કે સગા ભાઈને ગણીને વાસણ આપો છો...! સુખમાં સાથીદાર બનાવવાની વાત જ ક્યાં છે? હું ખૂબ વ્યથિત છું. તમારી માનસિકતા આવી કેમ બની ગઈ છે? આજે પણ મોટાંમોટાં કુટુંબો ટક્યાં છે એકબીજાના સહકારના કારણે!.. જે ઘરમાં સભ્યોની સંખ્યા વધારે હોય ત્યાં સમસ્યાઓ વહેંચાઈ જાય છે. 'હમ દો હમારે દો'ની સંખ્યા હોય તો સમસ્યા વધારે હેરાન કરે છે.. તમારી સંયુક્ત કુટુંબમાં રહેવાની ઈચ્છા કે વિભક્ત કુટુંબમાં રહેવાની ઈચ્છા? વિભક્ત કુટુંબમાં પોતાની સમસ્યા કોની આગળ વ્યક્ત કરે? જ્યારે સંયુક્ત કુટુંબમાં મમ્મી સાથે બગડે તો.. ભાઈ સાથે બેસીને વાત કરે અને પત્ની સાથે બગડે તો બા સાથે બેસીને વાત કરે... એકબીજાનાં દિલ હળવાં થઈ શકે.

(૨) કલેક્શન... સંસ્કારને સાચવી રાખો. તમારા જીવનમાં ત્રણ ચીજ આવે છેઃ (૧) સંપત્તિ (૨) સ્વાર્થ અને (૩) સત્તા. સાચવી રાખવા છે.. હું તમને ત્રણ ચીજ સાચવવાની વાત કરું છું (૧) સંસ્કાર (૨) સદ્‌ગુણ અને (૩) સમાધિ સાચવી રાખજો. મા-બાપ તરફથી જે સંસ્કાર આપો અને એ ઝીલે તો જ કલેક્શન શક્ય છે. આજના કાળમાં ઘણાં માતા-પિતા સારા સંસ્કાર આપી રહ્યાં છે, પણ સંતાનો સારા સંસ્કાર ઝીલવા તૈયાર નથી. તમારાં દીકરા-દીકરીઓ હાઈફાઈ કૉલેજમાં જઈ રહ્યાં છે અને તમે રાજીખુશીથી મોકલી રહ્યાં છો. ત્યાં સંસ્કાર ક્યાંથી ટકવાના હતા? પહેલા તમને પૂછી લઉં! દીકરા-દીકરીઓને સંસ્કાર આપવાનો તમને સમય છે ખરો? નદીનું પાણી રોકાવાનું નથી, પણ એ પહેલા એને સમ્યક્ વળાંક આપી દો. એમ તમારા પરિવારને સમય તમે નહીં આપો તો એ ગમે ત્યાં જઈને સમય બરબાદ કરી દેવાનો છે. જે બટન જે ગાજમાં નાખવા જોઈએ ત્યાં જ નખાય છે ને? બટન અને ગાજના ક્રમમાં તમે ફેરફાર નથી જ કરતાં. એમ બજાર-સમાજ-જાત અને પરિવાર બધાને તમારે સાચવવાનાં જ છે. એને સમય તમારે આપવો જ પડે. એની ઉપેક્ષા તો ન જ ચાલે! તમને પોતાને જ ખબર નથી કે સંસ્કાર શું ચીજ છે?

વિવેકાનંદે પોતાની આત્મકથામાં લખ્યું છે કે શિકાગોમાં સર્વધર્મ પરિષદમાં હું લેકચર કરવા જતો હતો. માના આશીર્વાદ લેવા ગયો. માએ કહ્યું, બેટા છરી લાવજે ને? કોઈ દલીલ નહિ. વિવેકાનંદ છરી લઈને આવ્યા. માએ હાથ લંબાવ્યો.. બેટા! તને ૧૦૦% સફળતા મળશે. મા આમાં કાંઈ સમજાયું નહીં. તેં મને જ્યારે છરી આપી ત્યારે હાથાનો ભાગ તે મારા તરફ રાખ્યો ને અણીનો ભાગ તે તારા તરફ રાખ્યો. બીજાની સલામતીની જે ચિંતા કરે છે એને જીવનમાં ક્યારેય નિષ્ફળતા નથી જ મળતી. આ એક સંસ્કાર હતા.

બાળમંદિરને બદલે હવે બાપાને મંદિરની જરૂર છે. કૂતરાને સાકળે બાંધ્યા અને દીકરાઓને રખડતા મૂકી દીધા છે. તમે તમારા દીકરાને વ્યાપારકુશળ બનાવ્યો, પણ વ્યવહારકુશળ ન બનાવ્યો. તારા આંગણીયે પૂછીને કોઈ આવે રે, આવકારો મીઠો આપજે રે...! તમારાં દીકરા-દીકરીઓ સંસ્કારની વાત સાંભળશે કે નહિ એ બહુ મોટો પ્રશ્ન છે. તમે મને આજે પ્રૉમિસ આપી દો... સાહેબ! અમારા ઘરમાં સંસ્કારને ખતમ કરે એવી એક ચીજ અમે નહિ વસાવીએ! અમારા ઘરમાં દીકરા-દીકરીઓ ઉદ્‌ભટ વેષ નહીં જ પહેરે... લગભગ સ્થિતિ એવી છે કોઈ મા-બાપ દીકરા-દીકરીઓને બોલી શકે તેમ જ નથી. તમે માત્ર પૈસા બનાવવાની વાત કરી છે. સંસ્કારની વાત જ નથી કરી. તમે કરી છે તો એમણે ઝીલી નથી.

એક અઠવાડિયે, આખો પરિવાર ઘરમાં ભેગો થાય ખરો? એક જગ્યાએ પ્રવચનમાં જવાબ મળ્યો.... સાહેબ! અમને ભેગા રાખવા હોય તો અમને ભેગા કરતાં જ નહિ! અમે બધા ભેગા નથી થતાં એટલે જ ભેગા રહ્યા છીએ. ધર્મની વાત હું કોની સામે કરું? જ્યાં નૈતિકતા જ ખતમ થવા લાગી છે, જ્યાં સમાજની વ્યવસ્થા ખંડિત થવા લાગી છે, જ્યાં સંસ્કાર ખતમ થઈ રહ્યા છે. ત્યાં સમતા-સમાધિની વાત શી રીતે કરું?

(૩) કન્ફેશન : ભૂલ કબૂલ કરવી. જે વખતે તમને પોતાને લાગે કે આમાં હું ચૂક્યો છું. તરત ભૂલની કબૂલાત કરી દો. કેટલીય ભૂલો મારાથી થઈ છે. કોઈ મારી ભૂલ દેખાડે ત્યારે જરૂર સ્વીકાર કરી લઈશ. ભૂલ ન કરવા જેટલી ઉત્તમતા મારામાં ભલે નથી, પણ ભૂલનો બચાવ કરું એવી અધમતા તો મારામાં નથી જ. આવું તમે કહી શકો ખરા? આમાં એક વાત ખાસ ધ્યાનમાં રાખજો.. ગમે તેની આગળ કન્ફેશન નથી કરવાનું. યોગ્ય વ્યક્તિ આગળ જ તમારી ભૂલની કબૂલાત કરજો, જે તમારી ભૂલો જાણ્યા પછી પણ પ્રેમ આપી શકે. સાંભળ્યા પછી માત્ર તિરસ્કાર જ કરવાનો હોય ત્યાં કન્ફેશન નહિ કરતાં.

ઘણી વાર એવું બને છે. સામે વ્યક્તિ પાસે કામ કરાવવા માટે જૂઠું બોલીને પણ કામ કઢાવી લઈએ છીએ. યુ કેન સ્પીક એ લાઈ! એક જ જૂઠ બોલીને અટકી જવું બહુ કઠિન છે. એક જૂઠ અનેક જૂઠને આમંત્રણ આપે છે. જેણે તમારા પર વિશ્વાસ મૂક્યો છે એની આગળ જૂઠું બોલી મહેરબાની કરી કામ નહિ કઢાવતા. બહુ મોટી તાકાત કન્ફેશનમાં પડી છે. લાખો-કરોડોનાં દિલમાં જેનું નામ રમે છે એવા બૅટસમૅન સચીન તેન્ડુલકરની ભૂલ કોચ કાઢે તો એ હા પાડે છે, તમે તરત ના પાડી દો છો. બહારના ક્ષેત્રમાં આ તાકાત જોઈએ છે તો અધ્યાત્મના ક્ષેત્રમાં તો કેટલી બધી તાકાત જોઈએ? કોઈ તમારી ભૂલ કાઢે ત્યારે ના પાડીને બેસો.. ૪૪ વર્ષ સુધી હું સાધુપણામાં હાઈટ પર દેખાતો હોઉં તો એનું કારણ ભૂલ ન કરવા જેવી ઉત્તમતા મારામાં નહોતી તોય ભૂલનો બચાવ કરું એટલી અધમતા પણ નહોતી જ. મારા ગુરુમહારાજનું મોઢું મેં ક્યારેય તોડયું નથી. આજે ઘણાં છોકરા-છોકરીઓ પોતાનાં માતા-પિતાનું મોઢું તોડી રહ્યાં છે. એ એમ કહે, તારે અહીં જવા જેવું નથી, તો જવાબ આપી દે છે કે તમને ન ખબર પડે. તમે જુનવાણીના છો. એક મિનિટમાં તમે મા-બાપને નીચે ઉતારી દો છો? તમારા જીવનની વ્યવસ્થા વેરવિખેર બની ગઈ છે. કૉ-ઑપરેશન-કલેક્શન અને કન્ફેશનમાં તમારો નંબર ક્યાં છે?... હું પણ તમારી સામે કન્ફેશન કરું છું.. આજે મારી પાસે જેટલી બુદ્ધિ છે એટલી બુદ્ધિ દીક્ષા લેતાં પહેલાં હોત તો મેં દીક્ષા લીધી ન હોત. આજે તમે સાધુ નથી બનતા એનું કારણ પણ આ જ છે. જરૂર કરતાં બુદ્ધિ તમારી પાસે વધારે છે. શરીરમાં રોગ પેદા થાય ત્યારે ચોક્કસ ડૉક્ટર પાસે જ રોગનું પ્રગટીકરણ કરો છો.. એમ દોષનું પ્રગટીકરણ પણ યોગ્ય વ્યક્તિ આગળ જ કરજો. નહિતર શક્ય છે કે કાયમ માટે સંબંધમાં કડાકો બોલાઈ જાય. બોલવાવ્યવહાર પણ ન રહે.

(૪) કરેક્શન - મારી ભૂલની મેં કબૂલાત તો કરી. હવે એ ભૂલને સુધારી દેવી છે. એક-બે-ત્રણ વાર ભૂલ દેખાડી.. હવે મારે સુધારી લેવી જ છે. જો ભૂલોનું રિપિટેશન થયા કરે તો શક્ય છે સામી વ્યક્તિ ભૂલ કાઢવાનું જ બંધ કરી દે. કન્ફેશન થયા પછી કરેક્શનની બાબતમાં માનસિક સજ્જતા કેટલી? બૅટ્સમૅન અચાનક આઉટ થઈ જાય તો પોતે પોતાની વીડિયો જુએ છે. ક્યા બૉલે મારી વિકેટ પડી ગઈ. સાથે કોચને બેસાડે છે. તે વખતે કોચ કહે કે આ બૉલ જ્યારે આવ્યો ત્યારે તારે બૅટ આ રીતે ચલાવવાનું હતું. બીજી મૅચમાં હવે આ ભૂલ નહિ કરતો... ભૌતિક સંબંધિક ક્ષેત્રમાંય ભૂલ સુધારવી જ પડે છે, તો અધ્યાત્મિક ક્ષેત્રમાં આગળ વધવું હોય તો ભૂલને સુધારવી જ પડશે.

એક શહેરમાં હું પ્રવચન કરતો હતો. એક નાનકડી વાત મૂકી કે ૭૦ વર્ષની ઉંમર થઈ ગયા પછી ટીવી નહિ જોવું. ૦।। કલાક વાતચીત ચાલી. એક ૭૦ વર્ષની ડોશી અભિગ્રહ લેવા ઊભી થઈ ગઈ. તરત બાજુમાં એક બહેન ઊભાં થઈ ગયાં. સાહેબ! આમને આ નિયમ નહીં આપતા, એ મારી સાસુ છે.. મેં કહ્યું એમાં તમને તકલીફ શું છે? ત્યારે એ બહેને કહ્યું, ટીવી જોવાનું છોડશે તો એ મને પકડશે... ઊલટી હેરાનગતિ વધી જશે.. તમારે કરવું હોય તો તમે બધું જ કરી શકો તેમ છો, પણ ભૂલ સુધારવાની અંતરમાં જે આગ પેદા થવી જોઈએ તે ઊભી થતી જ નથી. હૃદય સાવ ઠંડું પડી ગયું છે. તમારા બંગલાઓ મોટા થઈ ગયા પણ હૈયાં સાવ નાનાં થઈ ગયાં છે. તમારી બધી વ્યવસ્થા મને ખબર છે. મા-બાપ ગમતાં નથી. એ વાત કરે તો સાંભળવું ગમતું નથી. નાનો ભાઈ મોટા ભાઈ સાથે બેસવા તૈયાર નથી. વહુ સાસુ સાથે બેસવા તૈયાર નથી. તમારા જીવનમાં શું ચાલી રહ્યું છે એ કાંઈ સમજાતું જ નથી. કંઈક જીવન સુધારવાની જરૂર છે.

(૫) કનેક્શન : જ્યાં હૃદય જોડાયું છે ત્યાં બુદ્ધિથી સંબંધો તોડવાની જરૂર નથી. જે તમારી સાથે હૃદયથી વાત કરે છે ત્યાં તમારું કનેક્શન તોડતા નહિ... સંબંધ બંધાય છે હૃદયથી. સંબંધ તૂટે છે બુદ્ધિથી.. જે તમારી સાથે હૃદયથી ટયુનિંગ કરી રહ્યા છે એને બુદ્ધિથી તોડી દેવાનું પાપ ક્યારેય નહિ કરતાં. મા પૂછે, દીકરી તું ક્યાં ગઈ હતી? બાપ દીકરાને પૂછે, બેટા! તું ક્યાં ગયો હતો? તે વખતે તમે સામો જવાબ આપો... તમે શાંતિથી બેસો. તમે ક્યા જમાનામાં જીવો છો. જે મા-બાપે તમને ૨૦-૨૦ વર્ષ સુધી મોટાં કર્યાં. પોતે દુઃખી રહી, તમારી સ્કૂલની ફી ભરી એને ચૂપ કરી દેવાનું પાપ મહેરબાની કરીને કરશો નહિ. સંબંધ ટકાવી રાખજો. બુદ્ધિવાળાં દીકરા-દીકરીઓ સામે હૃદયવાળાં મા-બાપની તાકાત વધારે જ હોય છે. બુદ્ધિવાળા શિષ્યની તાકાત કરતાંય હૃદયવાળા ગુરુની તાકાત વધારે જ હોય છે. નાલાયક એવા દુર્યોધન પાસે શ્રીકૃષ્ણ સામે ચઢીને ગયા... પાંડવો માટે આટલી જમીન આપી દો... શ્રીકૃષ્ણે હૃદયથી પૂછેલા પ્રશ્નને દુર્યોધને બુદ્ધિથી જવાબ આપ્યો. જેના કારણે યુદ્ધમાં લાખો માણસો મોતને ઘાટ ઊતરી ગયા. ભીમે જ્યારે જાંઘ પર ગદા મારી ત્યારે અશ્વસ્થામાં

પૂછે છે.. દુર્યોધન અંતિમ કોઈ ઈચ્છા છે? ત્યારે પાપી દુર્યોધને કહ્યું કે દ્રૌપદીના પાંચેય દીકરાઓનું મારે લોહી પીવું છે. જ્યારે એક દીકરો બાપને બુદ્ધિથી જવાબ આપે છે, કે શિષ્ય ગુરુને બુદ્ધિથી જવાબ આપે છે ત્યારે બાપના કે ગુરુના હૃદયના ટુકડેટુકડા થઈ જાય છે એ દીકરાને કે શિષ્યને ક્યાં ખબર છે.. એક વાક્ય મને અહીં જ યાદ આવ્યું છે.. તમે બધા ખાસ કોટ કરજો

''આવો બાપ મારા લમણે ક્યાં ઝીંકાયો એવું જીવન તમારું બાપ તરીકે નહિ બનાવતા અને મેં આવા દીકરાને ક્યાં જન્મ આપ્યો એવું જીવન તમારું પુત્ર તરીકે નહિ બનાવતા.'' સમર્પણ ભાવની ઉત્તમ વ્યવસ્થા આપણે ત્યાં આવી હતી. ત્રણ સંસ્થા ઉત્તમ હતી (૧) શિક્ષક-વિદ્યાર્થીની (૨) પિતા-પુત્રની (૩) અને ગુરુ-શિષ્યની.. આને માતૃસંસ્થાનું નામ આપવામાં આવ્યું છે. આ સંસ્થા જ્યાં સુધી વ્યવસ્થિત ચાલે છે, જીવંત છે ત્યાં સુધી આ દેશને કોઈ જ વાંધો આવે તેમ નથી. તમારા જીવનની દુખતી નસ ગુરુ સિવાય કોણ દબાવશે? તમે તમારી જાતને ધન્યવાદ આપજો કે ગુરુદેવ આપણને સંભળાવી શકે છે! કડક એવી વાત પણ તમને સાંભળવાનું મન થાય છે એ તમારી ઉત્તમતા છે. હું ઈચ્છું છું કે તમારા જીવનમાં આ પાંચે ચીજની પ્રતિષ્ઠા થઈ જાય તો તમારું જીવન સાર્થક-સફળ અને નિર્મળ બની જશે.

..બહેનો..
ખાખરા
मंगाओ घरे बेठां
फ्री होम डिलेवरी
Minimum Order Accepted 1 Kg.
■130/- Per Kg.
nikhil sambhav FOODS MUMBAI
28919146
28926581
28958308
99 200 200 77
9930452102

## વાર્ષિક સામાન્ય સભા

- જેજેસી-નોર્થ ઈસ્ટ, બુધવાર, તા. ૦૩-૦૮-૨૦૧૧ ઝવેરબહેન સભાગૃહ, ઘાટકોપર (ઈસ્ટ) ખાતે.
- જેજેસી-તારદેવ, શનિવાર, તા. ૨-૭-૨૦૧૧ નહેરુ સેન્ટર ખાતે.

## વેરના કરીએ વળામણા

## ક્ષમાપના

ચાલો કરીએ ખમત ખમણા, પર્વના થયાં છે પધરામણાં,
એના કરીએ વધામણાં, સૌની જોડે મૂકીએ રિસામણાં,
પાસે જઈને કરીએ મનામણાં
થયા છે ઓળખીતા અળખામણાં
ખોલી મનનાં બંધ બારણાં, પ્રિતે ભેગા કરીએ પારણાં,
વેરના અંજામ બિહામણા, ક્ષમા દે શુભ લાભ સોહામણા
મન-વચન-વાણીથી, પર્વના આ ટાંકણે,
સંબંધો સુધારવા, ચાલો ખમીએ આપણા.
વાણી-વર્તનથી જાણતા અજાણતા,
થયું અંશ મનદુઃખ તો ચાલો ખમીએ આપણે.
ચાર દિનની છે જિંદગી, વેરથી ન કરીએ ગંદકી,
અનંત શાંતિ કાજે, ચલો ખમીએ આપણે.
ક્ષમાની કરીએ પસંદગી, ક્ષમાની કરીએ બંદગી
ક્ષમારંગોળી કરી આપણે, ચાલો ખમીએ આપણે.

### ટૂંકમાં

ક્ષમાપનાની તાકાત એવી છે કે મનની-દિલની નાજુક વેલને સ્નેહનાં ફૂલોથી મહેક સભર કરી દે છે. બસ આ પર્વ પર્યુષણ પર્વાધિરાજને પામી એના સંદેશને સાંભળી, સ્વીકારી હું તમારી પાસે આ પત્રથી નહીં, પણ અતંરના શુદ્ધ અને શુભ ભાવોથી....

હોઠના નહીં પણ હૈયાના શબ્દોથી ક્ષમા માગું છું.
આશા છે કે આપ મને સાચા અંતરથી ક્ષમા આપશો.
''ખમિયવ્વં ખમાવિયવ્વં''

- સુંપ ત્યાં જપ નહીં તો ધરતીકંપ
- સંવત્સરી ક્ષમાને વરી
- માગો માફી આટલું છે કાફી
- ક્રોધનું દૂર કરે પ્રદૂષણ એનું નામ પર્યુષણ
- પર્યુષણ પર્વનો પાઠ છોડો વેરની ગાંઠ

■ *કિશોર અજમેરા, ભાવનગર (૯૩૨૭૧૬૧૧૫૨)*

# ઉપવાસ કે પછી ઉપહાસ ? ?

ચોમાસું બેસી ગયું છે. દરેક સ્થળે વ્યાખ્યાનવાણી શરૂ થઈ ગઈ છે અને જોતજોતામાં પર્વાધિરાજ પર્યુષણ પર્વ પણ આવી જશે. ચોમાસાની શરૂઆતની સાથે સાથે ઉપવાસ અને અઠ્ઠાઈનો માહોલ પણ ધીરે ધીરે જામતો જશે. આવા સમયે ઉપવાસ વિશે જો થોડી સમજ કેળવી લઈએ તો યોગ્ય લેખાશે.

ભક્તિમાર્ગ પર ઉપવાસ એ એક અમોઘ શસ્ત્ર છે. ઉપવાસ કરવો એટલે ભૂખ્યા રહેવું એવું નથી. ઉપવાસ કરવો એટલે એક દિવસ માટે આહારનો ત્યાગ કરવો એવું માત્ર નથી. એક દિવસ માટે આહારનો ત્યાગ એ ભલે તંદુરસ્તી માટે ઉપયોગી છે. એનાથી પાચનતંત્રને એક દિવસ રાહત મળે છે એ ખરું અને એનાથી શરીરશુદ્ધિ થાય છે એ વાત પણ સાચી છે, પણ ધર્મમાર્ગ પર અથવા ભક્તિમાર્ગ પર કરાતો ઉપવાસ એ તદ્દન અલગ વાત છે.

ભક્તિમાર્ગ પર કરાતો ઉપવાસ એટલે બાહ્યવૃત્તિનો ત્યાગ કરીને ઈશ્વરમાં કે ''સ્વ''માં લીન થવું. ઉપવાસ કરો અને દુકાને જાઓ કે ધંધા પર બેસો એથી ઉપવાસનો ખાસ અર્થ સરતો નથી. ઈશ્વરની અનુભૂતિ માટે, ઈશ્વરની પાસે રહેવા માટે કરાતો ઉપવાસ એ ખરા અર્થમાં ઉપવાસ છે.

ઉપવાસનો બીજો મહિમા પણ છે, ''આહારસંજ્ઞા''માંથી મુક્તિ. આહાર પ્રત્યે આપણને સદાય મોહ રહ્યો છે. મનગમતાં ભોજન સામે આવે એટલે આપણું મન આકુળવ્યાકુળ થઈ જાય છે. મનની આ વૃત્તિને કાબૂમાં રાખવા માટે જ જ્ઞાનીઓએ ઉપવાસનું સૂચન કર્યું છે. ઉપવાસ એટલે બીજી ભાષામાં કહું તો વ્યક્તિ દ્વારા પોતાના મનને કાબૂમાં રાખવા કરાતો પ્રયાસ. મનને મનગમતા આહાર પર ખૂબ પ્રેમ છે. જ્ઞાનીઓ કહે છે કે આ આહાર પર કાબૂ કરી લો એટલે મનને કાબૂમાં લેવાની પ્રક્રિયા આપોઆપ શરૂ થઈ જશે કે જે ધર્મનો મુખ્ય પાયો છે.

પણ આજકાલ તો જાણે ''ઉપવાસ'' અને ''અઠ્ઠાઈઓ''ની ફૅશન ચાલે છે. મોટા ભાગની વ્યક્તિઓને ઉપવાસ કેમ કરવો એની ખબર છે, પણ ઉપવાસ શાને માટે કરવો એની ખબર નથી અને ખબર હશે તો માત્ર એટલી જ કે ઉપવાસ કરવાથી ધર્મ થાય છે.

અને એટલે જ ઉપવાસ પતે કે અઠ્ઠાઈ પતે એટલે મન પાછું આહારસંજ્ઞામાં અટવાઈ જાય છે. પાછો સ્વાદનો મોહ જાગી ઊઠે છે. અઠ્ઠાઈ પત્યા પછી પણ સાંજીઓમાં આહારનો જે અતિરેક થાય છે એ જોઈને એમ લાગે છે કે લોકો ઉપવાસ નહીં પણ પોતાનો તેમ જ ધર્મનો ઉપહાસ કરી રહ્યા છે.

અઠ્ઠાઈ દરમિયાન કે એ પત્યા પછી મનુષ્ય કેટલો નિર્મળ બન્યો, એને કેટલું ઈશ્વરનું સાંનિધ્ય પ્રાપ્ત થયું, એનો આહાર પ્રત્યેનો મોહ કેટલો ઘટયો, એને ધર્મ પ્રત્યે અને આહાર પ્રત્યે કેટલી સભાનતા આવી.... આવું તો કોઈ વિચારતું નથી અને આવું જ્યાં સુધી નહીં બને ત્યાં સુધી ઉપવાસનો ઉપહાસ થતો રહેશે એમ જ્ઞાનીઓનું માનવું છે.

બારેમાસ આચરકૂચર ખાનારા આપણે... ખાવામાં જરાય વિવેક ન રાખનારા આપણે... જો આ આવી રહેલાં પર્યુષણ પર્વ દરમિયાન ભલે ને ઉપવાસ ન કરીએ, પણ આહાર પર કાબૂ રાખીએ... મન પર કાબૂ રાખીએ અને ઈશ્વરમાં, ધર્મમાં લીન બનીએ તો આ પર્યુષણ પર્વ ખરા અર્થમાં પર્વ બની રહેશે.... સાર્થક બની જશે.

*પ્રેષક : રોહિત એસ. કેનિયા – જેજેસી-વિલે પાર્લે*


Saurabh Mehta
9769798459

Mitali Mehta
9920678716



**SAUMEET EVENTS**

**ઇન્દ્રધનુષી સૂરો રેલાવનાર**

**કોઈ પણ પ્રકારના પ્રસંગોને સંગીતમય બનાવવા જેમ કે...**

1) Hindi Concept Shows (Old & New)
2) Dandiya-Raas
3) Sangeet Sandhya
4) Lagna Prasang (Lagnageet, Mehndi, Mosal etc.)
5) Bhakti Sandhya
6) Prarthna Sabha
7) Musical Game Show

**માટે સંપર્ક કરો તથા ગીતોની રમઝટથી તમારા પ્રસંગને વધારે યાદગાર બનાવો**

Email ID : mehtasaurabh4u@yahoo.com
mitali.doshi2050@gmail.com

# અરિષ્ટનેમિ - શ્રી નેમિનાથ ભગવાન

■ ડૉ. આરતી નલિન વોરા

સૌરાષ્ટ્રમાં સમુદ્રની વચ્ચે અતિસુંદર દ્વારમતી નગરી હતી. તે દ્વારિકા નગરીની વચ્ચે રત્નો જડેલાં એક હજાર શિખરોથી શોભતું ભવ્ય જિનમંદિર હતું જ્યાં નગરજનો અરિહંતદેવનાં દર્શન-પૂજન અર્થે જતા અને ધર્મસાધના કરતા હતા.

બાવીસમા તીર્થંકર શ્રી નેમિનાથ - જેઓ અહમિન્દ્ર પર્યાયમાં હતા અને તેમનું આયુષ્ય છ માસ બાકી રહ્યું ત્યારે રાજમહેલના આંગણે રોજ રત્નોની વૃષ્ટિ થવા લાગી તે જોઈ સમુદ્રમહારાજા અને શિવાદેવીની પ્રસન્નતાનો પાર નથી. જોતજોતામાં છ માસ વીતી ગયા પછી માતાને ચૌદ સ્વપ્નો દેખાયાં અને તીર્થંકરનો જીવ તેમના ઉદરમાં અવતર્યો. એ વખતે સ્વર્ગેથી ઈન્દ્ર-ઈન્દ્રાણીએ દ્વારિકા આવીને તીર્થંકરનાં માતા-પિતાનું સન્માન કરીને પ્રભુના ચ્યવન કલ્યાણકનો મંગલ ઉત્સવ કર્યો અને તીર્થંકરના આત્માનો અપાર મહિમા જગતમાં પ્રસિદ્ધ કર્યો.

સમય જતાં શ્રાવક સુદ છઠ્ઠના દિને દ્વારિકા નગરીમાં બાવીસમા તીર્થંકરનો જન્મ થયો. આખી નગરી આનંદમય પ્રકાશથી ઝગમગી ઊઠી. દેવલોકનાં વાજાં વાગવાં લાગ્યાં, ઈન્દ્રોનાં આસન ઝણઝણી ઊઠયાં. દેવલોકમાં જાણ થઈ કે તીર્થંકરનો અવતાર થયો છે અને પ્રભુનો જન્મોત્સવ ઊજવવા દેવો અને ઈન્દ્રો દ્વારિકામાં આવી ગયા. સમુદ્ર વચ્ચે જાણે ઈન્દ્રલોકની રચના થઈ હોય તેવું લાગતું હતું. ઈન્દ્રોએ પ્રભુને મેરુ પર લઈ જઈ ૧૦૦૮ કળશ વડે અભિષેક કર્યો, ૧૦૦૮ નામ વડે બાળતીર્થંકરની સ્તુતિ કરી અને પ્રભુ ધર્મરૂપ રથના ચક્રની 'નેમિ'(ધરી) સમાન છે એમ સમજીને તેમનું નામ 'નેમિનાથ' રાખ્યું. દ્વારિકા નગરીમાં આનંદ-મંગળ છવાઈ ગયો. સર્વત્ર શાંતિ અને હર્ષોલ્લાસનું વાતાવરણ હતું.

બાળતીર્થંકર નેમિકુમાર આત્મિકસુખની સાથે દૈવીસુખનો ભોગવટો કરતાં મોટા થવા લાગ્યા. બાળપણથી જ તેમનું અલૌકિક જીવન દેખીને લોકો બોલી ઊઠતા કે આ બાળમહાત્માનું જીવન જગતના લોકો કરતાં જુદી જાતનું છે. જ્ઞાનચેતનાથી શોભતું તેમનું અંતર્મુખી જીવન ધર્મસાધનાના અચિંત્ય મહિમાને પ્રસિદ્ધ કરે છે. તેમનું જીવન શાંત અને ગંભીર છે જે બીજા જીવોને ચૈતન્ય ભાવોની ઊર્મિ જગાડે છે.

એકવાર રાજસભામાં બળશાળીના બળની વાત થતાં કોઈએ કહ્યું કે નેમકુમાર સહુથી બળવાન છે. તેમના અતુલ્ય બળની તુલના કોઈ ન કરી શકે. ઈન્દ્ર કરતાં પણ તેઓ અધિક બળવાન છે. તેઓ ધારે તો ટચલી આંગળી વડે રમતવાતમાં મેરુ પર્વતને અને આખી દુનિયાને ઊલટપૂલટ કરી શકે તેમ છે. તેથી શ્રીકૃષ્ણે પોતાના નાના ભાઈ નેમકુમારને મલ્લકુસ્તીનું નિમંત્રણ આપ્યું ત્યારે વિવેકપૂર્વક તેમણે મોટા ભાઈ સાથે મલ્લયુદ્ધ ન શોભે કહીને ના પાડી. તેમનું જીવન જગતના લૌકિક જીવો કરતાં અનેરું હતું. એક વખત ફરતાં ફરતાં તેઓ શ્રીકૃષ્ણની આયુધશાળામાં પહોંચ્યા. ત્યાં તેમણે સુદર્શન ચક્રને આંગળી પર રાખી કુંભારના ચાકડાની જેમ ફેરવ્યું, ધનુષ્યને કમળની નાળની જેમ વાળી નાખ્યું અને પંચજન્ય શંખને એ રીતે વગાડ્યો કે આખી દ્વારિકા નગરી ભયથી કંપી ઊઠી.

જ્યારે શ્રીકૃષ્ણને આ વાતની જાણ થઈ ત્યારે તેમને લાગ્યું કે આ અતુલ્ય બળનું કારણ બ્રહ્મચર્ય જ છે. તેમણે અરિષ્ટનેમિના બાહુબળની પરીક્ષા કરવા પોતાની ભૂજા લાંબી કરી અને તેને વાળવા કહ્યું ત્યારે અરિષ્ટનેમિએ ઝાડની ડાળીની જેમ ભૂજા વાળી દીધી. પછી અરિષ્ટનેમિએ પોતાની ભૂજા લાંબી કરી શ્રીકૃષ્ણને વાળવા કહ્યું ત્યારે શ્રીકૃષ્ણ પ્રબળ પ્રયત્ન કરવા છતાં નેમકુમારની ભૂજાને વાળી ન શક્યા. આ ઘટના પ્રભુનાં મહાન શૌર્ય, ધૈર્ય અને પ્રબળ પરાક્રમ દર્શાવે છે. આ જોઈ શ્રીકૃષ્ણ ચિંતામગ્ન થઈ ગયા, કારણકે શ્રીકૃષ્ણ માનતા હતા કે તે સ્વયં જ પ્રબળ છે. તે સમયે આકાશવાણી થઈ કે નેમકુમાર કુમારાવસ્થામાં જ પ્રવજ્યા ગ્રહણ કરશે.

નેમકુમાર યુવાન થયા. તેમનું શરીર શુભચિહ્નોથી યુક્ત હતું. તે વૃષભનારાચ સંહનન અને સમચતુરસ સંસ્થાન (આકૃતિ)ના ધણી હતા. તેઓ શ્યામ વર્ણના હતા અને તેમની ઊંચાઈ દસ ધનુષ્ય માપ હતી. માતા-પિતા નેમકુમારને વિવાહ કરવા કહેતા પણ તે સ્વીકૃતિ આપતા નહિ. તેથી બધી ભોજાઈઓ મળીને તેમને મનાવે છે. તેઓ દિયરને બોલાવીને કહે છે કે નારી વિનાનું ઘર ન હોઈ શકે. અણપરણ્યા નરને લોકો વાંઢો કહે છે. નારી વગરનું ઘર ઘર ન કહેવાય. નારી વગર ભોજન કોણ જમાડશે? ભોજાઈઓ મેણાં મારશે, આવી બધી વાતો કરી નેમને પરણવા આગ્રહ કરે છે ત્યારે નેમ કશો પ્રત્યુત્તર ન વાળતા મંદમંદ હાસ્ય કરે છે અને ભોજાઈઓ તે હાસ્યને તેની સ્વીકૃતિ માની લે છે.

શ્રીકૃષ્ણે મહારાજા ઉગ્રસેનની રૂપવતી કન્યા રાજીમતી સાથે તેમના વિવાહ નક્કી કર્યા. રાજીમતી સુંદર, સર્વ લક્ષણોથી સંપન્ન અને વિદ્યુત સમાન પ્રભાવવાળી રાજકન્યા હતી. બંને પક્ષે વિવાહની તૈયારીઓ થવા લાગી. માતા-પિતા

તથા નગરજનો આનંદિત અને ઉલ્લાસિત હતા. દિવ્ય વસ્ત્રો અને આભૂષણો ધારણ કરી નેમકુંવર રાજુલને વરવા ચાલી નીકળ્યા. રથમાં બિરાજમાન નેમકુમાર શોભાયમાન લાગતા હતા. એવામાં એકાએક પશુઓના કરુણ ચિત્કાર નેમકુમારને કાને પડ્યા. તેમનું હૃદય દયાથી દ્રવિત થઈ ઊઠ્યું. સારથિ પાસેથી જાણવા મળ્યું કે આ બધાં પ્રાણી વિવાહમાં આવેલી વ્યક્તિઓના ભોજન માટે છે. આ સાંભળતાં જ તેમણે સારથિને રથ પાછો વાળવા સૂચના આપી. તેમણે કહ્યું કે મારે નથી લગ્ન કરવા કે નથી સંસારમાં રહેવું. આમ લગ્નનો વરઘોડો લીલા તોરણે પાછો ફર્યો અને વરસીદાનના વરઘોડામાં ફેરવાઈ ગયો.

રાજુલને રથ પાછો વળ્યાની જાણ થતાં જ તેના ચહેરા પરની ખુશી વિલીન થઈ ગઈ અને આંખમાં આંસુ આવી ગયાં. તે વિલાપ કરવા લાગી, પોતાના ભાગ્યને દોષ દેવા લાગી. તેને ખૂબ જ દુઃખ થયું કે પ્રભુ તેને એકલી મૂકીને ચાલી નીકળ્યા. માતા-પિતા અને સખીઓએ સમજાવતાં તેણે જણાવ્યું કે ભલે વિધિ-વિધાનપૂર્વક વિવાહ નથી થયા, પણ તેણે મનથી તો નેમને જ ભરથાર માની લીધા છે તેથી તે પ્રભુના માર્ગે જ ચાલશે.

વરરાજા નેમકુમાર સંસારથી વિરક્ત થઈ રથને પાછો વાળી રહ્યા છે. રાજીમતી સાથેના વિવાહ છોડી વનમાં જઈ રહ્યા છે એ સાંભળી ચારેકોર હાહાકાર થઈ ગયો. બધાએ નેમકુમારને પાછા ફરવા ખૂબ સમજાવ્યા. માતાને જ્યારે જાણ થઈ ત્યારે પુત્રવધૂનું સુખ જોવાની તેમની આશાઓ પર પાણી ફરી વળ્યું. પ્રભુ માતાને કહે છે કે, મારું મન હવે મનુષ્યસંબંધી સ્ત્રીમાંથી વિરક્ત થયું છે અને મુક્તિરૂપી સ્ત્રીમાં આસક્ત થવા લાગ્યું છે. મુક્તિરૂપી સ્ત્રી જે વિરાગમાં રાગવાળી છે તેની હું ઈચ્છા કરું છું. વરરાજા નેમિકુમાર દીક્ષા માટે તૈયાર થયા તેથી દેવો અને ઈન્દ્રો તેમના દીક્ષાકલ્યાણકને ઊજવવા આવી પહોંચ્યા. દેવોએ પ્રભુને કહ્યું કે, 'હે પ્રભો! વિવાહ સમયે જ વૈરાગ્યનો આપનો આ પ્રસંગ ઘણા જીવોને વૈરાગ્યની પ્રેરણા આપશે. સંસારના વિષયોમાં સુખ નથી, પણ આત્માની વીતરાગતામાં જ સુખ છે એવો ધર્મસંદેશ આપના જીવનમાંથી જગતને મળશે. આપના દ્વારા ઘણા જીવોનું કલ્યાણ થશે.

શ્રાવણ સુદ છઠ્ઠનો દિવસ જે પ્રભુનો જન્મદિવસ હતો તે જ તેમનો દીક્ષાદિન પણ બન્યો. વસ્ત્ર તથા અલંકારનો ત્યાગ કરી પ્રભુ અપરિગ્રહી બન્યા. વીતરાગી વેશમાં પ્રભુ અત્યંત સુંદર લાગતા હતા. આત્મધ્યાનમાં લીન મુનિરાજના અચિંત્ય રત્નત્રય વૈભવને દેખીને મોક્ષસુંદરી તેના પર મુગ્ધ બની ગઈ અને તત્ક્ષણ મનઃ પર્યવજ્ઞાનને મોકલીને સંદેશો કહેવડાવ્યો કે મોક્ષસુંદરી તેમને વરવા શીઘ્ર આવી રહી છે. પ્રભુ ચોપન દિવસ અને રાત ધ્યાનમાં રહ્યા અને પંચાવનમાં દિવસે આસો વદ અમાસના દિવસે પ્રભુને કેવળજ્ઞાન અને કેવળદર્શન થયું. પ્રભુએ ચતુર્વિધ સંઘની સ્થાપના કરી. પ્રભુને અંતરમાં ધ્યેય, ધ્યાન અને ધ્યાતા એકાકાર થઈ રહ્યાં છે અને કોઈ જ વિકલ્પ કે બાહ્યવૃત્તિ નથી. બધાં ઘાતીકર્મોનો નાશ કરી પ્રભુ સર્વજ્ઞ થયા, શુદ્ધ-બુદ્ધ થયા.

રાજીમતીને પ્રભુ પ્રત્યે અપાર પ્રેમ હતો. રાજમહેલના ઝરુખામાં ઊભેલી રાજુલ વિચારે છે કે અમારી ભવોભવની પ્રીત છોડીને પ્રભુ કેમ ચાલી ગયા. પ્રભુ! જો આપને લગ્ન નહોતા કરવા તો પછી જાન જોડીને અહીં સુધી શા માટે આવ્યા? કે પછી પશુડાંની જેમ મને પણ સંસારબંધનથી છોડાવવાનું આ નાટક જ હતું? આપની સાથે મને પણ મોક્ષપુરીના રાહે લઈ જવા માટે જ શું આપ અહીં પધાર્યા હતા? મને વૈરાગ્યનો સંદેશ દેવા માટે જ આપે વરરાજાનો વેશ લીધો હતો? હે પ્રભુ, આપની લીલા અજબગજબની છે. આપના જીવન સાથેનો મારો સંબંધ થયો તેમાં મારા હિતનો કોઈ અજબ સંદેશ છે. રાજીમતીએ વિચાર્યું કે પ્રભુને ધન્ય છે કે જેમણે મોહને જીતી લીધો છે અને ધિક્કાર છે મને કે હું મોહના કાદવમાં ફસાયેલી છું. મારા માટે શ્રેયસ્કર છે કે હું દીક્ષા લઈ લઉં અને રાજીમતીએ દીક્ષા ગ્રહણ કરી લીધી. નેમિનાથના ભાઈ રથનેમિને સંયમ અવસ્થામાં મન સ્થિર કરવા બોધ આપ્યો. રાજીમતી ચારસો વર્ષ ગૃહસ્થાશ્રમમાં રહી એક વર્ષ છદ્મસ્થ અવસ્થામાં અને પાંચસો વર્ષ કેવળી પર્યાયમાં રહીને મુક્ત થઈ.

અર્હંત શ્રી અરિષ્ટનેમિ ત્રણસો વર્ષ કુમાર અવસ્થામાં રહ્યા. ચોપન દિવસ છદ્મસ્થ પર્યાયમાં અને લગભગ સાતસો વર્ષ કેવળજ્ઞાની અવસ્થામાં રહ્યા. આમ પૂરા સાતસો વર્ષ સુધી શ્રમણપર્યાયનું પાલન કરી પછી ચાર અઘાતી કર્મોનો પણ ક્ષય કરી અષાઢ સુદ આઠમના દિને ઉજ્જયંત શૈલ શિખર પર મધ્યરાત્રિએ અરિષ્ટનેમિનો મોક્ષ થયો અર્થાત્ બધાં દુઃખોથી પૂર્ણપણે મુક્ત થઈને સિદ્ધ અવસ્થા પ્રાપ્ત કરી.

શ્રી નેમિનાથ પ્રભુની કુમારઅવસ્થા અતિશય સૌંદર્યથી શોભતી હતી. રાજીમતી જેવી સુંદર કન્યા તેમને વરમાળ પહેરાવવા આતુર હતી. દેવો અને ઈન્દ્ર પણ જેને પૂજે તેવી અદ્ભુત પુણ્યલક્ષ્મીના તે સ્વામી હતા, છતાં પણ ચૈતન્ય વૈભવ પાસે ભગવાને તે બધાને તુચ્છ તરણાની જેમ છોડી દીધા અને સંયમ ધારણ કરીને પરમાત્મા બન્યા અને જગતના જીવો માટે વૈરાગ્યના મહાન આદર્શ બન્યા. ધર્મચક્રની ધરી (નેમિ) બનીને પોતાનું નામ 'નેમિનાથ' સાર્થક કર્યું.

# મુનિ શ્રી સંતબાલજીના જીવનસંદર્ભે જૈન ધર્મમાં સેવાભાવ

■ ગુણવંત બરવાળિયા

કાંતદૃષ્ટા મુનિ શ્રી સંતબાલજીએ જૈન ધર્મના પરિઘમાં રહી સેવાભાવને ઉજાગર કર્યો. તેમણે ચીંધેલાં જનકલ્યાણ અને ધર્મમાર્ગ આજે પણ અનેક સંસ્થાઓ અને વ્યક્તિ માટે આદર્શ પ્રેરણારૂપ બની રહ્યા છે.

વિશ્વવાત્સલ્યના આરાધક મુનિ શ્રી સંતબાલજીનો ઈ.સ. ૧૯૩૬નો પૂરા એક વર્ષનો સમય નર્મદા નદીના કાંઠે મૌન એકાંતવાસસહ સાધનાકાળનો હતો. આ સમય દરમિયાન તેમણે બધા ધર્મોનો અભ્યાસ કર્યો.

વિશેષમાં ધાર્મિક અને આધ્યાત્મિક સાધના ઉપરાંત સંતને સામાજિક બાબતો અંગે શું કરવું, લોકકલ્યાણ માટેની પ્રવૃત્તિઓમાં કેવી રીતે સક્રિય થવું વગેરે બાબતોના સંપૂર્ણ ક્રાંતિકારક વિચારો ઉદ્‌ભવ્યા. આ એકાંતમાં સત્યની અને સ્વની શોધમાં તેમને વિશિષ્ટ આધ્યાત્મિક અનુભવો સાંપડે છે. આ અંગે વધુમાં યશવંત શુક્લે નોંધ્યું છે કે, ''દિવ્યપ્રકાશની અનુભૂતિને તેઓ વિશિષ્ટ અલૌકિક ચમત્કારરૂપે ધરાવતા નથી, પણ વિશ્વમાં વ્યાપ્ત સત્યની એક ઝલક તરીકે પ્રમાણે છે.'' સંતબાલ નવા અવતારે આવે છે. એક વર્ષની આ મૌન તપશ્ચર્યા જગતના અન્ય વ્યાપક ધર્મોનાં તત્ત્વ સાથે સંધાન કરાવે છે, તો સત્ય એ જ બધા આચારોનું પ્રેરકતત્ત્વ બની રહેવું જોઈએ એ શ્રદ્ધામાં જઈને મન ઠરે છે. જે ગાંધીનો, ટૉલ્સ્ટોયનો, રામકૃષ્ણ પરમહંસનો, સ્વામી વિવેકાનંદનો ધર્માનુભવ છે તેને મળતો પૂ. સંતબાલજીનો આ ધર્માનુભવ છે.

''સંતબાલજીને વ્યાપક ધર્મના આ પરિપ્રેક્ષ્યમાં જ ઓળખવા રહ્યા.''

મૌનના અનુભવ પછી મહારાજશ્રીએ જે બાહ્યાચારો હતા તે છોડી દીધા. કોઈ પણ શાકાહારી મનુષ્યને ઘરેથી ભિક્ષા ગ્રહણ, મનુષ્યમાત્રની તાત્ત્વિક સમાનતા વિશે આગ્રહ, પ્રામાણિક પરિશ્રમ, સ્ત્રીઓ માટે આદર અને સમાજસેવા. સંતબાલજીના એક વર્ષના મૌનના આ ચિંતનફળ જીરવવાને રૂઢ ધર્મસમાજ તૈયાર નહોતો. ગુરુ નાનચંદ્રજી મહારાજનું એને આંતરિક અનુમોદન ખરું, પરંતુ એ વ્યવહારનિપુણ ધર્મપુરુષ અદીઠ પરિવર્તનના ઉપાસક હતા એટલે સંતબાલજીના અરૂઢ નિશ્ચયોને જાહેરમાં તાળી આપવાને એ તૈયાર નહોતા. રોષે ભરાયેલા ધર્મસમાજને શાંત પાડવા ગુરુએ શિષ્યને શિષ્યત્વમાંથી જાહેર રીતે રદ કર્યો એ સંતબાલજીના જીવનની દારુણ અવસ્થાનો પ્રસંગ હતો.

ગુરુ નાનચંદ્રજીએ બાહ્ય દૃષ્ટિએ અસ્વીકાર ભલે કર્યો હોય, પણ અંતરથી શિષ્યને એમની અનુમોદના છે અને શિષ્યે તો ગુરુ કર્યા તે કર્યા જ! ગુરુને પાકી પ્રતીતિ થઈ કે શિષ્ય વિશ્વધર્મને માર્ગે છે, પણ એ લોકાચારના માર્ગે નથી, એટલે વ્યવહારદૃષ્ટિએ સંબંધના છેડા છોડવા પડે છે.

**માત્ર આટલેથી અટકી જવું એટલે અર્ધસત્યનું અનુમોદન કરવા જેવું થાય. અર્ધસત્ય વિકૃતિનું પ્રતિનિધિત્વ કરે છે, કોઈ પણ ઘટનાનું એકાંગી અર્થઘટન અસત્ય કરતાંય વધુ ખતરનાક છે, જે મહાન સંતની અશાતના કરે છે.**

અહીં ગુરુનું પગલું માત્ર વ્યવહારધર્મ નિભાવની પ્રતિક્રિયારૂપ છે. ગુરુજી પર દબાણ લાવવામાં આવતા, નાછૂટકે તેને આ પગલું ભરવું પડે છે. જાહેર નિવેદન અને જાહેર લોકસેવાનાં કાર્યોને લીધે તેઓ સંપ્રદાયથી અલગ થયા, પરંતુ સાધુવેશ ન છોડયો અને પોતાના ગુરુદેવ સાથે ભાવદૃષ્ટિએ સંબંધ રહ્યો એટલે જ અંતિમ સમય સુધી સંબંધ સાચવ્યો. પોતાના ગુરુની અંતિમ માંદગીમાં સંતબાલજી એમની સેવામાં છેલ્લા છએક માસ જેટલો સમય રહેલા. ગુરુની જન્મશતાબ્દી ઉજવણી પ્રસંગે મુંબઈના ધર્મપ્રેમીઓએ તેમના આ શિષ્યને આગ્રહ કરી ગુરુશતાબ્દી ઉજવણીમાં પધારવા વિનંતી કરેલ.

સંતબાલજી પર ગુરુદેવ શ્રી નાનચંદ્રજી મહારાજની પણ એટલી કૃપાદૃષ્ટિ ઊતરી કે તેઓએ ભાલનળકાંઠા વિસ્તારમાં પોતાની વિહારયાત્રા ગોઠવી હતી. તેમણે સંતબાલજીની પ્રવૃત્તિ નજરે નિહાળી અને અંત સમયે પરમસંતોષ લઈને ગયા હતા.

પોતાનો શિષ્ય જૈન પરંપરાને આધુનિક યુગના વિચારના અનુસંધાન દ્વારા આગળ ધપાવશે એવી પ્રતીતિ થઈ તેથી જ ગુરુદેવ કવિવર્ય શ્રી નાનચંદ્રજી મહારાજે કહેલ કે **'સંતબાલ જૈન સાધુ નહીં, જગત સાધુ છે.'** ગુરુ કોઈ શિષ્ય માટે તે વિશ્વસંત છે, આવા ઉચ્ચારણ કરે તે શિષ્ય માટે ઉત્કૃષ્ટ ઉપલબ્ધિ, પદવી કે સંપદા કરતાં ઓછું ન ગણાય.

જૈન સંઘો અને શ્રેષ્ઠીઓને અંતે પ્રતીતિ થઈ કે આ સંતનાં જીવન અને વિચારને સમજવામાં કંઈક ગેરસમજ થઈ રહી છે... અને અંતે ગેરસમજનાં વાદળાં વીખરાઈ ગયાં અને સમજણનો સૂરજ ઊગ્યો.

❁ અંતે ઘાટકોપર હિંગવાલા ઉપાશ્રયમાં પૂ. સંતબાલજીનું ભવ્ય ચાતુર્માસ કરાવ્યું.

❁ જૈન શ્રેષ્ઠી ભાણજીબાપાએ ભિલાઈમાં ચાતુર્માસ કરાવ્યું, જ્યાં સર્વધર્મ સમન્વય અને ઉપાસનાનાં કાર્યો થયાં.

❁ જૈન શ્રેષ્ઠી શ્રી કામાણી અને અન્ય જૈન આગેવાનોએ કોલકાતા પધારવા વિનંતી કરી જ્યાં મુનિશ્રી પ્રેરિત પશુબલી વધ નિષિદ્ધ સમિતિ દ્વારા ઐતિહાસિક કામગીરી થઈ.

❁ મુનિશ્રી સંતબાલજીના જીવનકાળ દરમિયાન તેમણે કરેલાં જનહિતનાં કાર્યો પર એક દૃષ્ટિપાત કરીએ તો તેમની મહાનતાનાં દર્શન થયાં વગર રહે નહીં.

ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘ ઉપરાંત વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ દ્વારા મુંબઈમાં માતૃસમાજ અને ચીંચણના મહાવીર નગર કેન્દ્ર દ્વારા અનેક જનહિતનાં કાર્યોના પ્રેરક બન્યા.

લોકઘડતર માટે વિશ્વવાત્સલ્ય પાક્ષિક ૧૯૪૭થી શરૂ કર્યું. ''અભિનવ રામાયણ'', ''અભિનવ મહાભારત'' અને જૈન દૃષ્ટિએ ''ગીતા દર્શન'' ગ્રંથનાં સર્જનોએ મુનિશ્રીને લોકહૃદયમાં પ્રતિષ્ઠા આપી. જાણે મુનિશ્રી ઉત્કૃષ્ટ લોકશિક્ષકની ભૂમિકામાં રહ્યા અને પૂ. સંતબાલજીની વિવિધલક્ષી પ્રવૃત્તિમાં આપણા રાષ્ટ્રના જાણીતા સંતો પૂ. રવિશંકર મહારાજ, મુનિ નેમિચંદજી, પૂ. માનવમુનિ, પૂ. જનકવિજયજી અને પૂ. જ્ઞાનચંદ્રજી આદિ સંતોનો સહકાર મળ્યો.

મુનિશ્રી ન્યાયને પુષ્ટિ કરતાં આંદોલનો, શુદ્ધિપ્રયોગો અને સમાજમાં નૈતિક હિંમતને પ્રબળ કરવાના સમ્યક્ પુરુષાર્થના પ્રેરક હતા.

સુધારણાના કાર્યક્રમો અને આંદોલનોના અડાબીડ જંગલ વચ્ચે પણ મુનિશ્રી 'ઉત્તરાધ્યયન સૂત્ર' 'ધર્માનુબંધી વિશ્વદર્શન' અને 'આચારાંગ સૂત્ર'ની વિવેચના લખી અધ્યાત્મનું નંદનવન સર્જતા હતા. મુનિ શ્રી સંતબાલજી સ્વ-પર સાધના માટે ખૂબ જ જાગૃત હતા. પ્રત્યેક સાધક સાથે એકાત્મતાનો અનુભવ કરતાં તેઓના નીચેના શબ્દો પ્રત્યેક સાધકને પોતાના બનાવી દે છે.

**''સાધકોનો વિકાસ મારો પ્રમોદ છે, સાધકોનું સૂક્ષ્મ પતન પણ મારું આંસુડું છે.''**

મુનિશ્રીએ સાધકોને લખેલા પત્રો : વિશ્વચેતના સાથે અનુસંધાન આ પત્રો વાંચતાં મુનિશ્રીમાં ગુરુપદમાં લોકોત્તર પ્રતિષ્ઠાનું ચિંતન કરનાર આત્મસ્થ સંતનાં દર્શન થાય છે.

**ૐ મૈયાના આરાધક અને વિશ્વવાત્સલ્યના સંદેશવાહક મુનિ શ્રી સંતબાલજીના જીવનમાં નિશ્ચય અને વ્યવહારનો અદ્‌ભુત સમન્વય જોવા મળે છે.**

મુનિશ્રીએ દર્શાવ્યું હતું કે જૈન સંત તરીકે દીક્ષા લીધા પછી તેઓ એક વિશાળ વિશ્વયોજનાઓનો ભાગ છે. જૈન સાધુએ સમાજની સુધારણા માટે કામ ન કરવું જોઈએ એવું નથી, આવાં કામ માટે કોઈ મનાઈ ફરમાવવામાં આવી નથી. મુનિશ્રીનું આ વિધાન ભગવાન મહાવીરના જીવન સંદર્ભે વિચારવું રસપ્રદ થઈ પડશે. ભગવાન મહાવીરે પોતાના સંઘમાં શુદ્ર જાતિના લોકોમાંથી મેતાર્યમુનિ અને મુનિ હરિકેશીને દીક્ષિત કરી અસ્પૃશ્યતા નિવારણના વિચારને પુષ્ટિ આપી પશુબલી પ્રથાને બંધ કરાવી, હિંસા રોકી, ચંદનબાળાના હાથે બાકુળા વહોરાવી દાસીપ્રથાની નાબૂદી માટે પ્રેરણા કરી.

ભગવાને મોરાક ગામના તાંત્રિક અચ્છંદકના પાખંડને ખુલ્લાં પાડીને લોકોને અંધશ્રદ્ધા અને વહેમની બેડીમાંથી મુક્ત કર્યા.

કૌશામ્બીની રાણી મૃગાવતીના રૂપ પર મોહિત રાજા ચંદ્રપ્રદ્યોતને ધર્મદેશના સંભળાવી મૃગાવતીને મુક્તિ અપાવી. આ યુદ્ધભૂમિમાંનું સ્થળ અશુચિ, રૂધિર અને માંસથી ખરડાયેલું હોવા છતાં ભગવાન ઉગ્ર વિહાર કરી પધાર્યા તે મહાવીરની પ્રબુદ્ધ કરુણા, સામાજિક ચેતનાના વિકાસનું પ્રેરક બળ બની એક સ્ત્રીના શીલનું રક્ષણ કરે છે.

ભગવાન મહાવીરના જીવનપ્રસંગોમાં જનહિત અને લોકકલ્યાણની ભાવના અભિપ્રેત છે. **મહાવીર ધર્મના કણકણમાં માનવતાનું અમૃત છલકાઈ રહ્યું છે. મુનિ સંતબાલજી આવા અમૃત પ્યાલાના પુરસ્કર્તા હતા.**

સંત તો સંસારની બળબળતી બપોરમાં ચંદન જેવી શીતળતા આપે છે.

જૈન દર્શનમાં ''સ્વ-પર-કલ્યાણ''ની વાત આવે છે. મારા કલ્યાણ સાથે વિશ્વકલ્યાણનો વિચાર આ ખ્યાલમાં અભિપ્રેત છે.

શ્રમણ સંસ્કૃતિના વિશિષ્ટ પૂર્વાચાર્યો પૂ. હેમચંદ્રાચાર્ય, પૂ. વિજયવલ્લભસૂરિ, પૂ. અમરમુનિ અને મુનિ શ્રી સંતબાલજી જેવાએ આ દિશામાં કાર્ય કરી જૈન ધર્મના સેવાભાવને ઉજાગર કર્યો છે.

આચાર્ય આનંદઋષિ, સૌરાષ્ટ્રકેસરી પ્રાણગુરુ, આચાર્ય તુલસીએ લોક કલ્યાણની પ્રેરણા કરી, સમયના સાંપ્રત પ્રવાહમાં આચાર્ય ચંદ્રશેખર મ.સા.એ વીર સૈનિક તપોવન સંસ્કારધામ, પૂ. હેમરત્ન વિજયજીના શિષ્યોએ એલર્ટ યંગ ગ્રુપ, યુગ દિવાકર, પૂ. નમ્રમુનિ મ.સા. અર્હમ યુવા ગ્રુપને, પૂ. નયપદ્મસાગરજી જીતો દ્વારા જનહિતના કાર્યો માટે પ્રેરે છે.

ઘાટકોપર હિંગવાલા ઉપાશ્રયમાં ભારતના પૂર્વ વડા પ્રધાન સ્વ. મોરારજી દેસાઈના અધ્યક્ષસ્થાને યોજાયેલી શ્રદ્ધાંજલિ સભામાં જૈન ચિંતક ચીમનલાલ ચકુભાઈ શાહ સહિત અનેક સંઘપતિઓ અને શ્રેષ્ઠીવર્યોએ મુનિ શ્રી સંતબાલજીનો ગુણાનુવાદ કરી શ્રદ્ધાંજલિ આપી હતી.

# પિરામિડ વાસ્તુ

■ શ્રીમતી મીનાક્ષી શેઠ (પિરામિડ વાસ્તુ એક્સપર્ટ)

આપણે ગયા અંકમાં બ્રહ્મસ્થાનના મહત્ત્વ વિષે જાણ્યું અને એ પણ સમજ્યા કે આપણું મનુષ્યજાતિનું અસ્તિત્વ પંચમહાભૂતોનું એટલે કે જળ, અગ્નિ, વાયુ, આકાશ, પૃથ્વી તત્ત્વનું બનેલું છે અને વાસ્તુ એટલે કે આપણા શરીરની બહારના વાતાવરણમાં જે પંચમહાભૂત રહેલાં છે તેની એકરૂપ થવું. હંમેશાં જે વ્યક્તિ કુદરતને આધીન અને અનુરૂપ જીવન જીવે છે તેનું જીવન ઉચ્ચતમ કોટિનું બને છે અને જે વ્યક્તિ કુદરતના નિયમની વિરુદ્ધ જીવવાનો પ્રયાસ કરે છે તેને જીવનમાં તકલીફ આવ્યા વગર રહેતી નથી. એટલે આ પંચમહાભૂતોનું બેલેન્સ જીવનમાં પણ બેલેન્સ સર્જે છે.

તત્ત્વોના અસમતુલનથી પૃથ્વી પર પણ ધરતીકંપ, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, જવાળામુખી, વાવાઝોડાં વગેરે અનેક અનર્થ સર્જાય છે. આપણા ઘરમાં પણ એ જ તત્ત્વો એ રીતે કાર્ય કરતાં હોય છે. તો આપણે આજે આ પાંચ તત્ત્વો શું છે એના વિષે ટૂંકમાં સમજીશું.

**અગ્નિતત્ત્વ :** પૃથ્વી પર સમગ્ર ઊર્જાનું કારક અગ્નિતત્ત્વ છે. અગ્તિતત્ત્વ વગર જીવન શક્ય બને જ નહીં. વિજ્ઞાન અને ધર્મ બન્નેમાં અગ્નિ ભગવાન તરીકે પૂજાય છે. અગ્નિ જે સૂર્યનું એક વાયબ્રન્ટ ફૉર્મ છે. પવિત્ર અગ્નિનું મહત્ત્વ ભારતમાં હિંદુ શાસ્ત્રમાં અનેક ગણું છે. ભારતીયો સૂર્યને પિતા અને પૃથ્વીને માતા તરીકે પૂજે છે. અગ્નિતત્ત્વ પ્રકાશનું કાર્ય કરે છે. મનુષ્યના શરીરમાં રહેલી ચેતના, ઊર્જા પણ એક અગ્નિનું જ સ્વરૂપ છે. અગ્નિનાં બે સ્વરૂપ છે, 'જ્યોતિ સ્વરૂપ' જે જીવને સુખ, પ્રેમ, શાંતિ, સમૃદ્ધિ અર્પે છે અને 'જ્વાલા સ્વરૂપ' જે જીવનમાં ઘણુંબધું ભસ્મ કરી શકે છે. અગ્નિતત્ત્વનું ઘરની અંદરનું સમતુલન જીવનમાં શારીરિક તંદુરસ્તી, સમૃદ્ધિ, વિકાસ, પ્રગતિ, સફળતા અને યશ અપાવે છે અને આ તત્ત્વનું અસમતુલન જીવનમાં બીમારી, માનસિક અશાંતિ, વ્યગ્રતા, ટેન્શન, દુર્ભાગ્ય અપાવે છે. એટલે સૌથી મહત્ત્વની વાત કે ઘરમાં આપણું રસોડું અગ્નિ દિશામાં હોવું જોઈએ.

**જળતત્ત્વ :** માનવીના જીવન માટે જળતત્ત્વ પણ ખૂબ જ મહત્ત્વનું છે. પાણી સમગ્ર જીવનસૃષ્ટિને જીવંતતા આપે છે. પૃથ્વી પરના પાણીનું અગ્નિતત્ત્વથી બાષ્પીભવન થઈ વાદળ બનીને ફરી એ વાદળ સ્વરૂપે વરસે છે અને પૃથ્વી પર અમૃત બનીને આવે છે. મનુષ્યના શરીરમાં પણ વધુમાં વધુ જળતત્ત્વ રહેલું છે અને શરીરના રક્તપ્રવાહને વહેતું રાખે છે, જીવનમાં તરલતા રહે છે. ઉત્તર દિશા અને ઈશાન ખૂણા પર જળતત્ત્વનો પ્રભાવ હોય છે. જ્યાં જળતત્ત્વનું બેલેન્સ હોય તે ઘરમાં લક્ષ્મી, સમૃદ્ધિનો પ્રવાહ પણ સુસંગત થઈને વહે છે. પૃથ્વીમાં ચુંબકત્ત્વના લીધે વીજળીક ઊર્જા પાણીમાં પૃથ્વીની સપાટી પર વહે છે. દિવ્ય કૉસ્મિક એનર્જી અને મેગ્નેટિક એનર્જી વચ્ચેનું જોડાણ જળતત્ત્વ કરે છે.

**વાયુતત્ત્વ :** વાયુતત્ત્વ એટલે હવાનું સમતુલન જે આપણા શ્વાસ અને ઉચ્છવાસ સાથે અને ધ્વનિશક્તિ સાથે પણ જોડાયેલ છે, જેને આપણે જોઈ શકતા નથી, માત્ર મહેસૂસ કરી શકીએ છીએ. વાયુમાં શબ્દ અને સ્પર્શ બન્ને ગુણ છે. સ્પર્શથી સંવેદના જાગૃત થાય છે અને સંવેદનાથી ચેતના જાગૃત થાય છે એટલે કે ઘરની અંદર હવાની પ્રોપર અવરજવર બરાબર થવી જોઈએ. પશ્ચિમ દિશા અને વાયવ્ય ખૂણા પર વાયુતત્ત્વનો પ્રભાવ જોવા મળે છે જેની અસર આપણા કૉમ્યુનિકેશન પર થાય છે અને એના લીધે રિલેશન, બિઝનેસ પર અસર જોવા મળે છે.

**પૃથ્વીતત્ત્વ :** પૃથ્વીતત્ત્વ પણ મહત્ત્વનું તત્ત્વ છે. આપણા ઘરનું બાંધકામ પૃથ્વી પર થાય છે, નહીં કે જળ, અગ્નિ, વાયુ કે અવકાશ પર. પૃથ્વીતત્ત્વ સ્થિર તત્ત્વ છે, જે દરેક વસ્તુને પકડીને રાખે છે. પૃથ્વી પર ઉત્તર અને દક્ષિણ એમ બે ચુંબકીય તત્ત્વ છે, જે ગુરુત્વાકર્ષણની શક્તિ ધરાવે છે. પૃથ્વીની એનર્જી અને અવકાશ એનર્જી એટલે કે 'મા' એનર્જી અને 'ફા' એનર્જી આ બન્ને વચ્ચે મનુષ્યની ચેતના જીવંત રહે છે. પૃથ્વીની મેગ્નેટિક ઊર્જા અને કુદરતની દિવ્ય ઊર્જાના સમન્વયથી મનુષ્યની શારીરિક અને આધ્યાત્મિક બાયોરિધમ જળવાય છે. નૈઋત્ય ખૂણા પર પૃથ્વીતત્ત્વનું આધિપત્ય રહેલું છે.

**અવકાશતત્ત્વ :** અવકાશતત્ત્વ એટલે બ્રહ્માંડની દિવ્ય ઊર્જા. જેટલો કૉસ્મિક એનર્જીનો પ્રવાહ વધુ તેમ મનુષ્ય આત્માથી પરમાત્મા ઉચ્ચ શક્તિ સાથે જોડાય છે. દરેક જગ્યાએ અવકાશતત્ત્વ રહેલું છે. ઘર, મકાન, મંદિરમાં જેટલી ઊંચાઈ વધારે તેટલું વધારે અવકાશતત્ત્વ પ્રાપ્ત કરી શકીએ છીએ. ઓછી ઊંચાઈ તેમ અવકાશતત્ત્વ ઓછું એટલે ઓછી ઊંચાઈવાળા ઘરમાં તકલીફો વધુ જોવા મળે છે. કોઈ પણ ધર્મસ્થાનક જેમ કે મંદિર, દેરાસર, મસ્જિદ, ગુરુદ્વારા દરેકનાં શિખરોમાં, ઘુમ્મટમાં અવકાશશક્તિ વધુ હોય છે. તેથી જ ત્યાં બેસવાથી મનને પરમશાંતિ અને આનંદનો અનુભવ થાય છે. ઘરના બ્રહ્મસ્થાનમાં અવકાશતત્ત્વનું સ્થાન રહેલું છે. એટલે બ્રહ્મસ્થાન બને એટલું ખુલ્લું અને સ્વચ્છ હોવું જોઈએ.

આમ પંચમહાભૂતો આપણા જીવનમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. હવે પછી આ પંચમહાભૂત પ્રમાણે ઘરની કંઈ દિશામાં શું હોવું જોઈએ તે જોઈશું.

વધુ માહિતી માટે મો.નં.: ૯૩૨૦૨૭૭૬૫૫ ઉપર સંપર્ક કરવો...

# ઘાટકોપર ખાતે પુસ્તક મેળો

**શનિવાર, તા. ૩-૯-૨૦૧૧ થી સોમવાર, તા. ૧૨-૯-૨૦૧૧ સમયઃ સવારે ૧૦ થી રાત્રે ૮.૩૦**

**સ્થળઃ ઘાટકોપર હિન્દુ સભા, સ્ટેશન સામે, ઘાટકોપર (વેસ્ટ).**

## ગુજરાતી તથા અંગ્રેજી પુસ્તકોનો મહાસાગર

**વિલ યાને વસિયતનામું કેવી રીતે બનાવશો ? લેખક : રસિક છ. શાહ કિંમત : રૂ. ૨૪૦/- (બીજી આવૃત્તિ)**




કોને શું આપવું ? કોણ શેને લાયક છે ? કાયદો ક્યાં નડે છે ? મારે હવે શું કરવું ? જેથી મારા મૃત્યુ પછી મારા સંતાનો મિલકત મેળવવા ઝઘડો ન કરે. શાંતિથી આપેલું સ્વીકારી લે, જેને જે મળ્યું તેમાં સંતોષ માને આ ચિંતામાંથી મુક્ત થવા અને દરેક મિલકત ધરાવનારની ઇચ્છા શાંતિપૂર્વક પતી જાય તે માટે કાયદાનું આ પુસ્તક સામાન્ય ભણેલા અને કાયદાનું જ્ઞાન ન ધરાવતી વ્યક્તિ માટે સરળ અને સાદી ભાષામાં લખવામાં આવ્યું છે. સામાન્ય માણસ ઉપરાંત વસિયતનામાનો દસ્તાવેજ બનાવનાર વકીલોને પણ ઉપયોગી નીવડશે.

**સ્વ-ચિકિત્સા લેખક : ડૉ. રસિક છ. શાહ કિંમત : રૂ. ૩૫૦/-**
**(પોતાના રોગ પોતે કેમ મટાડવા તેવી અનેક સરળ અને સચોટ રીતો-૪૦૦ થી વધુ પાના)**




અનેક દરદીઓ અવારનવાર પૂછે છે કે અમે અમારી પોતાની ચિકિત્સાના પોતે જ ન કરી શકીએ ? કારણ કે ઔષધ વિના રોગમુક્ત બનવામાં ચિકિત્સક પાસે જવું પડે છે. રોગમાંથી મુક્તિ મેળવવા લાંબો સમય લાગે છે અને હેરાન થવું પડે છે. ઉપરની બાબત તદ્દન સાચી છે. આ માટે વિચાર કરતાં અનેક ઇલાજો (થેરેપીસ) મળી આવી. આમાંથી કેટલીક રીતો આ પુસ્તકમાં આપી છે, જેનાથી દરદી પોતે સ્વ-ચિકિત્સા કરી જલદી રોગમુક્ત બની શકે છે. ઔષધ વિના દરદો કેમ મટાડવા તે વિદ્યા ભારત દેશ માટે આશ્ચર્યકારક નથી. આપણા ઋષિ શ્રી ચરકે આયુર્વેદની શોધ કરી તે પહેલાં પણ મનુષ્યને રોગ થતા હતા અને તે કાં તો જડીબુટ્ટી અથવા દવા વિનાની ક્રિયા દ્વારા મટાડવામાં આવતા હતા. એક જ ગ્રંથમાં ચિત્રો સહિત ઘણા બધા વિષયોને આવરી લીધા છે, જેવા કે : **૧. માનવશરીરની રચના તથા રોગની પરખ, ૨. સ્વચિકિત્સા, ૩. દિવ્યશક્તિ દ્વારા રોગમુક્તિ, ૪. આપણો ખોરાક પૌષ્ટિક આહાર. ૫. ઘઉંના જ્વારા, ૬. રસાહાર દ્વારા રોગમુક્તિ, ૭. સ્વમૂત્ર, ૮. લસણ અને સફરજનોનો સરકો, ૯. એક્યુપ્રેશર થેરેપી ૧૦. સૂજોક થેરેપી, ૧૧. લોહચુંબક ચિકિત્સા, ૧૨. ચક્ર દ્વારા રોગમુક્તિ, ૧૩. મુદ્રા તથા રોગનિવારણ, ૧૪. રુદ્રાક્ષ, ૧૫. રત્ન, ૧૬. સ્ફટિક, ૧૭. શક્તિશાળી પથ્થર, ૧૮. જળ તથા સ્પા થેરીપી, ૧૯. એરોમા થેરીપી, ૨૦. ફૂલોના અર્કથી રોગમુક્તિ, ૨૧.ધ્યાન, ૨૨.ટેલિથેરેપી, ૨૩. અગમ્યવિદ્યા, ૨૪. ત્રાટકવિદ્યા જેવા વિષયો દ્વારા સ્વ-ચિકિત્સા કરી શકાશે.**

## નવભારત સાહિત્ય મંદિર

**૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, શામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ - ૪૦૦ ૦૦૨. ફોન : ૨૨૦૧૭૨૧૩, ૨૨૦૮૫૫૯૩**

# લગ્નઇચ્છુક યુવક-યુવતીઓની યાદી

લગ્નઈચ્છુક યુવક-યુવતીઓની યાદીમાં છપાવવા માટે નામ મોકલનાર વડીલોને ખાસ વિનંતી કે BIO-DATAમાં મોકલનારનું નામ, સહી તેમ જ ફોન નંબર/મોબાઈલ નંબર સ્વચ્છ અક્ષરમાં મોકલે. જે.જે.સી.-સેન્ટ્રલ બોર્ડની ઑફિસ દ્વારા તેઓનો સંપર્ક ટેલિફોન દ્વારા થયા બાદ જ તેમની વિગત ''જાગૃતિ સંદેશ''માં છાપવામાં આવશે. BIO-DATA મોડામાં મોડા દરેક મહિનાની ૩૦ તારીખ સુધીમાં ઑફિસમાં મળી જવો જોઈએ. મોડી Entry ત્યાર પછીના અંકમાં છાપવામાં આવશે.

## યુવતી

| નં. | નામ, જન્મતારીખ, ઊંચાઈ, અભ્યાસ, વ્યવસાય | ધર્મ, મૂળ વતન, હાલ | સંપર્ક |
|---|---|---|---|
| ૧) | ભાવિકા વિનયભાઈ શાહ, ૨૪-૧૨-૧૯૮૪, ૫'-૦''<br>Home Science, Interior Designer & Decoration, – ટ્યુશન | વીસા શ્રી. શ્વે. દેરા. જૈન<br>ખંભાત – કાંદિવલી (ઈસ્ટ) | (ઘર) ૨૮૮૭૦૨૪૫<br>(મો) ૯૮૨૧૩૮૨૦૨૯ |
| ૨) | પાયલ વિજયભાઈ ઝવેરી, ૧૭-૪-૧૯૮૧, ૫'-૪''<br>B.Com., M.B.A., INIFD Pre for USA – (ઘર-૨૪૯૮૫૭૮૭) | વીસા શ્રીમાળી દેરા. જૈન<br>પાટણ – વરલી (મુંબઈ) | (ઑ) ૨૪૯૮૫૭૮૭<br>(મો) ૯૮૯૨૯૬૬૭૭૯ |
| ૩) | અવનિ કિરીટકુમાર શાહ, ૨૪-૮-૧૯૮૬, ૫'-૭''<br>H.S.C., – ફાર્માસ્યુટિકલ કંપનીમાં એકાઉન્ટ આસિ. | શ્વેતાંબર મૂ. પૂ. જૈન<br>ધોરાજી – ઘાટકોપર | (ઘર) ૨૫૦૦૨૧૦૭<br>(મો) ૯૩૨૨૫૦૯૫૫૧ |
| ૪) | કિરણ પરિમલભાઈ ગાંધી, ૧૫-૩-૧૯૭૦, ૫'-૩''<br>C.A., | દશા શ્રીમાળી દેરા. જૈન<br>રાજકોટ – મુંબઈ | (ઘર) ૨૬૭૧૬૦૧૬<br>— |
| ૫) | ભૂમિકા સુધીરચંદ્ર શાહ, ૨૦-૧-૧૯૮૫, ૫'-૩''<br>M.Com., C.A., – સર્વિસ | દેરાવાસી જૈન<br>ભરૂચ – અંધેરી | (ઘર) ૨૬૭૭૬૨૭૫<br>(મો) ૯૮૨૦૧૨૫૧૯૯ |
| ૬) | શ્વેતા જયેશકુમાર શાહ, ૨૧-૧-૧૯૮૮, ૫'-૧''<br>આઈ. ટી. એન્જિનિયર ઍન્ડ વેબડીઝાઈનર – બિઝનેસ | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>સુદામડા – સિદ્ધપુર | (ઘર) ૦૨૭૬૭-૨૨૧૭૮૪<br>(મો) ૯૮૨૫૫૯૧૯૫૨ |
| ૭) | વૈશાલી રાજેન્દ્રભાઈ બાબરિયા, ૧૦-૧૧-૧૯૮૪ ૫'-૩''<br>B.Com., M.Com., PGDCA, – | દશા શ્રીમાળી દેરા. જૈન<br>બરવાળા – સુરેન્દ્રનગર | (ઘર) ૦૨૭૫૨-૨૩૧૦૪૯<br>(ઑ) ૦૨૭૫૨-૨૪૨૨૪૧ |
| ૮) | પૂજા નીતિનભાઈ મહેતા, ૨૩-૭-૧૯૮૫, ૫'-૫''<br>M.Sc., M.Ed., – | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>સરાપાદર – રાજકોટ | (મો) ૯૪૨૮૪૬૫૯૭૭<br>૯૩૭૫૪૩૧૩૯૨ |
| ૯) | નેહા લલિતભાઈ ટોળિયા, ૧૬-૧-૧૯૮૫, ૫'-૪''<br>B.Com., – | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>રાજકોટ – રાજકોટ | (ઘ) ૦૨૮૧-૨૪૪૭૭૦૩<br>(મો) ૯૩૭૫૬૯૩૮૦૦ |
| ૧૦) | હેતલ પંકજભાઈ માવાણી, ૧૬-૮-૧૯૮૫, ૫'-૭''<br>B.E., (IT), M.B.A., (Finance) – સર્વિસ (મંગળ છે) | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>જૂનાગઢ – ચાલીસગાંવ | —<br>(મો) ૯૪૨૮૭૦૫૮૬૮ |
| ૧૧) | ડૉ. વિભા વિનોદકુમાર ગોસલિયા, ૬-૫-૧૯૮૧, ૫'-૩''<br>MBBS, MD (PSM) – (આસિ. પ્રોફેસર મેડિકલ કૉલેજ-ભાવનગર) | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>રાજકોટ – રાજકોટ | (ઘર) ૦૨૮૧-૨૫૭૧૫૨૫<br>— |
| ૧૨) | દીપ્તિ ભુપતરાય ઠોસાણી, ૨૯-૫-૧૯૮૧, ૫'-૨''<br>B.Com.+Compute Telly Pursuing MBA, – સર્વિસ | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>સાવરકુંડલા – મલાડ | (ઘર) ૨૮૮૩૦૩૦૮૨૭/૨૧૧૪<br>(મો) ૯૬૧૯૭૦૭૪૯૪ |
| ૧૩) | સોનલ અશોકભાઈ મહેતા (૧૨-૫-૧૯૭૭), ૫'-૨''<br>B.Com., – કૉમ્પ્યુટર ઑપરેટિંગ-ગ્રાફિક્સ-એકાઉન્ટિંગ (ટેલી ૫.૪) | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>ભુંભલી – ઘાટકોપર | (ઘર) ૨૫૦૬૨૨૨૦<br>(મો) ૯૮૯૨૦૦૨૬૬૦ |

## યુવક

| | | | |
|---|---|---|---|
| ૧) | કૌશલ વિનોદભાઈ શાહ, ૧૮-૧૦-૧૯૮૧, ૫'-૬''<br>F.Y.J.C. – બિઝનેસ (વેવિશાળ મૂકેલ છે, મંગળ છે) | વીસા ઓસ. દેરા. જૈન<br>પ્રભાસપાટણ – બોરીવલી | (ઘર) ૨૮૦૫૯૯૧૦<br>(મો) ૯૮૯૨૦૧૬૩૬૭ |
| ૨) | નિકુંજ હેમેન્દ્રભાઈ શાહ, ૧૩-૩-૧૯૮૫, ૫'-૮''<br>MBA, – બિઝનેસ (મંગળ છે) | વીસા ઓસ. દેરાવાસી જૈન<br>પ્રભાસપાટણ-બોરીવલી | (ઘર) ૨૮૬૨૨૭૧૨<br>(મો) ૯૩૨૩૮૧૦૩૪૩ |
| ૩) | સોહિલ ભરતકુમાર શાહ, ૩૦-૯-૧૯૮૨, ૫'-૧૦''<br>B.E. (Electronics & Telecomunication) – બિઝનેસ | કાંઠા સત્તા. વીસા શ્રી. જૈન<br>આગલોડ – અંધેરી | (ઘર) ૨૮૩૭૦૯૧૩<br>(મો) ૯૮૬૭૨૮૩૭૦૯ |
| ૪) | મનીષ મનસુખલાલ ચંદરિયા, ૨-૧-૧૯૭૭, ૫'-૮''<br>B.Com., Computer – સર્વિસ (છૂટાછેડા લીધેલ છે) | હા. વી. ઓ. જૈન-જામનગર<br>રાવલસર – ભિવંડી | (ઘર) ૦૨૫૨૨૨૨૩૧૬૩<br>— |
| ૫) | પીયૂષ પ્રેમચંદ શાહ, ૨-૧-૧૯૭૮, ૫'-૪''<br>C.A., – સર્વિસ (સગપણ તૂટેલ છે) (શનિ છે) | હા. વી. ઓ. જૈન-જામનગર<br>તરઘરી દેવરિયા-અંધેરી | (ઘર) ૨૬૮૩૯૯૮૧<br>(ઑ) ૨૮૨૧૪૬૬૯ |
| ૬) | ત્રિલોક અતુલકુમાર બાવીશી, ૧૧-૩-૧૯૮૫, ૬'-૧''<br>M.B.A., – સર્વિસ | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>ગોંડલ – મુલુંડ | (ઘર) ૨૫૮૨૩૨૪૪<br>(ઑ) ૨૫૮૨૩૨૯૦ |
| ૭) | ધવલ અશ્વિનભાઈ કોઠારી, ૨૫-૬-૧૯૮૩, ૫'-૬''<br>સર્વેયર - બી.એ. બજાજ કંપનીમાં સર્વિસ | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>હાલ ઉપલેટા | (ઘર) ૯૫૨૮૨૬-૨૨૪૮૧૮<br>— |
| ૮) | નીરજ રાજેન્દ્રકુમાર કોઠારી, ૪-૧૨-૧૯૮૩, ૫'-૯''<br>B.Com., DTLP, – બિઝનેસ (ફાસ્ટફૂડ) | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>હાલ ઉપલેટા | (મો) ૯૪૨૮૨૭૩૪૩૦<br>— |
| ૯) | ગૌરવ હર્ષદભાઈ શાહ, ૧૬-૧૦-૧૯૮૩,<br>M.B.A., – બિઝનેસ (ઈલેક્ટ્રીકલ) | વીસા શ્રીમાળી સ્થા. જૈન<br>ભાડિયાદ – ઉજ્જૈન | (ઘર) ૦૭૩૪-૨૫૫૨૫૭૫૨<br>(મો) ૦૯૪૨૪૦૯૯૯૦૯ |
| ૧૦) | વિરાજ ધીરજલાલ દેસાઈ, ૧૬-૮-૧૯૭૨, ૫'-૮''<br>S.S.C., – સર્વિસ | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>હાલ ધોરાજી | (ઑ) ૨૨૦૬૩૨<br>(મો) ૯૯૦૯૩૬૦૦૭૨ |
| ૧૧) | તેજસ પ્રદીપભાઈ શાહ, ૧૫-૧૧-૧૯૮૨, ૫'-૬''<br>S.Y.J.C. & Computer – રિયલ એસ્ટેટ, કાર લેવા વેચવા | દેરાવાસી જૈન<br>વેરાવળ – બોરીવલી | (ઘર) ૬૧૪૫૦૦૮૮<br>(મો) ૯૨૨૩૨૩૩૯૧૧ |
| ૧૨) | સંદીપ શશિકાંતભાઈ કારાનિયા, ૪-૧૨-૧૯૮૧, ૫'-૭''<br>B.Com., – બિઝનેસ (છૂટાછેડા લીધેલ છે) | હા. વીસા ઓસ. જામનગર<br>લાખાબાવડ – ભિવંડી | (ઘર) ૦૨૫૨૨-૨૫૫૩૨૭<br>(મો) ૯૯૭૦૨૫૭૩૮૩ |
| ૧૩) | દીપેશ કિશોરભાઈ મહેતા, ૨૨-૧૧-૧૯૭૭, ૫'-૬''<br>S.Y.B.Com., – બિઝનેસ (ક્લોથ મર્ચન્ટસ) | દશા ઝાલા. દેરાવાસી જૈન<br>હાલ સુરેન્દ્રનગર | (ઘર) ૦૨૭૫૮-૨૬૦૩૫૮<br>(મો) ૯૨૨૮૨૭૧૬૫૯ |
| ૧૪) | પ્રિતેશ ભૂપતરાય મહેતા, ૨૧-૧૧-૧૯૮૧, ૫'-૧૦''<br>S.S.C., – સર્વિસ (સુપરવાઈઝર) | દશા શ્રીમાળી દેરા. જૈન<br>મોરબી – વિરાર (વેસ્ટ) | (મો) ૦૯૯૭૦૫૫૯૭૨૨<br>૦૯૩૨૪૦૩૨૫૨૦ |
| ૧૫) | વિરલ રાજેશભાઈ સોલાણી, ૮-૭-૧૯૮૩, ૫'-૧૦''<br>B.E., (Ele.) – સર્વિસ (Infosys Tech. Business Analyst) | શ્રી મચ્છુ.વી.શ્રી. સ્થા.જૈન<br>મોરબી – ઘાટકોપર (વેસ્ટ) | (ઘર) ૬૫૦૦૨૪૪૧<br>(મો) ૯૯૮૭૪૮૪૪૦૩ |
| ૧૬) | હેમલ જયંતભાઈ લાઠિયા, ૨૨-૯-૧૯૮૪, ૬'-૦''<br>B.E. (I.T.)–સર્વિસ (L & T - Assi. Manager) M:9820050993 | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>જૂનાગઢ – દહિસર | (ઘર) ૬૫૨૩૧૦૩૧<br>૬૫૩૪૧૮૮૮ |

| | | | |
|---|---|---|---|
| ૧૭) | મિતેષ બિપીનભાઈ મહેતા, ૨૨-૨-૧૯૭૮, ૫'-૯''<br>C.A., – સર્વિસ (M. F. Globle Insti. Sales) | ઘોઘારી વી. શ્રી દેરા. જૈન<br>ચિતલ – બોરીવલી (વેસ્ટ) | (ઘર) ૨૮૦૬૨૯૯૦<br>(મો) ૯૩૨૧૪૮૬૮૮૦ |
| ૧૮) | અમિત નરેશભાઈ શાહ, ૧૦-૧૧-૧૯૮૧, ૫'-૭''<br>B.Com., – ડાયમંડમાં સર્વિસ | વી. ઓસ.દેરા. મૂ. પૂ. જૈન<br>પાલનપુર – બોરીવલી (વે) | (મો) ૦૯૩૨૦૮૭૪૯૧૧<br>૦૯૦૨૯૫૫૦૨૫૩ |
| ૧૯) | સમીર નીતિનભાઈ દોશી, ૧૪-૩-૧૯૮૩, ૫'-૮''<br>B.E. (Civil), M.Tech. – (મંગળ છે) | દશા શ્રીમાળી દેરા. જૈન<br>રાજકોટ – બરોડા | (ઘર) ૨૫૬૧૨૭૪<br>(ઑ) ૨૨૩૨૭૦૨ |
| ૨૦) | વરુણ ગિરીશકુમાર ગાંધી, ૨૪-૪-૧૯૮૫, ૫'-૬''<br>B.Com., – સર્વિસ | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>ભાવનગર – ભાવનગર | (મો) ૯૪૨૬૪૫૪૧૦૨<br>— |
| ૨૧) | સિદ્ધાર્થ કમલેશભાઈ શાહ, ૧૮-૧૨-૧૯૮૫, ૫'-૫''<br>S.S.C., – બિઝનેસ | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>દુધઈ – રાજકોટ | (ઘર) ૦૨૮૧-૨૫૬૩૧૯૩<br>(મો) ૯૪૨૮૪૬૫૯૭૭ |
| ૨૨) | ઉમંગ કિશોરભાઈ કોઠારી, ૮-૫-૧૯૮૫, ૫'-૭''<br>B.Com., – બિઝનેસ | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>નવાગામ – રાજકોટ | (મો) ૯૯૨૫૩૭૨૧૯૨<br>૯૨૭૭૬૦૧૭૬૦ |
| ૨૩) | જિજ્ઞેશ કિશોરભાઈ લાઠિયા, ૧૯-૩-૧૯૭૪, ૫'-૫''<br>B.Com., D.C.S., – સર્વિસ (પ્રોફેશનલ એકાઉન્ટન્ટ) | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>જેતપુર – રાજકોટ | (ઘર) ૦૨૮૧-૨૩૧૧૦૯૮<br>(મો) ૦૯૦૬૭૨૬૮૯૪૭ |
| ૨૪) | રાજન કિરીટકુમાર મહેતા ૭-૪-૧૯૮૫ ૫'-૧૦''<br>H.S.C., – પ્રિન્ટિંગનો બિઝનેસ (મંગળ છે) સગપણ મૂકેલ છે | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>વરાડિયા – ઘાટકોપર | (ઘર) ૨૧૦૨૩૭૭૪<br>(મો) ૯૮૨૧૪૪૨૮૫૦ |
| ૨૫) | મિતુલ ભુપતરાય ઠોસાણી ૧૬-૧-૧૯૭૯ ૫'-૮''<br>B.E. Mechanical – સર્વિસ (શનિ છે) | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>સાવરકુંડલા – મલાડ | (ઘર) ૨૮૮૩૦૮૨૭<br>(મો) ૯૮૧૯૭૦૭૪૯૪ |
| ૨૬) | હેમલ અશોકભાઈ અજમેરા, ૧૬-૨-૧૯૮૪, ૫'-૧૦''<br>B.Com., – બિઝનેસ | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>જૂનાગઢ – જૂનાગઢ | (ઘર) ૦૨૮૧-૨૪૫૪૧૩૭<br>(મો) ૯૯૨૫૪૦૯૪૭૫ |
| ૨૭) | નયન દિલીપભાઈ મહેતા, ૬-૬-૧૯૭૯, ૬'-૦''<br>M.Com., – સર્વિસ – ITમાં મૅનેજર | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>રાજકોટ – ડોંબિવલી | (ઘર) ૦૨૫૧-૨૮૮૫૯૨૮<br>(મો) ૯૩૨૨૩૩૧૬૭૬ |
| ૨૮) | હેમંત યશવંતરાય શેઠ, ૨૨-૫-૧૯૬૯, ૫'-૫''<br>B.Com., – બિઝનેસ (Divorcee - No Child) | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>મોટી પાનેલી – મલાડ | (ઘર) ૨૮૦૭૯૩૭૧<br>(ઑ) ૨૨૬૯૧૭૭૧ |
| ૧) | આશિષ ભૂપેન્દ્રભાઈ શાહ, ૧૪-૨-૧૯૭૮, ૫'-૯''<br>B.Com., – બિઝનેસ (મો.: ૯૮૧૯૭૭૭૭૪૭) | ઝાલાવાડી દેરાવાસી જૈન<br>ધ્રાંગધ્રા – અંધેરી | (ઘર) ૬૫૨૧૮૭૭૪<br>(ઑ) ૬૫૨૧૮૭૭૬ |
| ૨) | ભૌતિક જિતેન્દ્રકુમાર નાવડિયા, ૨૬-૪-૧૯૮૧, ૫'-૩''<br>S.Y.B.Com., – બિઝનેસ | નવગામ ભાવસાર<br>ભાવનગર – સાંતાક્રુઝ | (ઘર) ૨૬૦૪૮૭૨૦<br>(મો) ૯૮૧૯૦૦૮૦૪૬ |
| ૩) | હિમાન્શુ નવીનચંદ્ર શાહ, ૫-૬-૧૯૭૩, ૫'-૬''<br>S.Y.J.C., – સર્વિસ (મંગળ છે) | દેરાવાસી જૈન<br>વડનગર – વિલે પાર્લે | (મો) ૯૮૩૩૩૯૫૬૦૪<br>— |
| ૫) | મોહિલ સુરેશભાઈ સંઘવી, ૧૪-૯-૧૯૮૫, ૫'-૧૧''<br>M.B.A. (PGDBM) NMIMS Distance Learning – બિઝનેસ | હાલાર વી. શ્રી. સ્થા. જૈન<br>હાલ કાંદિવલી | (મો) ૯૭૭૩૨૧૦૪૩૨<br>૯૮૭૦૭૦૭૨૩૭ |

# EDUCATION DONATION LIST- 2011

**JJC - AMRUTNAGAR**

| | |
|---|---|
| Navneet J. Zatakia | 11000 |
| Ramesh N. Mehta | 11000 |
| Matushree Shantiben Lalji Khetsi Shah | 11000 |
| Lakhamsi K. Gala | 5000 |
| Nirmalaben J. Vora | 5000 |
| Wellwisher | 5000 |
| Wellwisher | 5000 |
| Ramaniklal Harilal Shah | 5000 |
| Ashok M. Mehtalia | 3000 |
| Ramesh M. Mehtalia | 3000 |
| Vimalkant G. Shah | 2000 |
| Ajay K. Mehta | 2000 |
| Jayesh C. Sheth | 2000 |
| Parind K. Mehta | 2000 |
| Bhupesh R. Trivedi | 2000 |
| Gunvantrai V. Parekh | 1500 |
| Dhiren C. Kothari | 1100 |
| Shivji K. Gala | 1000 |
| Ambica Trading Co. | 1000 |
| Rajesh M. Shah | 1000 |
| Ankit R. Mehta | 1000 |
| Chunilal M. Gada | 1000 |
| Kirti H. Gada | 1000 |
| Anil S. Bavisi | 1000 |
| Ramesh Ratilal Shah | 1000 |
| Shailesh F. Shah | 1000 |
| Mona Plastics (Himanshu) | 1000 |
| Vipul D. Mehta | 1000 |
| Mahesh Bhawanji Maru | 11000 |
| Western Metaflux Pvt. Ltd. | 11000 |
| Jini Nimi Design Studio P. Ltd. | 11000 |
| Vinodbhai Gada | 11000 |
| Perochem Carries | 9000 |
| Shanti Ply-n-wood (Shantilal M. Gala) | 8000 |
| Keshar (Damji Bhimsi Shah) | 7500 |
| Magic Mirror (Mehulbhai Mewawala) | 7500 |
| Mahavir Arts (Ashwin M. Parekh) | 5000 |
| Arihant Enterprises (Virendra H. Mehta) | 5000 |
| VRG Arihant Plast Pvt. Ltd. (Viral R. Gandhi) | 5000 |
| Universal Engineering Corporation (Mahesh Vaishnav) | 5001 |
| Ipcon Associates | 5000 |
| Matushree Pushpaben Bhupatlal Bavisi (Yogeshbhai Bavisi) | 5000 |
| Piyush Navinchandra Mody | 3000 |
| Jolly Printers (Mehul B. Vora) | 3000 |
| Shree Gajanan Transport Services (Abhay Shah ) | 3000 |
| Mehta Mohanlal V. | 2500 |
| Kaushal B. Hemani | 2500 |
| Mepsi K. Chheda | 2500 |
| Bharat Vasantlal Shah | 2500 |
| Nut Bolt Centre (Rajesh Thakker) | 2500 |
| Vishal H. Shah & Assoicates | 2000 |
| Shailesh Ratilal Vora | 1500 |
| Super Cast Trading Co. (Chandrakant Nagria) | 1500 |
| D. D. Jhatakia | 1501 |
| Shah Manubhai Amrutlal | 1500 |
| Dilip Mulji Savai | 1500 |
| Khorshed K. Kotwal | 1001 |
| Biren S. Desai | 1000 |
| Bombay Packing Service (Anil G. Doshi) | 40000 |
| Packing House (Hiren Anilkumar Doshi) | 5000 |
| Bhalani Biomedicals Pvt. Ltd. (Shashikant Bhalani) | 21000 |
| Neo Furnishing | 2500 |
| Doshi Textile | 2500 |
| Shree Adinath Construction Equipment (Joballa K. M.) | 2500 |
| Kunal Narendra Bhanshali | 2502 |
| Indira Maheshkumar Shah | 2000 |
| Ballroll Corporation (Kiran S. Shah) | 1500 |
| Luna Traders (Arvind C. Shah) | 11000 |
| Vansh Corporation (Pravin C. Desai) | 5500 |
| Lalji A. Shah | 2000 |
| Vijay Mansukhlal Goda | 1000 |
| Chandrika Kishor Gosalia | 1501 |
| Mitesh Rajesh Shah | 2500 |
| Chhotalal Ratanji Shah | 1000 |
| Madhukanta Chhotalal Shah | 1000 |
| Jatin Chhotalal Shah | 1000 |
| Sachindra Chhotalal Shah | 1000 |
| Arti Anil Mehta | 1000 |
| Tejas Ashok Shah | 1001 |
| Satish Trading Co. (S. S. Shah) | 1000 |
| Hirachand Keshavji Vasani Charitable Trust | 11000 |
| Mehul Shahshikant Shah | 3000 |
| Charudatt Amratlal Shah | 1000 |
| Abhay Corporation | 1000 |
| Rakesh Mansukhlal Shah | 2101 |
| Gandhi Earthmovers (Mukesh Gandhi) | 5000 |
| Ashish C. Shah | 2500 |
| Bharat P. Maniar | 2500 |
| Umesh B. Nagda | 2000 |
| Upendra C. Shah | 1000 |
| Mahendra U. Khandhar | 2000 |
| Arvind K. Sanghvi | 1000 |
| Mulchand K. Sanghvi | 1000 |
| Mayaben B. Shah | 1100 |
| Jignesh J. Shah | 1500 |
| Virchand J. Chheda | 2000 |
| Sukhalal C. Doshi | 2000 |
| Suresh R. Sheth | 1000 |
| Nilesh S. Doshi | 2000 |
| Bipin A. Mehta | 2000 |
| Vishal R. Mody | 1000 |
| Sunil R. Shah | 11000 |
| Nilesh S. Doshi | 2000 |
| Nitin N. Shah | 5000 |
| Gangji Nandu | 1500 |
| Paresh C. Shah | 1500 |
| Sandip M. Dhruv | 1500 |

| | |
|---|---|
| Kalpesh Salot | 3000 |
| Nilesh P. Shah | 1000 |
| Dinesh P. Shah | 1000 |
| Jayendra Makati | 1000 |
| Harshad P. Vora | 1000 |
| Ashok K. Shah | 1000 |
| Sandip M. Kothari | 1500 |
| Rohit M. Savla | 2000 |
| Bharat H. Shah | 1000 |
| Muliben F. Vora | 1000 |
| Bhogilal C. Doshi | 3000 |
| Nanuben C. Doshi | 2000 |
| Parag D. Shah | 5000 |
| Mahipatlal M. Doshi | 1000 |
| Bhupendra Kothari | 1000 |
| Rushabh H. Shah | 1000 |
| Vinay J. Patel | 1500 |
| Jaideep R. Patel | 1000 |
| Jaydeep R. Shah | 1000 |
| Dolly Printers (Vinod Vora) | 1500 |
| Navinchandra P. Doshi | 2000 |
| Prashant R. Parikh | 1000 |
| Veerprabhu Export House | 11000 |
| Nirmal A. Doshi | 5000 |
| Bhagwatgi Foundation (Pravinbhai C. Sanghavi) | 5000 |
| Hiren A. Sanghvi | 5000 |
| Forge Cast Alloy p.Ltd. (Harish K. Pooj) | 5000 |
| Ashok Manubhai Nagaria | 3000 |
| Suketu Ramniklal Gandhi | 2000 |
| Chirag Narendra Shah | 2000 |
| Sapna Optics-Shailesh Bajria | 2000 |
| Elegant Stationers-Vipul Desai | 1500 |
| Dipen Brothers | 1500 |
| Alpa Dilawar Naikwadi | 1212 |
| Prakash H. Shah | 1000 |
| Nilay Shashikant Mehta | 1000 |
| Bhavesh Nagindas Pithadia | 1001 |
| Nilesh Shantilal Shah | 1000 |
| Jayesh P. Vakil | 1001 |
| Vinit Mahdrndra Nandola | 1000 |
| Pritamal Vrajlal Shah | 1000 |
| Nayna Dinesh Doshi | 3500 |
| Pushpaben B. Bavishi | 6000 |
| Chetan C. Shah | 5000 |
| Riddhi Enterprise | 3000 |
| Amritlal Laljibhai Pokar | 1000 |
| Nitin K. Mehta | 5000 |
| Swastik Traders - Deepak Lathia | 5000 |
| Chetan P. Patel | 5000 |
| Govind Jaju | 5000 |
| Shivji K. Gala | 4000 |
| Sujeet Jain | 2000 |
| Girish Barbhaya | 1000 |
| Vadilal S. Vora | 1000 |
| Bharat J. Joshi | 1000 |
| Jayshree B. Chitalia | 1000 |
| Kaushik Kothari | 1000 |
| Active Steels | 5000 |
| Dharmendra Shah | 5000 |
| Madhu N. Deliwala | 5000 |
| N. K. Enterprise (Bhavesh R. Bharwada) | 2000 |
| Vaishnavee Garment Processor (Hitesh K. Shah) | 2000 |
| Shree Swamy Samarth Co.op. Credit Soc. Ltd. | 1500 |
| Ankur Ashwin Khandhar | 1500 |
| Shree Padmavati Telecom & Travels | 1000 |
| Nirmal Dilip Gandhi | 1000 |
| R. N. Doshi | 1000 |
| Dhaval M. Shah | 1000 |
| Star Enterprise (Nikhil Ratilal Shah) | 1000 |
| Ashwin Dharmadas Shah | 1000 |
| Rushabh J. Doshi | 5000 |
| Amrish A. Gala | 2500 |
| Virendra B. Turakhia | 1500 |
| Bharat J. Bhatt | 1000 |
| Hemant C. Dave | 1000 |
| Charu Shashikant Mehta | 1000 |
| Padmesh K. Mehta | 1000 |
| Vinod B. Chothani | 1000 |
| R. K. Agencies (Ashok Rasiklal Shah) | 5000 |
| P. D. Mehta | 5000 |
| S. B. Mody | 5000 |
| Bhavik Enterprise | 2100 |
| Navkar Plasto Pack (Dhiren Vora) | 2000 |
| H. R. Lodaria | 1000 |
| Hirji Chheda | 1000 |

**JJC - BEACHSIDE**

| | |
|---|---|
| Javahar V. Shah (Maniar Impex) | 2000 |
| Haresh R. Gudhka | 51000 |
| Hasmukh Visaria | 5555 |
| Prashant Gala | 5000 |
| Dharmesh Shah | 5000 |
| Viral Shah | 5000 |
| Kirit Udani | 5000 |
| Harshad Textile | 3000 |
| Devang Juthani | 3000 |
| R. V. Shah | 2501 |
| Rajesh Dulh | 2501 |
| Ashvin Nanechanic | 2501 |
| Shreyas Shah | 2501 |
| Mahendra Mehta | 2501 |
| Kiritbhai Chitalia | 2500 |
| Hasmukhbhai Sheth | 2500 |
| Dhaval Shah | 2100 |
| F. G. Jain | 2000 |
| Surendra Mehta | 2000 |
| Haresh Mehta | 2000 |
| (DB-19) | 2000 |
| Jigar Doshi | 2000 |
| Paresh Doshi | 2000 |
| Parekh | 2000 |
| Prakash Chheda | 1500 |
| Pankaj Dedhia | 1500 |
| Beena Doshi | 1500 |
| Chetan Timbadia | 1500 |
| Deepak Sanghvi | 1500 |
| Devendra Shah | 1100 |
| R. V. Shah | 1000 |
| Dinesh Doshi | 1000 |
| Shantilal M. Chheda | 1000 |
| Sudhir Shah | 1000 |
| Atul Parmar | 1000 |
| Rohit Shah | 1000 |

| | |
|---|---|
| Bhavesh Shah | 1000 |
| Asit Desai | 1000 |
| Tushar Shah | 1000 |
| Narendra Vora | 1000 |
| Narendra Doshi | 1000 |
| Bipinchandra Shah | 1000 |
| Anil Shrimankar | 1000 |
| Bhavana P. Rambhia | 1000 |
| Jayant Pandya | 1000 |
| Harshad Semchala | 1000 |
| Mohan Jain | 1000 |
| Manu Mehta | 1000 |
| Suresh Doshi | 1000 |
| Pallni P. Parekh | 1000 |
| Mahendra Bhawant | 1000 |
| Ashit Vasa | 1000 |
| Mahesh Shah | 1000 |
| Alpa Bhavsar | 1000 |
| - | 1000 |
| Kishor Rathod | 500 |
| - | 500 |
| Mahendra Jain | 500 |
| Bhagwati Kachhanr | 500 |
| Prital Shah | 500 |
| Vinod Shah | 500 |
| Turakhia Opticians | 11000 |
| Mukesh Shah | 11000 |
| Nimish A. Khakhar | 10000 |
| Jayesh Shah | 5000 |
| Vandana K. Sanghavi | 5500 |
| Kirit T. Sanghavi | 5500 |
| Tushar D. Udani | 3000 |
| Pankaj Gopani | 2000 |
| Ketan P. Shah | 2000 |
| Paresh S. Shah | 2000 |
| Suresh H. Mehta | 2000 |
| Varsha Shah | 1500 |
| Navin L. Chheda | 1500 |
| Bharat J. Kapadia | 1000 |
| Bhavinbhai K. Shah | 1000 |
| Mayuri K. Shah | 1000 |
| Viren Vasa | 1000 |
| Ketan Modi | 1000 |

| | |
|---|---|
| Satish Shah | 5000 |
| Ramila D. Dedhia | 15000 |
| J.K. International Traders | 5000 |
| Sudhir Natwarlal Ghia | 1111 |
| Goldmine Project Consultants Pvt. Ltd | 25101 |
| Vipul Rasiklal Shah | 2000 |
| Hitesh Amulakhbhai Shah | 1100 |
| Vin Mart Hardware Pvt. Ltd. (Harish Savla) | 11000 |
| Deepak Maganlal Damani (HUF) Deepak Damani | 500 |
| Dr. S. R. Kakkad | 1000 |
| Viresh Pravin Shah | 5000 |
| Vimal Vora | 5000 |
| Kamini Jayesh Shah | 2500 |
| Akshit Diamonds | 25000 |
| Dharam Impex | 25000 |
| Shine Star | 25000 |
| Marsh Gems | 25000 |
| Kalash Enterprises | 25000 |
| Arihant Exports | 25000 |
| Jitendra Bheda | 1000 |
| Mukesh Shah | 1100 |
| Nilesh Chawla | 1000 |
| Nimesh Shah | 1500 |
| Deepak Hemani | 5000 |
| Mukesh Vora | 2500 |
| Mona Doshi | 5000 |
| Ketan Doshi | 5000 |
| Dhruv Doshi | 1120 |
| Shailesh Mehta | 1000 |
| Dinesh Sanghvi | 1000 |
| Jay Jariwala | 1000 |
| Vikas Shah | 5000 |
| U. N. Shah | 500 |
| Manish Jhaveri | 1000 |
| Biren Gandhi | 1000 |
| Kishor Galaiya | 5000 |
| Pankaj Shah | 2500 |
| Ravi Raja | 1001 |
| Samit Sheth | 25000 |
| Niraj Shah | 1500 |

| | |
|---|---|
| Rajnibhai | 3501 |
| Niranjan Doshi | 5000 |
| Chetan Vakharia | 2000 |
| Organic Coating Ltd. | 21000 |
| Yashesh Vora | 1000 |
| Vijay Shah | 2500 |
| Shailesh Gala | 5000 |
| S. Gala | 5000 |
| D. Gala | 5000 |
| Darshna Shah | 1000 |
| Nakul Shah | 1000 |
| Bhavna Gala | 5000 |
| Dr. Bhavi Gala | 5000 |
| Sharad Shah | 1000 |
| Premal Choksi | 5000 |
| Payal Choksi | 5000 |
| Shreyas Sutaria | 1001 |
| Ashit Shah | 1000 |
| Saroj K. Nanda | 5000 |
| Nehal Shah | 4000 |
| Jayshree Shah | 3000 |
| Niyati Shah | 3000 |
| D. B. Gala | 3000 |
| M. S. Gala | 3000 |
| Shailesh D. Shah | 150000 |
| Dhirubhai M. Khakhar Waferwala Pub.Ch.Trust | 11000 |
| Nilesh Shah | 1000 |
| - | 3500 |
| Keyur | 2500 |
| Jitendra Vora | 1000 |
| Alpesh | 1000 |
| Rajendra Vora | 2000 |
| Tejas Maru | 5000 |
| Hetan Shah | 5555 |
| Vijay Mamriya | 5000 |
| Well Wishers | 5000 |
| Jitendra N. Shah | 5000 |
| Rajesh Shah | 2500 |
| Sanjay V. Chudgar | 2000 |
| Ashish M. Doshi | 5000 |
| Chetan C. Shah | 2500 |
| Manish A. Mehta | 5000 |

॥ શ્રી મહાવીરાય નમઃ ॥

# જૈન જાગૃતિ સેન્ટર–અંકલેશ્વર

આયોજીત

## તૃતિય સમસ્ત જૈન અપરીણીત
## યુવક યુવતી પરિચય મેળો-૨૦૧૧

### તા. ૨૫.૦૯.૨૦૧૧ - રવિવાર

જય જિનેન્દ્ર,

હાલના યુગમાં જૈન સમાજમાં જો કોઈ વિકટ સમસ્યા હોય તો તે છે, દિકરા દિકરીના સગપણની સમસ્યા, અગાઉના સમયમાં આપણાં વડીલો દ્વારા જ આ સમસ્યાનો ઉકેલ મળી જતો હતો પરંતુ હાલના સમયમાં દરેક વડીલો આ સામાજીક વ્યવસ્થા થી વિમુખ થઈ રહયા છે. તેનું કારણ આપણાં સમાજના લોકોનો દેશ-વિદેશમાં વસવાટ થઈ રહયો છે. એક બીજાના સંપર્ક ઘટી રહયા છે. જેથી આ આધુનીક યુગમાં જૈન સમાજમાં સગપણની સમસ્યાના ઉકેલ માટે, જે.જે.સી. અંકલેશ્વર દ્વારા આ એક પ્રયાસ કરવામાં આવી રહયો છે. સદર કાર્યમાં ગત બે વર્ષમાં ખુબ સારી સફળતા મળી છે. યુવક-યુવતી ના સગપણ નો ખુબ સારો પ્રતિસાદ મળ્યો છે.

દરેક જૈન ભાઈઓને અમારી નમ્ર અપિલ છે કે આપના સગા સંબંધી, મિત્રવર્ગ અને સમાજના દરેક અપરીણિત યુવક-યુવતીને સદર મેળામાં જોડાવવા પ્રયાસ કરશોજી....

| કાર્યક્રમ | ફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ | પત્રવ્યવહારનું સરનામું |
|---|---|---|
| તા. ૨૫/૯/૨૦૧૧ રવિવાર<br>સમય સવારે ૮:૦૦ કલાકે | તા.૧/૯/૨૦૧૧, ગુરૂવાર | એફ-૧૫, રોયલ કોમ્પલેક્ષ,<br>વાલીયા ચોકડી, અંકલેશ્વર-૩૯૩ ૦૦૨, |

### સ્પેશ્યલ બાયોડેટા

પરિચય પુસ્તકામાં છપાતા મુજબ બાયોડેટા તો આવશે જ પરંતુ આ બાયોડેટા શરૂઆતના પેજમાં સ્પેશ્યલ બાયોડેટા તરીકે અલગથી આપવામાં આવશે.

- **સીલ્વર બાયોડેટા :** ક્વાટર પેજમાં ફોરકલરમાં :- ચાર્જ રૂા. ૧૫૦૦/-
- **ગોલ્ડન બાયોડેટા :** હાફ પેજમાં ફોરકલરમાં :- ચાર્જ રૂા. ૨૫૦૦/-
- **ડાયમંડ બાયોડેટા :** ફુલ પેજમાં ફોરકલરમાં :- ચાર્જ રૂા. ૪૫૦૦/-

નોંધ : ઉપરોકત ચાર્જમાં એન્ટ્રી ફી નો સમાવેશ થયેલ નથી.

### યુવતી ઉમેદવાર

| | |
|---|---|
| ઉમેદવારની એન્ટ્રી ફી ▸ બ્રેકફાસ્ટ ▸ લંચ ▸ હાઈ ટી | મફત |
| વાલીની એન્ટ્રી ફી ▸ બ્રેકફાસ્ટ ▸ લંચ ▸ હાઈ ટી | રૂા. ૧૫૦/- |
| પરિચય પુસ્તિકા | રૂા. ૨૦૦/- |

યુવતી ઉમેદવાર સ્ટેજ પર આવી પોતાનો પરિચય આપશે તો રૂા. ૧૫૦/- રીફંડ આપવામાં આવશે

### યુવક ઉમેદવાર

| | |
|---|---|
| ઉમેદવારની એન્ટ્રી ફી ▸ બ્રેકફાસ્ટ ▸ લંચ ▸ હાઈ ટી | રૂા. ૧૫૦/- |
| વાલીની એન્ટ્રી ફી ▸ બ્રેકફાસ્ટ ▸ લંચ ▸ હાઈ ટી | રૂા. ૧૫૦/- |
| પરિચય પુસ્તિકા | રૂા. ૨૦૦/- |

યુવક-યુવતીના એકસ્ટ્રા મહેમાન એન્ટ્રી ફી રૂા. ૨૦૦/-
▸ બ્રેકફાસ્ટ ▸ લંચ ▸ હાઈ ટી
ફોયર બોકસ, હોલની બહાર એલ.સી.ડી. સામે બેસવાનું રહેશે

ઓનલાઈન

યુવામેળાના ફોર્મ મેળવવા માટે :
www.jainjagruti.com પર થી ફોર્મ ડાઉનલોડ કરી મેળવી શકો છો.

ફોર્મ મોકલવા માટે : jjc.ankleshwar2011@gmail.com માં મોકલી શકશો.
પેમેન્ટ મોકલવા માટે : જૈન જાગૃતિ સેન્ટરના નામે ચેક અથવા ડી.ડી.
ખાતા નંબર : 3901000101117936 પંજાબ નેશનલ બેંક-અંકલેશ્વર, જમા કરાવી શકશો.
નોંધ : ફોર્મની સાથે ચેકની ઝેરોક્ષ મોકલાવવી જરૂરી છે.

નિયમો :-

- એન્ટ્રી ફીના નાણા રોકડા, એટપાર અંકલેશ્વરનો ચેક અથવા ડીડી થી જૈન જાગૃતિ સેન્ટરના નામે મોકલવો. (ડી.ઓ.બેંક કે લોકલ બેંકનાં ચેક લેવામાં આવશે નહી)
- યુવા મેળામાં સ્વખર્ચે આવવા જવાનું રહેશે.
- ફોર્મની સાથે એક કલર ફોટો મોકલવાનો રહેશે. ફોટા વગર ફોર્મ સ્વીકારવામાં આવશે નહી.
- કોઈપણ સંજોગે પ્રવેશ ફી નાં નાણા પરત મળશે નહી.
- યુવા મેળાની તારીખમાં ફેરફાર તથા અન્ય ફેરફારનો જૈન જાગૃતિ સેન્ટર અંકલેશ્વર નો હક અબાધીત છે.
- જરૂરીયાત મુજબ ફોર્મની ઝેરોક્ષ કરી ફોર્મ ભરી મોકલી શકશો.

પરિચય પુસ્તિકામાં આપના વેપાર-ધંધાની જાહેરાત માટે
ફુલ પેઈજ રૂા.૪૫૦૦/-
હાફ પેઈજ રૂા. ૨૫૦૦/-
ક્વાટર પેઈજ રૂા. ૧૫૦૦/-

**વધુ માહીતી અને ફોર્મ મેળવવા સમ્પર્ક**

**દિલીપભાઈ - ૯૪૦૮૧ ૭૭૫૭૦ | ધીરેનભાઈ - ૯૪૨૭૧ ૫૭૯૫૧**

॥ શ્રી મહાવીરાય નમઃ ॥

# જૈન જાગૃતિ સેન્ટર-અંકલેશ્વર

આયોજીત

## તૃતિય સમસ્ત જૈન અપરીણીત યુવક યુવતી પરિચય મેળો-૨૦૧૧

### તા. ૨૫.૦૯.૨૦૧૧ - રવિવાર

**ફોર્મ નં.(ઓફીસ માટે) :** ☐ યુવક ☐ યુવતી

ઉમેદવારનો પાસપોર્ટ સાઈઝનો ૧ ફોટોગ્રાફ ફોર્મમાં ચોટાડી સાથે જ મોકલવો.

ફોટા ઉપર સ્ટેપલર પીન મારવી નહી

**ઉમેદવારનું પુરૂ નામ** ..............................

પિતાનું નામ ..............................

સરનામું ..............................

..............................

..............................

ફોન (ઘર) :.................. ફોન (ઓ) :.................. મો :..................

પુછપરછ માટે ફોન: .................. E-mail ..................

જન્મ તારીખ: .................. ઉંચાઈ : .................. વજન: ..................

અભ્યાસ (ડીગ્રી) ..............................

ઉમેદવારનો વ્યવસાય :.................. વાલીનો વ્યવસાય :..................

જ્ઞાતિ : .................. **ધર્મ :** ☐ સ્થાનકવાસી ☐ મૂર્તિપૂજક ☐ તેરાપંથી ☐ દિગંબર

**ભાઈ :** પરિણિત..................અપરિણિત .................. **બહેન :** પરિણિત .................. અપરિણિત ..................

મુળવતન .................. મોસાળનું ગામ : ..................

ગ્રહ દોષ : .................. ચશ્મા / લેન્સ : ..................

શારીરીક ખોડખાપણ ..............................

લગ્નમાટે કોઈ વિશેષ ગામની પસંદગી છે..............................

**ગૌત્ર** : પોતે ..................મામા .................. કાકી .................. નાની..................

ઉમેદવારની વાર્ષિક આવક .................. જન્માક્ષરમા માન્યતા છે. ☐ હા ☐ ના..................

**લગ્ન સ્થિતી :** ☐ અપરિણિત ☐ વિધવા ☐ વિધુર ☐ છુટાછેડા ..................

વાલીની સહી : .................. ઉમેદવારની સહી :..................

**વધુ માહીતી અને ફોર્મ મેળવવા સમ્પર્ક**

**દિલીપભાઈ - ૯૪૦૮૧ ૭૭૫૭૦ | ધીરેનભાઈ - ૯૪૨૭૧ ૫૭૯૫૧**